Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૦૩
તા.૦૭-૦૨-૨૦૧૭, મંગળવાર
સંવત ૨૦૭૩ મહા સુદ - ૧૧
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૨૦ સૂર્યાસ્ત : ૦૬:૨૯

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૯ | વડોદરા | ૧૧.૩ |
| અમદાવાદ | ૧૦.૨ | સુરત | ૧૩.૮ |
| ગાંધીનગર | ૭ | નલિયા | ૬.૬ |

ચાંદી : ૪૧૫૦૦ સોનું : ૨૯૫૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭
જનસેવાની પરંપરાના ૩૧ વર્ષ...

# સહારાને ફટકો : એમ્બીવેલી પ્રોજેક્ટ જપ્ત કરવાનો આદેશ

## કોઈપણ પ્રકારનું દેવુ ન હોય તેવી યાદી સોંપવા સુપ્રિમનો આદેશ : કુલ ૧૪૭૯૯ કરોડ રૂપિયાની વસુલી માટે સુપ્રિમે સ્પષ્ટ આદેશ જારી કર્યો એમ્બી વેલી પ્રોજેક્ટ સુપ્રિમની દેખરેખમાં રહેશે : ૨૭મીએ વધુ સુનાવણી

નવી દિલ્હી

સહારાને આજે ખુબ મોટો ફટકો પડ્યો હતો. સુપ્રિમ કોર્ટે આજે સહારા ચીટ ફંડ મામલાની સુનાવણી ચલાવતી વેળા કેટલાક મહત્વપૂર્ણ આદેશો જારી કર્યા હતા. જેના ભાગરૂપે મુંબઈ સ્થિત એમ્બી વેલી ટાઉનશીલ પ્રોજેક્ટને જપ્ત કરવા માટેનો આદેશ જારી કરી દીધો હતો. આ સુપ્રિમ કોર્ટના આદેશને ખુબ જ મહત્વપૂર્ણ આદેશ તરીકે ગણવામાં આવે છે. આના કારણે સહારાને ખુબ મોટો ફટકો પડી શકે છે. સહારાના વડા પહેલાથી જ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. સુબ્રતા રોયની તકલીફ દિન પ્રતિદિન વધી રહી છે. આજના ચુકાદાથી વધુ એક મુશ્કેલી તેમની સામે આવી ગઈ છે. કોર્ટે સહારા ગ્રુપથી કહ્યું છે કે તે પોતાની એવી સંપત્તિઓની યાદી સોંપી દે જેના પર કોઈપણ પ્રકારનું દેવું નથી. સુપ્રિમ કોર્ટે કહ્યું છે કે આ સંપત્તિઓની હરાજી કરીને લોકોના પૈસાની વસુલી કરવામાં આવશે. સાથે સાથે આ પૈસા પ્રજાને આપવામાં આવશે. કોર્ટે ૧૪૭૯૯ કરોડ રૂપિયાના બાકી નાણાંના મામલામાં સુનાવણી કરતી વેળા આ મુજબનો આદેશ કર્યો હતો. આનો મતલબ એ થયો કે સહારાના એમ્બી વેલી પ્રોજેક્ટ હવે સુપ્રિમ કોર્ટની બાજ નજરમાં રહેશે. સહારા ગ્રુપે બાકી રકમને જુલાઈ ૨૦૧૯ સુધી ચુકવી દેવાની વાત કરી છે પરંતુ જસ્ટીસ દિપક મિશ્રાના નેતૃત્વમાં બેચે ઝડપી રિકવરી માટે એમ્બી વેલી પ્રોજેક્ટને જપ્ત કરવા માટેનો આદેશ જારી કરી દીધો છે. અલબત્ત ગ્રુપના લીડર સુબ્રતા રોય સંપત્તિઓની યાદી સોંપવામાં આવે ત્યાં સુધી પેરોલ ઉપર જેલની બહાર રહેશે.

## વિચાર વૈભવ...

### તોફાન

ગતાંકથી ચાલુ

પાદરીને એ જોઈને ખૂબ નવાઈ લાગી. પાદરી હોવા છતાં પોતે પણ ધ્રાસકો અનુભવી રહ્યા હતા. જ્યારે આ તો એક નાનકડી છોકરી હતી.મોટા મોટાની હિંમત જવાબ આપી ગઈ હતી ત્યારે આ છોકરીની હિંમત અને શાંતિ દાદ માગી લે એવી હતી.

એકાદ કલાક સુધી આવી ભયંકર પરિસ્થિતિ ચાલ્યા પછી વિમાન હેમખેમ તોફાનમાંથી બહાર નીકળી ગયું. નજીકના એરપોર્ટ પર બધાની ધારણાથી વિરુદ્ધ વિમાને સંપૂર્ણ સલામત રીતે ઉતરાણ કર્યું. વિમાન ઊભું રહ્યું એ પછી જલદીથી એમાંથી બહાર જવા માટે બધા પેસેન્જર્સ રીતસર દોડવા માંડ્યા હતા, પરંતુ પેલી છોકરી હજુ પણ પોતાની જગ્યા પર શાંતિથી બેઠી બેઠી વાંચી રહી હતી.

પાદરી એની પાસે ગયા. તોફાન અંગે અને એ વખતે થયેલી વિમાનની દશા અંગે થોડીક વાત કર્યા પછી એમણે પૂછ્યું, 'બેટા! આટલું બધું થયું તો પણ તને જરા પણ ગભરાતા મેં નથી જોઈ. મોટા લોકો પણ રડવા માંડ્યા હતા એ વખતે તને કેમ જરાય બીક નહોતી લાગતી? એનું કારણ જાણી શકું ખરો?'

સ્વસ્થતાથી હસીને એ છોકરીએ પાદરીને કહ્યું, 'આ વિમાનના પાઈલટ મારા પપ્પા છે! અને આજે મારું વેકેશન પડી ગયું છે. એટલે એ મને ઘરે પાછા લઈ જઈ રહ્યા છે. એ વિમાન ચલાવી રહ્યા હોય પછી મને શું કામ બીક લાગે?'

બે- ચાર ક્ષણો પૂરતા પાદરી કશું બોલી ન શક્યા!

આપણા જીવનના વિમાનને ફંગોળતા, હચમચાવી નાખતા શારીરિક, માનસિક, આર્થિક, સામાજિક, કૌટુંબિક એમ કેટકેટલાં તોફાનો આવે જ છે ને? બધું અંધકારમય અને ડામાડોળ થઈ જાય એવા વખતે આપણામાંથી કેટલાનો પોતાના પાઈલટ પિતા પરનો વિશ્વાસ પેલી છોકરીની માફક ટકી રહે છે?

એ છોકરી જેટલી શ્રદ્ધા અને એવો જ વિશ્વાસ ઊભો કરીને આપણે પણ આપણી જાતને આવા દરેક તોફાન વખતે આશ્વાસન આપવું જોઈએ કે, 'ગભરાવાની કોઈ જ જરૂર નથી! કારણ કે પૂરેપૂરો કંટ્રોલ આપણા પિતા પાસે જ છે! અને એ જ આપણને ઘરે પાછા લઈ જઈ રહ્યા છે!'

- ડૉ.આઈ.કે.વીજળીવાળા

## સાર સમાચાર...

### ધાનેરાના માલોત્રા ગામ પાસે યુવકે ટ્રેન નીચે પડતું મુકતા ચકચાર

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા તાલુકાના માલોત્રા ગામ નજીક આવેલી રેલ્વે ફાટકની પાસે થરાદના એક યુવકે કોઈ કારણોસર ટ્રેન નીચે પડતું મુકતા પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. થરાદ ખાતે રહેતો વણકર હકમાભાઈ હિરાભાઈ નામનો યુવકે સેન્ટીંગમાં મજુરી કરતો હતો. જે પોતાના ઘરે ગઈકાલે કામ પર જાઉ છું. એમ કહી થરાદથી નિકળ્યો હતો અને સાંજના સમયે માલોત્રા ગામ પાસેના રેલ્વે ફાટક નજીક ટ્રેન નીચે પડતું મુકતા તેનું મોત નીપજ્યું હતું. આ બાબતે ધાનેરા પોલીસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે. જો કે આ આત્મહત્યા છે કે તેની પાછળ અન્ય કારણ જવાબદાર છે. તેવી ચર્ચાઓ પણ થવા લાગી હતી.

## મોકેશ્વર મઠના વિવાદિત સાધ્વીના

# ફાયરીંગના વાયરલ થયેલા વિડીયો કેસમાં તપાસનો ધમધમાટ


સંજય જોષી

પાલનપુર

બનાસકાંઠાના મુક્તેશ્વર ધામના ચક્ચારી સાધ્વી કેસમાં વિવાદ વધતો જાય છે. અત્યાર સુધી સાધ્વી અને તેના સાગરીતો વિરૂધ્ધ કુલ પાઁચ ફરિયાદ બનાસકાંઠામા નોંધાઈ ચૂકી છે. જેમા ખાનગી ફાયરિંગ બની ઘટના સામે આવતા વડગામ પોલીસ તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે. સાધ્વીનો ઈતિહાસ વિવાદિત રહ્યો છે. ત્યારે, ગત પહેલી ડિસેમ્બરે મુક્તેશ્વર મઠમાં કીર્તિદાન ગઢવીનો ડાયરો યોજવામાં આવ્યો હતો. જેમાં સ્થાનિક લોકો સામે પ્રભાવ પાડવા હવામાં ફાયરિંગ કરાવ્યું હોવાનું સામે આવતા બનાસકાંઠા પોલીસ સક્રિય બની છે. અને ફાયરિંગ ની આ ઘટનાના વીડિયોને દસ્તાવેજી પુરાવો માની તપાસમાં લાગી છે. આમ, સાધ્વી કાયદાની ચુંગાલમાં આવ્યા બાદ તેની મુશ્કેલીઓમાં વધારો થઈ રહ્યો છે.

### સાધ્વીના બર્થ-ડે નો વિડિઓ વાયરલ



મુકતેશ્વર મઠના સાધ્વી જયશ્રીગિરીના નામે નિતનવા વિવાદ બહાર આવી રહ્યા છે. ફાયરીગના વાયરલ થયેલા વિડિઓ બાદ હવે સાધ્વીના બર્થ-ડે નો વિડિઓ વાયરલ થયો છે. આ વીડિયો મા સાધ્વી હાઈફાઈ પ્રોફાઈલ નજરે પડે છે. વાણી વિલાસ બાદ સાધ્વીના બર્થ-ડે ના નામે એક નવું નજરાણું બહાર આવ્યું છે. આમ, સાધ્વીના કારસ્તાન એક બાદ એક બહાર આવી રહ્યા છે. તે જોતા તેમની મુશ્કેલીઓનો અંત આવે તેમ જણાતું નથી.

### ખંડણી અને ધમકી કેસમાં ચિરાગ રાવલની ધરપકડ



મુકતેશ્વર મઠના સાધ્વી જયશ્રીગિરીના સાગરીત ચિરાગ રાવલની આજે ખંડણી અને ધમકી કેસમા પાલનપુર પશ્ચિમ પોલીસે ધરપકડ કરી હતી. શશિકાઁત જોશીની ફરિયાદમાં ચિરાગ રાવલની પૂછપરછ કરાશે. શશિકાઁત જોશીની ફરિયાદમાં ચાર થી વધુ આરોપીઓમાં ચીરાગ રાવલ -ધર્મેન્દ્ર રાઉલ -બાદલ રબારી -બાબુ ઉર્ફે કાલુ ની સંડોવણી હોવાની ફરિયાદમાં પોલિસ દ્વારા ૧૦ દિવસના રિમાન્ડ માંગશે તેવી શક્યતા વર્તાઈ રહી છે.

### સાધ્વીથી પીડિત પાલનપુરનો વેપારી પણ પોલીસના દ્વારે...!!!

મુક્તેશ્વર મઠના સાધ્વીની પરેશાનીઓ દૂર થવાનું નામ લેતી નથી. નિતનવા પીડિતો બહાર આવી રહ્યા છે. ત્યારે આજે પાલનપુરનો કાપડનો વેપારીએ પણ સાધ્વી સામે મોરચો માંડતા પોલિસ સ્ટેશનના દ્વાર ખખડાવ્યા છે

સાધ્વીના વ્યાજખોરી અને ધમકીનો ભોગ પાલનપુરનો એક કાપડનો વેપારી બન્યો પણ હોવાના અહેવાલ મળ્યા છે. સાધ્વીએ ધાકધમકી થી ઊંચું વ્યાજ વસુલ્યું હોવાનું બહાર આવ્યું છે. જેમાં મૂડી ચૂકવ્યા છતાં દર માસે ૨૫ હજારનો હપ્તો કર્યો હોવાનું તથા દોઢ વર્ષ સુધી ધાકધમકીથી હપ્તો વસુલ્યો હોવાનું પીડિત વેપારીએ જણાવ્યું હતું. દરમિયાન, વેપારીનું એકટીવા પણ પડાવી લઈ બળજબરી થી કોરા ચેક અને સ્ટેમ્પ પેપર પર સહી લીધી હોવાની કેફિયત વચ્ચે વેપારીએ દુકાન વેચવાનો વારો આવ્યો હોવાનું જણાવ્યું હતું. આખરે કે.ડી.પટેલ નામના વેપારીએ પૂર્વ પોલીસ મથકે ફરિયાદ કરી હોવાના અહેવાલ સાંપડ્યા છે. ત્યારે સાધ્વીની સામે બનાસકાંઠા જિલ્લામાં જ પોલિસ ફરિયાદોનો આંકડો અડધો ડઝનએ પહોંચતા ચકચાર મચી જવા પામી છે.

### સાધ્વીની વધુ એક ઓડીઓ વાયરલ

સાધ્વીની એક વધુ ઓડિયો કલીપ વાયરલ થઈ છે. જેમાં સાધ્વી જયશ્રીગિરીએ સાધુ સમાજની બધી મર્યાદાઓ વટાવી કર્યો અપશબ્દોનો વાણી વિલાસ કર્યો હોવાનું બહાર આવ્યું છે. નાણાં વ્યાજે લઈ મુસીબત વ્હોરનાર રાકેશ અંબાલાલ ચૌહાણ નામનો પીડિત ધાક ધમકીથી પાલનપુર છોડી સુરત સ્થાયી થયો હતો. સાધ્વી દ્વારા અપશબ્દોનો વરસાદ વરસાવી ધાકધમકી આપવાના મામલે પીડિત રાકેશ અંબાલાલ ચૌહાણ પણ પોલીસ ફરિયાદ કરે તેવી શક્યતા વર્તાઈ રહી છે.

## જિલ્લામાં વિદાય લેતા શિયાળાની ઠંડીનો તીવ્ર ચમકારો

# ડીસામાં તાપમાનનો પારો પાંચ ડિગ્રી સુધી ઘટ્યો

### લઘુતમ તાપમાનમાં ઘટાડો થતાં ફરી એકવાર પ્રજાજનો ઠંડીમાં ઠુંઠવાયા

ભરત સુંદેશા





ડીસા

અરબી સમુદ્રમાં સર્જાયેલા અપર એર સરક્યુલેશનના પગલે શનિવારના દિવસે વાતાવરણમાં પલટો આવ્યો હતો. જેના પગલે રાજ્યમાં અનેક જગ્યાએ માવઠું થવા પામ્યું હતું. જ્યારે ઉત્તર ભારતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બનના પગલે પડી રહેલી ભારે હિમવર્ષાના કારણે ફરી એકવાર ઠંડીનો તીવ્ર ચમકારો વર્તાવવા લાગ્યો છે. ગઈકાલે ડીસાના તાપમાનમાં પાંચ ડિગ્રીના ઘટાડા સાથે ૯ ડીગ્રી તાપમાન નોંધ્યું હતું. શિયાળાની વિદાયની ઘડી ગણાઈ રહી છે. તેવા સમયે હવામાનમાં આવેલા પલટા બાદ ડીસા સહિત જિલ્લામાં તીવ્ર ઠંડીનો સામનો લોકોને કરવો પડી રહ્યો છે. અચાનક લઘુતમ તાપમાનનો પારો ગગડવાના પગલે સમગ્ર ગુજરાતમાં શીત લહેર પ્રસરી છે. જેમાં ખાસ કરીને સરહદી વિસ્તાર ગણાતા બનાસકાંઠા જિલ્લામાં ઠંડીનો તીવ્ર ચમકારો અનુભવાઈ રહ્યો છે. ઉત્તર પૂર્વીય પવનોનું પણ જોર વધતાં પશુ- પંખી સહિત માનવ જીવન ઉપર તેની અસર જોવા મળતા રાત્રિના સમયે ઠંડીમાં ઠુંઠવાયા હતા. એકબાજુ લગ્નોની સિઝન પુરબહારમાં ખીલી ઉઠી છે. તો બીજી તરફ વિદાય લેતી ઠંડી પણ તેનો અસલ મિજાજ બતાવતા લોકોને ઠંડીનો સામનો કરવો પડી રહ્યો છે. રાત્રિના સમયે પડતી ઝાકળના પગલે ઠંડીમાં વધારો થાય છે. કેટલીક જગ્યાએ રાત્રિના સમયે તીવ્ર ઠંડી હોવાથી હિમ પડવાની પણ ખેડુતોએ દહેશત વ્યક્ત કરી છે. વહેલી સવારે લોકોના હાથ અને પગ બળતા હોવાથી ઠેરઠેર તાપણાઓ કરવાની પણ નોબત આવી પડી છે.

### કોલ્ડ વેવની ચેતવણી જારી કરવામાં આવતા લોકો સાવધાન થયા

# ગુજરાત ફરી તીવ્ર ઠંડીના સકંજામાં આવ્યું : નલિયામાં પારો ૬.૬ થયો

### અમદાવાદ શહેરમાં પણ લઘુત્તમ તાપમાન એકાએક ઘટીને ૧૦.૨ : ડીસા, ગાંધીનગર, કચ્છ-માંડવી, નલિયા સહિતના ઘણા વિસ્તારોમાં લોકો ધ્રુજ્યા



અમદાવાદ

અમદાવાદ સહિત ગુજરાતભરમાં ફરી એકવાર કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. કોલ્ડવેવની ચેતવણી પણ જારી કરવામાં આવી છે. આજે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં પારો ખૂબ જ ગગડી ગયો હતો. અમદાવાદ શહેરમાં લઘુત્તમ તાપમાન ઘટીને ૧૦.૨ ડિગ્રી થઈ ગયું છે. જ્યારે પાટનગર ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન સાત ડિગ્રી થયું હતું. આવી જ રીતે ડીસામાં પારો ૯ ડિગ્રી સુધી નીચે રહ્યો હતો. નલિયામાં તો પારો એકદમ નીચે જઈને ૬.૬ સુધી રહ્યો હતો. કચ્છ-માંડવીમાં સાત ડિગ્રી તાપમાન રહ્યું હતું. આનો મતલબ એ થયો કે આજે ગુજરાત ઠંડુગાર રહ્યું હતું અને લઘુત્તમ તાપમાનમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો. કચ્છ પ્રદેશમાં કોલ્ડવેવની સ્થિતિ પ્રવર્તી રહી છે. હવામાન વિભાગ તરફથી પણ સૌરાષ્ટ્ર અને કચ્છમાં કોલ્ડવેવ માટેની ચેતવણી જારી કરવામાં આવી છે. જેથી લોકોને આગામી દિવસોમાં ફરીથી સાવધાન રહેવાની જરૂર પડશે. લોકો માની રહ્યા હતા કે ઠંડીની પૂર્ણાહુતિ થઈ ગઈ છે પરંતુ એકાએક તીવ્ર ઠંડીની વાપસી થઈ છે અને પારો રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ગગડી ગયો છે. લોકો ફરીવાર ગરમ વસ્ત્રો કાઢી ચુક્યા છે. દિવસ દરમિયાન લોકો ગરમ વસ્ત્રોમાં સજ્જ દેખાયા હતા. ઠંડા પવનોનો અનુભવ લોકોએ કર્યો હતો. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે કચ્છ ઉપર કોલ્ડવેવની સ્થિતિ રહેલી છે. જેથી આગામી બે ત્રણ દિવસ દરમિયાન પારો નીચી સપાટી ઉપર રહી શકે છે. હાલમાં જ સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં વાતાવરણમાં પલ્ટો આવ્યા બાદ માવઠાના સમાચાર મળ્યા હતા. ઘણા વિસ્તારમાં અમી છાંટણા થયા હતા. દેવભૂમિ દ્વારકા અને કચ્છના કેટલાક ભાગોમાં માવઠું થયું હતું.

# પૂ.ગચ્છાધિપતિ રાષ્ટ્રસંત શ્રી જયન્તસેન સૂરીશ્વરજીનો થરાદમાં ભવ્ય પ્રવેશ થયો





થરાદ

પૂજ્ય ગચ્છાધિપતિશ્રી જયંતસેન સૂરિશ્વરજી મ.સાનો થરાદ નગરે ભવ્ય પ્રવેશ થયો હતો. સંસારના સ્વાર્થ સંબંધોનો ત્યાગ કરીને પરમાર્થ માર્ગ ઉપર પ્રસ્થાન કરવા માટે ૨૪ પુણ્યાત્માઓ તત્પર બન્યા છે. એ ભવ્ય પ્રસંગ થરાદ નગરમાં ૧૯ ફેબ્રુઆરીના થશે. નાનકડા ત્યાગમાં અમે વિચાર કરીએ છીએ, જ્યારે નાની ઉંમરના મુમુક્ષુઓ વૈરાગી બનીને વીતરાગના શાસનમાં પ્રવેશ કરશે. એ પળોના સાક્ષી બનવા ભારતભરના શ્રી સંઘો થરાદ નગરમાં પહોંચશે. વૈરાગ્યના ભાવોનું પ્રગટીકણ પુણ્યોદયથી જ થાય છે. સદગુરુની પ્રેરણાપાન થકી સંસારની નશ્વરતા સમજ્યા પછી આ પરાક્રમ સર્જાય છે. અદાણી ચુનીલાલ નાગરદાસ પરિવારે પણ આ પ્રસંગ થરાદમાં આયોજન કરીને પોતાની જન્મભૂમિનું ઋણ ચૂકવ્યું છે.

આત્મોદ્ધારનું આયોજન થરાદ શ્રી સંઘની પણ શોભામાં અભિવૃદ્ધિ કરશે. આ પ્રસંગે આવનારા સહુ કોઈનું સ્વાગત કરવા તત્પર રહીને અતિથિ સત્કારની પરંપરાનું પણ કર્તવ્યપૂર્ણ કરવાનું છે.

થરાદમાં પૂર્વે પણ સામુહિક દીક્ષાના ઘણા પ્રસંગો થયા છે. પણ આ પ્રસંગ એક નવા ઈતિહાસનું સર્જન કરશે.



**સૂર્યોદય -૭.૨૦ સૂર્યાસ્ત - ૬.૨૯**

## તિથિદર્શન
મહા સુદ ૧૧ મંગળવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૮, નામ સંવત્સર :દુર્મુખ નામ વીર જૈન સંવત ૨૫૪૩ મહા સુદ અગિયારસ મંગળવાર નક્ષત્ર:આદ્રા બપોરે ૧૨.૧૩ પછી પુનર્વસુ યોગ: વૈધૃતી કરણ:બવ આજે જન્મેલા બાળકની વૃષભ (બ.વ.ઉ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

### માસિ માસિ સમા જ્યોત્સના પક્ષયોરુભયોરપિ તત્રૈક શુક્લ પક્ષો અભૂધશ: પુણ્યૈ વાપ્યતે

'સુદ (શુક્લ પક્ષ) કે વદ (કૃષ્ણ પક્ષ) બંનેમાં ચાંદની તો સરખી જ એમની એમ- એ જ હોય છે, આમ છતાં એક પક્ષને અજવાળિયું કહેવામાં આવે છે તો બીજા પક્ષને અંધારિયું કહેવામાં આવે છે. ખરેખર! યશ તો પુણ્યબળને કારણે જ મળતો હોય છે.'

ભૌગોલિક અને ખગોળશાસ્ત્ર પ્રમાણે સૂર્યોદય અને સૂર્યાસ્ત થતા નથી. તેમ ચંદ્રોદય અને ચંદ્રાસ્ત પણ થતા નથી, એમનું સ્થાન આકાશમાં નિશ્ચિત જ છે પણ પૃથ્વીના ફરવાથી તેમનો ઉદય અને અસ્ત દેખાય અથવા નાના- મોટા થતા દેખાય છે, એ માત્ર દૃષ્ટિકોણ જ કારણ છે. પણ આપણે તેને દિવસ-રાત, અંધારિયા- અજવાળિયા, અમાસ- પૂનમ કહેતા રહીએ છીએ, હકીકતમાં તેમના વધ-ઘટનાં કોઈ કારણ જ નથી. પુણ્યબળને કારણે જ ચંદ્રને અમાસ- પૂનમનાં નામ મળે છે.

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) મહત્વના કાર્યમાં સફળતા મળે. ગૃહજીવનમાં ઘર્ષણ થવા સંભવ છે..**

**વૃષભ : (બ.વ.ઉ.) નાણાંભીડ હળવી બને. નવિન શુભ સમાચાર મળે.**

**મિથુન : (ક.છ.ઘ.) માનસિક પ્રસન્નતાનો અનુભવ થાય. પ્રવાસમાં સફળતા મળે.**

**કર્ક : (ડ.હ.) વિશ્વાસે વહાણ ન ચલાવવું. અપયશના ભોગ બનવું પડે.**

**સિંહ : (મ.ટ.) કાર્યોમાં અટકી-અટકીને સફળતા મળે. આર્થિક પરિસ્થિતિ ગુંચવાશે.**

**કન્યા : (પ.ઠ.ણ.) જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. તમારા પ્રયત્નો ફળે.**

**તુલા : (ર.ત.) ધીરજની કસોટી થાય. મનમાં ઉગ્રતા રહે.**

**વૃશ્ચિક : (ન.ય.) અગત્યના કામમાં રૂકાવટ આવે. નાણાંભીડ ઉદ્ભવે.**

**ધન : (ભ.ફ.ધ.) ઘરમાં વાદ-વિવાદના પ્રશ્ન બને. પ્રયત્નો વિલંબથી ફળે.**

**મકર : (ખ.જ.) આરોગ્ય બાબતે ચિંતા રહે. વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે.**

**કુંભ : (ગ.શ.સ.) ચિંતાનો ઉકેલ મળે. નાણાંકીય સમસ્યા હળવી બને.**

**મીન : (દ.ચ.જ.થ.) પુરૂષાર્થ પછી યોગ્ય ફળ મળે. પડવા-વાગવાથી સંભાળવું.**

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

ગુજરાતી ભાષાના કવિશાયર, સૂફીવાદી તત્વચિંતક અને કવિ કલાપીના નિકટના મિત્ર શ્રી જગન્નાથ દામોદરદાસ ત્રિપાઠીનો જન્મદિન છે.

એમનો જન્મ તા. ૭-૨-૧૮૮૩ના રોજ જંબુસરમાં થયો હતો.

શ્રી જગન્નાથ ત્રિપાઠીજીએ 'સાગર' ના ઉપનામથી ઘણા ગીત, ભજનો, ગઝલો અને કાવ્યો લખ્યા છે. આ વિદ્વાન કવિનું ૧૭-૮-૧૯૩૬ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# શુભ લગ્ન

અમદાવાદ નિવાસી સંઘવી દિનેશકુમાર ભીખાલાલના સુપુત્ર ચિ.હર્ષના શુભલગ્ન ભૂપેન્દ્રકુમાર વોહેરાની સુપુત્રી ચિ.સુહાની સાથે તા. ૨૨/૧/૨૦૧૭ ના રોજ ધામધુમથી યોજાઈ ગયા

ડીસા નિવાસી રાજુભાઈ ટીલચંદભાઈ મોરખીયાની સુપુત્રી ચિ.હની (હિતાક્ષી) ના શુભલગ્ન ભરતભાઈ ટીલચંદભાઈના સુપુત્ર ચિ.નીલ સાથે તા. ૧૮/૧/૨૦૧૭ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં

મુળ પાટણ (રહે.ડીસા) નિવાસી રમેશભાઈ શંભુલાલ પ્રજાપતિની સુપુત્રી ચિ.રચના ના શુભલગ્ન પાટણ (હાલ વડોદરા) નિવાસી અશ્વિનકુમાર શાંતિલાલ પ્રજાપતિના સુપુત્ર ચિ.ભૌમિકકુમાર સાથે તા. ૨૦/૧/૨૦૧૭ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં. આ પ્રસંગે વડીલોએ નવદંપતિને આશિર્વાદ પાઠવ્યા હતા.

ડીસા નિવાસી હિરેનભાઈ જયંતીલાલ કાકરેચાની સુપુત્રી ચિ.જીનલના શુભલગ્ન હસમુખલાલ લક્ષ્મીચંદ ત્રેવાડીયાના સુપુત્ર ચિ.રોનકકુમાર સાથે તા. ૧૪/૧૨/૨૦૧૬ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

ડીસા નિવાસી ચીનુભાઈ રસીકલાલ કોરડીયાના સુપુત્ર ચિ.સંયમના શુભલગ્ન શૈલેષભાઈ જયંતીલાલ દેસાઈની સુપુત્રી ચિ. નિરાલી સાથે તા. ૧૮/૧/૨૦૧૭ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

ડીસા નિવાસી હિરાલાલ મુલચંદજી કીરીની સુપુત્રી ચિ.ફોરમના શુભલગ્ન સેવારામજી લેખરાજજીના સુપુત્ર ચિ.મુકેશજી સાથે તા. ૧૮/૧/૨૦૧૭ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં

સોતમલા (તા.ડીસા) નિવાસી મનુભાઈ છગનલાલ બ્રહ્મભટ્ટની સુપુત્રી ચિ.કિંજલના શુભલગ્ન નાદરી (હાલ અમદાવાદ) નિવાસી રાકેશકુમાર વાસુદેવભાઈના સુપુત્ર ચિ. હંસલકુમાર સાથે તા. ૧૨/૧૨/૨૦૧૬ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં

મુંબઈ નિવાસી જીતેન્દ્ર રમણલાલ દોશીના સુપુત્ર પાર્થના શુભલગ્ન થરાદ- ભાપી નિવાસી ભરતભાઈ લહેરચંદ વોરાની સુપુત્ર ચિ.ફ્રાન્સી સાથે તા. ૯/૧૨/૨૦૧૬ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

અમદાવાદ નિવાસી વારીયા ભરતકુમાર મફતલાલની સુપુત્રી ચિ.રાજવીના શુભલગ્ન રાજેન્દ્રકુમાર દોશીના સુપુત્ર ચિ.જીનલકુમાર સાથે તા. ૨૩/૧/૨૦૧૭ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

સુરત નિવાસી ભરતકુમાર ચંદુલાલ વિરવાડીયાની સુપુત્રી ચિ.રૂપીલના શુભલગ્ન થરાદ નિવાસી વસંતકુમાર હીરાલાલ મોરખીયાના સુપુત્ર ચિ.યશ્વી સાથે તા. ૨૩/૧/૨૦૧૭ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

સુરત નિવાસી વસંતભાઈ ધનજીભાઈ પારેખની સુપુત્રી ચિ.ત્યાગીના શુભલગ્ન વાતમ- સુરત- નિવાસી ભીખાલાલ પરસોત્તમદાસ મોરખીયાના સુપુત્ર ચિ. કેયુરકુમાર સાથે તા. ૨૩/૧/૨૦૧૭ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

અમદાવાદ નિવાસી ગિરીશકુમાર કીર્તિલાલ દોશીના સુપુત્ર ચિ.રાજનના શુભલગ્ન દિનેશભાઈ રાયચંદભાઈ વોહેરાની સુપુત્રી ચિ. પલક સાથે તા. ૮/ ૧૨/૨૦૧૬ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

અમદાવાદ નિવાસી રમેશચંદ્ર કાન્તીલાલ દોશીના સુપુત્ર ચિ.ડેનીશના શુભલગ્ન ભરતકુમાર મફતલાલ વાહેરાની સુપુત્રી ચિ.પૂજા (ડોલી) સાથે તા. ૧૯/૧/૨૦૧૭ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

સુરત નિવાસી નવીનચંદ્ર ચંદુલાલ વિરવાડીયાના સુપુત્ર ચિ.સૌરીનના શુભલગ્ન હીરાલાલ શાંતિલાલ મોરખીયાની સુપુત્રી ચિ.રેશ્મા સાથે તા.૧૯/૧/૨૦૧૭ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

અમદાવાદ નિવાસી દોશી રમેશકુમાર મફતલાલના સુપુત્ર ચિ.રિંકેશના શુભલગ્ન મહેશકુમાર જેવતલાલ દોશીની સુપુત્રી ચિ. ઋતુ સાથે તા. ૧૮/૧/૨૦૧૭ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

સુરત નિવાસી પ્રકાશકુમાર ચંદુલાલ શેઠની સુપુત્રી ચિ. પુજાના શુભલગ્ન રસીકલાલ મફતલાલ મોરખીયાના સુપુત્ર ચિ.હર્ષકુમાર સાથે તા. ૨૪/૧/૨૦૧૭ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

પાલડી (મીઠી) તા. દિયોદર નિવાસી પ્રવિણચંદ્ર કાળીદાસ વોહેરાની સુપુત્રી ચિ.જાનકી (જાનુ) ના શુભલગ્ન મહાસુખલાલ મોરખીયાના સુપુત્ર ચિ.કુમારપાળ સાથે તા. ૧૬/૧/૨૦૧૭ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

અમદાવાદ નિવાસી અશોકકુમાર ભોગીલાલ દોશીના સુપુત્ર ચિ.કેવીનના શુભલગ્ન અશોકકુમાર હરિલાલ શેઠની સુપુત્રી ચિ.પૂજા સાથે તા. ૨/૨/૨૦૧૭ ના રોજ ધામધુમથી યોજાયા હતા.

-ડીસા નિવાસી મણિયાર વિરેન્દ્રભાઈ મણીલાલના સુપુત્ર ચિ.પ્રતિકના શુભલગ્ન ભચાઉ નિવાસી (હાલ સુરત) પરેશભાઈ નૌતમભાઈ સંઘવીની સુપુત્રી ચિ.ઈશીતા સાથે તા. ૨/૨/૨૦૧૭ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

અમદાવાદ નિવાસી સંઘવી પ્રવિણકુમાર ભુદરમલની સુપુત્રી ચિ.પૂજાના શુભલગ્ન વસંતલાલ હાલચંદભાઈ વોહેરાના સુપુત્ર ચિ. પ્રતિકકુમાર સાથે તા. ૨૯/૧/૨૦૧૭ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

અમદાવાદ નિવાસી વોહેરા કિરીટકુમાર માનચંદભાઈના સુપુત્ર ચિ.નિશીતના શુભલગ્ન ગિરીશકુમાર લહેરચંદભાઈ વોહેરાની સુપુત્રી ચિ.નિરાલી સાથે તા. ૨૯/૧/૨૦૧૭ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

મુંબઈ (શાંતાક્રુઝ- વેસ્ટ) નિવાસી દિનેશચંદ્ર મફતલાલ વારીયાના સુપુત્ર ચિ.હર્ષના શુભલગ્ન મલાડ નિવાસી સુરેશભાઈ શાન્તીલાલ વિરવાડીયાની સુપુત્રી ચિ.નિયતી સાથે તા. ૨/૨/૨૦૧૭ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

અમદાવાદ નિવાસી ધુડાલાલ હાલચંદભાઈ વેદલીયાના સુપુત્ર ચિ.રવિના શુભલગ્ન નિલેષકુમાર ચીમનલાલ વોહેરાની સુપુત્રી ચિ.પરી સાથે તા. ૩/૨/૨૦૧૭ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

જુનાડીસા નિવાસી દિલીપકુમાર શાંતિલાલ બ્રહ્મભટ્ટની સુપુત્રી ચિ.દિપ્તીના શુભલગ્ન ગાંધીનગર નિવાસી અશ્વિનભાઈ બ્રહ્મભટ્ટના સુપુત્ર ચિ.મિહિરકુમાર સામે તા. ૩/૨/૨૦૧૭ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

અમદાવાદ નિવાસી દિનેશકુમાર ભીખાલાલની સુપુત્રી ચિ.ભૂમિ (ગુડ્ડી) ના શુભલગ્ન વિનોદકુમાર મોરખીયાના સુપુત્ર ચિ.વિરલકુમાર સાથે તા. ૩/૨/૨૦૧૭ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

# દરેક જિલ્લામાં મેડિકલ કોલેજ શરૂ કરવા આયોજનનું સૂચન

અમદાવાદ

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજયના પ્રત્યેક આદિજાતિ જિલ્લામાં મેડિકલ કોલેજ શરૂ કરવાના રાજય સરકારના સંકલ્પને સાકાર કરવામાં ટ્રસ્ટ સંસ્થાઓને સહભાગીદાર બનાવવાનો અનુરોધ કર્યો છે. તેમણે પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના અણિયાદ ગામે ગોપાલક વિકાસ મંડળ દ્વારા દશ કરોડ રૂપિયાના ખર્ચે સ્થાપિત અને ટેલી મેડિસીન સહિતની અદ્યતન સારવાર સુવિધાઓથી સુસજ્જ જેબી જનરલ હોસ્પિટલનું લોકાર્પણ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, રાજય સરકાર આવી પહેલ કરનારા ટ્રસ્ટ સંસ્થાઓને મેડિકલ કોલેજના બાંધકામ માટે સરકારી જમીન, સરકારી દવાખાનું અને પ્રત્યેક વિદ્યાર્થી દીઠ ૨૫ લાખની રકમ આપશે. તેમણે નવ સ્થાપિત હોસ્પિટલ ખાતે અત્યંત રાહતદરે દવાઓ પુરી પાડતો સરકારી જેનરીક મેડિકલ સ્ટોર્સ શરૂ કરવાની જાહેરાત કરી હતી. ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ અને ગોપાલક વિકાસ મંડળે આ દવાખાનાની સ્થાપના દ્વારા શહેરા તાલુકાના આરોગ્ય સેવાઓને મજબુત કરવાની સાથે ગરીબોના આંસુ લૂંછવાનું અત્યંત સરાહનીય કામ કર્યું છે તેણે તેમને બિરદાવ્યુ હતું.

મુખ્યમંત્રીએ આ પ્રસંગે ત્રણ પુલો સહિત ૨૩ કરોડથી વધુ રકમના રાજય સરકાર આયોજિત વિકાસ કામોની શહેરા તાલુકાને ખાતમૂર્હૂત લોકાર્પણ દ્વારા ભેટ આપી હતી. જેમાં શહેરા ખાતે નવા બંધાનાર તાલુકા સેવા સદનના કામનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પંચમહાલ જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ દ્વારા પશુપાલકોના ઉત્કર્ષ માટે સ્થાપિત કરાનારા આદર્શ પાડી વાછરડી ઉછેર કેન્દ્રના કામનો શુભારંભ કરાવ્યો હતો. વિજય રૂપાણીએ કહ્યું કે, આદિજાતિઓના કલ્યાણ અને સમૃધ્ધિની સર્વાંગી ખાતરી મેળવવા રાજય સરકારે પેસા એક્ટનો સર્વગ્રાહી અમલ શરૂ કરાવ્યો છે. વન જમીન સનદો દ્વારા આદિજાતિઓને ખેડ અધિકાર આપવાની સાથે પેસા એક્ટ દ્વારા તેમને વન ઉપજો તેમજ ખનિજોની આવકના તેમજ કોન્ટ્રાક્ટ ઈત્યાદિ લેવાના જે અધિકારો મળ્યા છે તેમને આર્થિક ખુશહાલી તરફ દોરી જશે. રાજય સરકારે પેસા એક્ટ દ્વારા જંગલો સાચવનારા વનવાસીઓની વન સંરક્ષણ સેવાની કદર કરી છે.

મુખ્યમંત્રીએ વનબંધુ કલ્યાણ માટેની રાજય સરકારની પ્રતિબધ્ધતા વ્યક્ત કરતા કહ્યું કે, સિક્લસેલ એનિમીયાથી પિડાતા દર્દીઓને ખાદ્યાખોરાકી આપવાના નિર્ણય દ્વારા રાજય સરકારે સંવેદનશીલતા દર્શાવી છે તેની સાથે રાજયના વિવિધ વિસ્તારોમાં મંજુરી માટે જતા આદિજાતિ શ્રમયોગીઓના પરિવારમાં મૃત્યુની ઘટના ઘટે તો શબના વતનના ગામ સુધી સરકારના ખર્ચે પરિવહનની વ્યવસ્થા દ્વારા આ શ્રમયોગીઓને હાલાકીમાંથી ઉગારવાનું કામ કર્યું છે.

# શેરબજારમાં તેજી : સેંસેક્સ ૧૯૯ પોઇન્ટ સુધરીને બંધ

મુંબઈ

શેરબજારમાં આજે જોરદાર તેજી જોવા મળી હતી. કારોબારના અંતે સેન્સેક્સ ૧૯૯ પોઈન્ટ સુધરીને ૨૮૪૩૯ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૬૦ પોઈન્ટ સુધરીને ૮૮૦૧ની સપાટીએ રહ્યો હતો. શેરબજારમાં તેજી માટે જુદા જુદા પરીબળો જવાબદાર રહ્યા હતા. નિફ્ટી મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્ષમાં ૧.૧-૦.૯ ટકાનો સુધારો રહ્યો હતો. રેકોર્ડ ઉંચી સપાટી ઉપર બજાર પહોંચે તે પહેલા જ શેરબજારમાં કારોબારીઓ સાવધાન થઈ ગયા છે.

બુધવારના દિવસે આરબીઆઈની પોલિસી સમીક્ષા જારી કરવામાં આવનાર છે. જેને લઈને મોટાભાગના અર્થશાસ્ત્રીઓ ચર્ચામાં લાગેલા છે. અર્થશાસ્ત્રીઓ માની રહ્યા છે કે આરબીઆઈ બુધવારના દિવસે વ્યાજદરમાં ૨૫ બેઝીક પોઈન્ટનો ઘટાડો કરી શકે છે. આજે કારોબાર દરમ્યાન મોટાભાગના શેરોમાં તેજી રહી હતી. જેમાં રિયાલિટી, ફાર્મા, એફએમસીજી અને બેન્કીંગ શેરોનો સમાવેશ થાય છે. આરબીઆઈની પોલિસી સમીક્ષા જારી કરવામાં આવે તે પહેલા બજેટને લઈને પણ કારોબારીઓમાં ગણતરીનો દોર ચાલી રહ્યો છે. નાણામંત્રી અરૂણ જેટલી પહેલી ફેબ્રુઆરીના દિવસે બજેટ રજુ ચુક્યા છે. જેમાં મધ્યમ વર્ગને હળવી રાહતો આપવામાં આવી હતી. બીએસઈ રિયાલિટી ઈન્ડેક્ષમાં ૧.૯ ટકાનો સુધારો રહ્યો હતો. જે આજના દિવસનો સૌથી મોટો સુધારો રહ્યો હતો. સતત ચોથા સેશનમાં તેજી જોવા મળી હતી. આઈસીઆઈસી આઈ બેંક અને એક્સિસ બેંકના શેરમાં ક્રમશ: ૩.૧૪ અને ૧.૬૫ ટકા જેટલો સુધારો રહ્યો હતો. બેન્કીંગ શેરો વ્યાજદરમાં ઘટાડાને લઈને આશા રાખી રહ્યા છે. લુપિનના શેરમાં દિવસ દરમિયાન ૪ ટકાથી વધુનો સુધારો રહ્યો હતો. બીજી બાજુ ઈન્ટ્રા ડેના કારોબાર દરમ્યાન ડૉ.રેડ્ડી લેબના શેરમાં ૩.૧૪ ટકાનો ઘટાડો રહ્યો હતો.

શુક્રવારે કારોબારના અંતે સેન્સેક્સ ૧૪ પોઈન્ટ સુધરીને ૨૮૨૪૦ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી સાત પોઈન્ટ સુધરીને ૬૭૪૦ની સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં સ્મોલકેપ ઈન્ડેક્ષ અને મિડકેપ ઈન્ડેક્ષમાં ૧-૧ ટકાનો ઉછાળો રહ્યો હતો. માર્કેટ બ્રિડ્થ એકંદરે મજબૂત રહી હતી. ૧૬૦૦ શેરમાં તેજી અને ૧૧૮૭ શેરમાં મંદી રહી હતી. કુલ ૧૫૯ શેરમાં યથાસ્થિતિ જોવા મળી હતી. આરબીઆઈની નાણાકીય પોલીસી આગામી સપ્તાહમાં જારી કરવામાં આવનાર છે. જેમાં વ્યાજદરમાં ઘટાડો થઈ શકે છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા અપનાવવામાં આવેલી આક્રમક નીતિની અસર હાલ જોવા મળી રહી છે. કેન્દ્રિય નાણાં પ્રધાન અરૂણ જેટલીએ બજેટ રજૂ કરતા ઈન્કમ ટેક્સ સ્લેબમાં ધરખમ ફેરફાર કરીને ત્રણ લાખ સુધીની વાર્ષિક આવકને ટેક્સ ફ્રી કરવાની જાહેરાત કરી હતી. ઈન્કમ ટેક્સ સ્લેબને ૨.૫ લાખ રૂપિયાથી વધારીને ત્રણ લાખ સુધી કરવાની જાહેરાત હતી. મધ્યમ વર્ગને રાહત આપીને ઈન્કમટેક્સમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. હવે ત્રણ લાખ રૂપિયાની વાર્ષિક આવક પર કોઈ ટેક્સ રહેશે નહીં. ૩-૫ લાખ પર પાંચ ટકા ટેક્સ રહેશે. ૫૦ લાખથી એક કરોડ સુધીની વાર્ષિક આવક પર ૧૦ ટકા સરચાર્જ રહેશે. ત્રણ લાખથી વધારે કેશ લેવડ દેવડ ઉપર પ્રતિબંધ મુકવામાં આવશે.

# શશીકલા કેસમાં સુપ્રીમનો આગામી સપ્તાહમાં ચુકાદો

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટ જયલલિતા-શશીકલા અપ્રમાણ સંપત્તિ કેસમાં આગામી સપ્તાહમાં તેનો ચુકાદો જાહેર કરનાર છે. આ ચુકાદા પર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. શશીકલા તમિળનાડુના મુખ્યપ્રધાન બનવા જઈ રહ્યા છે ત્યારે ચુકાદો રાજકીય રીતે પણ મહત્વ રાખે છે. જસ્ટીસ પીસી ઘોસ અને અમિતવા રોયની બનેલી બેંચ દ્વારા જાહેર કરવામાં આવનાર છે. ગયા વર્ષે જયલલિતાના દશક જુના કેસમાં તેનો ચુકાદો સુપ્રીમ કોર્ટે અનામત રાખ્યો હતો.

જયલલિતા, શશીકલા અને અન્યોને આવરી લઈને ચુકાદો આપવામાં આવનાર છે. કર્ણાટક સરકાર તરફથી મામલામાં આજે દલીલો કરવામાં આવી હતી. ગઈકાલે જોરદાર ઘટનાક્રમનો દોર જારી રહ્યો હતો. પાર્ટી ધારાસભ્યોની ગઈકાલે થયેલી મહત્વપૂર્ણ બેઠકમાં અન્નાદ્રમુકના નેતા શશીકલાને મુખ્યપ્રધાન બનાવવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો હતો. શશીકલાને વિધાનસભા દળની નેતા તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા હતા. જો કે મુખ્યમંત્રી બનવા માટે કેટલીક પ્રક્રિયામાંથી હજુ પસાર થવાની ફરજ પડશે. મુખ્યપ્રધાનના પદ ઉપર તેમની તાજપોશી માટેનો માર્ગ મોકળો કરવા વર્તમાન મુખ્યમંત્રી પનીરસેલ્વમે રાજીનામુ આપી દીધું હતું. તેમના રાજીનામા બાદ ફરીથી વિધાનસભા પક્ષની બેઠક યોજાઈ હતી. શશીકલા નટરાજને કહ્યું હતું કે, અમ્માના અવસાન બાદ પનીરસેલ્વમે જ તેમને મહામંત્રી બનવા માટે કહ્યું હતું. હવે તેમના કહેવાથી તેઓ મુખ્યમંત્રી બનવા જઈ રહ્યા છે. ડીએમકેના કારોબારી પ્રમુખ સ્ટાલિને શશીકલાને મુખ્યમંત્રી પદ સોંપવાને લઈને નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે, લોકોએ જયલલિતાના ઘર પરિવારના સભ્યોને મુખ્યમંત્રી બનવા મત આપ્યા ન હતા. અન્નાદ્રમુકના જનરલ સેક્રેટરી વી.કે. શશીકલા સર્વસંમતિથી વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટાઈ આવ્યા બાદ મુખ્યમંત્રી બનવા જઈ રહ્યા છે ત્યારે તેમની એક નવી ઈનીંગ્સ શરૂ થઈ રહી છે.

મળેલી માહિતી મુજબ ગુરૂવારના દિવસે શપથવિધિ થઈ શકે છે. શશીકલા દ્વારા ચાવીરૂપ પોસ્ટ ઉપર હાલમાં જ ૨૩ સિનિયર લીડરોની નિમણૂંક કરી દીધી છે. આ ઉપરાંત બે ટોચના અધિકારીઓની હકાલપટ્ટી પણ કરી દેવાઈ છે. રવિવારના દિવસે મહત્વપૂર્ણ બેઠક મળી હતી. જેમાં શશીકલા નટરાજનના મુખ્યમંત્રી બનવાનો માર્ગ મોકળો થયો હતો.

# અમદાવાદમાં ઝાડા-ઉલ્ટીના ૩૮૫ કેસ નોંધાતા ચકચાર

અમદાવાદ

મ્યુનિસિપલ કોર્પોરેશનનું હેલ્થ વિભાગ અને અન્ય વિભાગો જ્યાં એક તરફ અમદાવાદ શહેરને દેશના સ્વચ્છ શહેરોની બહાર પાડવામાં આવનારી યાદીમાં આગળના ક્રમ ઉપર લાવવાના પ્રયાસોમાં લાગી ગયા છે.ત્યાં બીજી તરફ આ માસની શરૂઆતના માત્ર ચાર જ દિવસની અંદર પાણીજન્ય એવા ઝાડા ઉલ્ટીના કુલ મળીને ૩૮૫ જેટલા કેસ નોંધાવા પામ્યા છે.જ્યારે ચીકનગુનીયાના ૪ દિવસમાં ૭૪ જેટલા કેસ નોંધાવા પામ્યા છે.આમછતાં તંત્રના પેટનું પાણી હાલતું નથી. બીજી તરફ શહેરમાં પાણીજન્ય તેમજ મચ્છરજન્ય રોગના દર્દીઓની સંખ્યામાં સતત વધારો થયેલો જોવા મળી રહ્યો છે. આ અંગેની મળતી માહીતી મુજબ શહેરમાં આ માસની શરૂઆતના ચાર દિવસસમાં ઝાડા ઉલ્ટીના ૩૮૫ કેસ નોંધાવા પામ્યા છે.

આ કેસ શહેરના કોટ વિસ્તારમાં આવેલા દરીયાપુર, શાહપુર, મિરજાપુર ઉપરાંત શહેરના દક્ષિણઝોનમાં આવેલા બહેરામપુરા, દાણીલીમડા, પૂર્વઝોનમાં આવેલા ગોમતીપુર વગેરે વિસ્તારોમાં નોંધાવા પામ્યા છે. દર ત્રીજા શનીવારે મ્યુનિ. કોર્પોરેશનમાં કમિશનરની અધ્યક્ષતામાં મળતી ધારાસભ્યો સાથેની સંકલન બેઠકમાં આ મામલે અનેક વખત રજૂઆત કરવામાં આવી ચુકી છે.મ્યુનિસિપલ કમિશનર મુકેશ કુમારે પણ હેલ્થ,ઈજનેર વિભાગને સાથે સંકલનમાં રહી જે વિસ્તારોમાં પણ પોલ્યુશનનો પ્રશ્ન હોય ત્યાં પહોંચીને તેનો નિકાલ લાવવા સુચના આપી છે.

આમ છતાં બંને વિભાગના અધિકારીઓ દ્વારા આ મામલે કોઈ નકકર કાર્યવાહી કરવામાં ન આવતી હોવાના કારણે આ વિસ્તારના લોકોને કમને પણ પ્રદૂષિત પાણી પીવા મજબૂર થવું પડે છે. આ માસની શરૂઆતના ૪ દિવસની અંદર ઝાડા ઉલ્ટીની સાથે કમળાના પણ ૧૪૮ જેટલા કેસ નોંધાવા પામ્યા છે.હવે ગરમીની મોસમ પણ શરૂ થઈ હોઈ આવનારા સમયમાં શહેરમાં અલગ અલગ વિસ્તારોમાં શેરડીનો રસ, બરફ, બરફના ગોળા વગેરેનું વેચાણ શરૂ થશે.જેને કારણે પણ કમળાના દર્દીઓની સંખ્યા વધી શકે છે.એમ નિષ્ણાતોનું કહેવું છે.

# ૨૧૨ પાસ વ્યાયામ શિક્ષકોની ભરતી કરવા ઉગ્ર માંગ




પાલનપુર

વર્ષ ૨૦૦૪થી લઈને આજદિન સુધી પ્રાયમરી/માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં એકપણ વ્યાયામ શિક્ષકોની ભરતી કરવામાં આવેલ નથી. તેથી ૨૧૨ પાસ કરેલ હજારો વિદ્યાર્થીઓમાં ઉગ્ર અસંતોષની લાગણી પ્રવર્તી ઉઠી છે. જો ટૂંક દિન-૧૫માં માધ્યમિક/ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં સ્પેશ્યલ વ્યાયામ શિક્ષકોની ભરતી કરવામાં નહી આવે તો ગાંધીચિંધ્યાં માર્ગે ઉગ્ર આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે તેમજ પ્રાથમિક શાળાઓમાં પણ વ્યાયામ શિક્ષકોની ભરતી કરવામાં આવે તેવી ઉગ્ર માંગ સાથે આંદોલન કરવાની તેમજ આગામી વિદ્યાનસભાની ચૂંટણી - ૨૦૧૭નો ઉમેદવારો તથા સમગ્ર પરિવારે બહિષ્કાર કરવાની ચિમકી ઉચ્ચારી છે.

# થરાદના જમડામાં રાત્રિ ભજનસંતવાણી કાર્યક્રમ યોજાયો



થરાદ

થરાદના જમડા ગામમાં મહામાસમાં શ્રીમાળી બ્રાહ્મણ સમાજના પરિવારો દ્વારા પોતાના કુટુંબમાં પુત્ર જન્મ અને તેમનાં લગ્ન નિમિત્તે વર્ષે દહાડે જોડીબંધ રાત્રિજગો કરવામાં આવે છે. શનિવારની રાતે આયોજીત આ સામુહિક કાર્યક્રમમાં સમુહ ભોજનનું તથા સંતવાણીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં થરાદના શ્રી શેણલ મંડળના હિતેશભાઈ સોની, લક્ષ્મણભાઈ જોજા, અયુબભાઈ કાજીની સાથે નિમ્બજા પરિવારના નરેન્દ્ર દવે અને વિજય દવે (કલોલ) એ પણ પોતાના ગળાનાં કામણ પાથર્યા હતાં. રાત્રિજગામાં બહોળી સંખ્યામાં પરિવારના બાલકૃષ્ણ શાસ્ત્રી, રાજુભાઈ શાસ્ત્રી, ભૂપેન્દ્ર દવે, વિષ્ણુ દવે સહિત વડીલો અને યુવાનો તથા ગ્રામજનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ડોલર સામે રૂપિયો આખરે ૬૭.૨૨ની સપાટીએ રહ્યો

મુંબઈ

ડોલર સામે રૂપિયામાં આજે સતત નવમા કારોબારી સેશનમાં જોરદાર તેજી રહી હતી. છેલ્લા પાંચ વર્ષના ગાળામાં રૂપિયામાં તેજીનો ગાળો સૌથી લાંબો રહ્યો છે. અમેરિકી ડોલરની સામે રૂપિયામાં મજબૂતી રહેવા માટે જે પરીબળોને જવાબદાર ગણવામાં આવે છે તેમાં લોકોલ ઈક્વિટી અને ડેબ્ટ માર્કેટમાં વિદેશી મૂડીરોકાણકારો દ્વારા લેવાલીનો સમાવેશ થાય છે. એશિયન ચલણ બજારમાં આજે અમેરિકાના આંકડા જારી થયા બાદ તેની અસર પણ જોવા મળી હતી. રૂપિયો આજે ૦.૧૫ ટકા સુધી મજબૂત થઈને ૬૭.૨૨ની સપાટીએ રહ્યો હતો. નવ કારોબારી સેશનમાં તેજી રહેતા રૂપિયાના કારોબાર સાથે જોડાયેલા લોકોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. અગાઉ ૨૦૧૧માં આ સ્થિતિ જોવા મળી હતી. રૂપિયો આજે સવારે ૬૭.૨૧ની સપાટીએ ખુલ્યો હતો અને ત્યારબાદ ૬૭.૧૭ની નીચી સપાટીએ પહોંચ્યો હતો. કારોબારીઓ આ સપ્તાહમાં જુદા જુદા ઘટનાક્રમને લઈને પણ સાવધાન રહેલા છે. જેમાં આરબીઆઈની દ્વિમાસિક નીતી સમીક્ષાને લઈને પણ તૈયારી કરવામાં આવી રહી છે. બુધવારના દિવસે આરબીઆઈ દ્વારા નાણાકીય નીતિ સમીક્ષા જારી કરવામાં આવનાર છે. જેમાં વ્યાજદરમાં ૨૫ બેઝીક પોઈન્ટનો ઘટાડો કરીને ૬ ટકા સુધી કરવામાં આવે તેવી શક્યતા છે. જ્યારે રેપોરેટને યથાવત રાખવામાં આવે તેવી પણ શક્યતા દેખાઈ રહી છે. ૧૦ અર્થશાસ્ત્રીઓ પૈકીના સાત અર્થશાસ્ત્રીઓ માની રહ્યા છે કે રેપોરેટમાં ૨૫ બેઝીક પોઈન્ટનો ઘટાડો કરાશે જયારે અન્ય ત્રણ અર્થશાસ્ત્રીઓના મતે રેપોરેટ યથાવત રહી શકે છે. શુક્રવારના દિવસે સરકાર દ્વારા ઈન્ડસ્ટ્રીયલ પ્રોડકશન (આઈઆઈપી)ના ડેટા જારી કરવામાં આવનાર છે. આઈઆઈપી ડિસેમ્બર મહિનામાં ૧.૪ ટકા સુધી રહી શકે છે. જે એક મહિના પહેલા ૫.૭ ટકાની આસપાસ હતો. આ વર્ષની શરૂઆત બાદથી ડોલર સામે રૂપિયામાં ૧.૦૫ ટકા સુધીનો સુધારો થઈ ચુક્યો છે.

# જૂનાડીસા પગાર કેન્દ્ર શાળામાં પ્રજાસત્તાકદિનની ઉજવણી

ડીસા

૨૬મી જાન્યુઆરીના ૬૮મા પ્રજાસત્તાક દિનની ઉજવણી દિકરીને નામ દેશને સલામ સરકારના પરિપત્રના અનુસન્ધાને ગામની ભણેલી દીકરી સેજલબેન સુરેશભાઈ બારોટના હસ્તે ધ્વજ વંદન કાર્યક્રમ કરવામાં આવ્યો હતો તેમનું પુષ્પ ગુચ્છ શિલ્ડ અને સર્ટીફિકેટ આપી તેમજુ સન્માન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે શાળાના બાળકો દ્વારા વિવિધ કાર્યક્રમો કરવામાં આવ્યા હતા બાળકોને પ્રોત્સાહિત કરવા હર્ષદભાઈ બારોટ, રમેશભાઈ મહેતા, મહેશભાઈ અનાવાડીયા, ગણપતભાઈ નાઈ, દિનેશભાઈ રાવળ વગેરેએ પ્રોત્સાહિત ઈનામ આપ્યા હતા આ પ્રસંગે શાળાના આચાર્ય પરેશભાઈ તથા સેજલબને પ્રાસંગિક ઉદ્બોધન કર્યુ હતું. આ પ્રસંગે એસ.એમ.સી અધ્યક્ષ રહેમતતુલ્લાહ મંડોરી એસ.એમ.સી સભ્યો ગ્રામજનો વાલીગણ ઉપસ્થિત રહ્યા હતા.

લોકહૈયાનો ધબકાર... રખેવાળ

મંગળવાર ૦૭ ફેબ્રુઆરી ૨૦૧૭

## તંત્રી સ્થાનેથી ...

### અસ્પૃશ્યતા આપણા સમાજ અને દેશના મસ્તક પર કલંક છે.

## લોકશાહીને મજબુત બનાવવા મતદારોમાં જાગૃતતા જરૂરી

પંજાબ વિધાનસભાની ૧૧૭ બેઠકો માટેની ચૂંટણી ખૂબ જ રસપ્રદ રહી સત્તાધિન અકાલીદળ અને ભાજપને કેટલી બેઠકો પ્રાપ્ત થશે તે નક્કી નથી. પરંતુ અરવિંદ કેજરીવાલને જોઈએ તેટલી બેઠકો મેળવવી મુશ્કેલ પડશે. કેજરીવાલના 'આપ' પક્ષને માત્ર દિલ્હીવાસીઓ જ ઓળખે છે. તેમ છતાં પંજાબમાં પોતાની હકુમત જમાવવા કેજરીવાલના પ્રયાસો સફળ થશે કે કેમ તે બાબત વિચારવા જેવી માની શકાય. આ વખતે પંજાબમાં નવા યુવા મતદારોમાં સારો એવો વધારો થયો અને આના પરિણામે મતદાન પણ સારું થયું છે. વર્તમાન સંજોગોમાં અકાલી દળનો ખૂબ જ વિરોધ થઈ રહ્યો છે. જો કે અકાલી દળમાં ઘણા સારા નેતાઓ આગળ આવે તેમ છે.

વર્ષો અગાઉ એટલે કે મુખ્યમંત્રી તરીકે બિયંતસિંહ હતા ત્યારે ત્યાં કોંગ્રેસની સરકાર હતી ત્યારે કોઈ પણ જાતનો વિકાસ થયો ન હતો. પંજાબને એ વખતે કરોડો રૂપિયાની ગ્રાન્ટો પણ ફાળવવામાં આવી હતી. પરંતુ ગમે તે કારણસર વિકાસની ગ્રાન્ટોનો કોઈ ઉપયોગ થયો ન હતો. તે સમયે ત્રાસવાદીઓની સમસ્યા ગંભીર હતી અને મુખ્યમંત્રી બિયંતસિંહ કડક હાથે કામ લેતાં માનવ બોમ્બ બનીને આવેલ એક ત્રાસવાદીએ મુખ્યમંત્રી બિયંતસિંહ સહિત ૪૦ જેટલા અધિકારીઓનો ભોગ લીધો હતો. આમ પંજાબમાં અશાંતિના વાદળો પહેલેથી જ ફેલાયેલા હતા. વર્તમાન સંજોગોમાં બાદલ સરકાર ઉપર કોંગ્રેસ સહિત કેટલાક પક્ષોએ વિવિધ પ્રકારના આક્ષેપો કર્યા છે. જો કે આ બાબતની વિધાનસભાની ચૂંટણીમાં- ચૂંટણી પ્રચાર દરમ્યાન ભાજપ દ્વારા ઘણી મહેનત કરવામાં આવી છે. પંજાબ વિધાનસભાની ૧૧૭ બેઠકો માટેની આ ચૂંટણીમાં કયા પક્ષને કેટલી બેઠકો મળશે તે વિચારવું મુશ્કેલ છે. અકાલીદળ સરકારની સત્તા દાવ પર છે.

જો કે કોંગ્રેસના અમહિંદરસિંહે ચૂંટણી પ્રચાર દરમ્યાન ઘણી સભાઓ ગજવી હતી. કોંગ્રેસ તરફથી તેઓને તમામ પ્રકારની મદદ મળેલ છે. તેમણે પંજાબમાં કોંગ્રેસ પક્ષમાં નવું જોમ પેદા કર્યું છે. બધી જ જગ્યાએ હારતી કોંગ્રેસનુ પંજાબની ચૂંટણીમાં ભાવિ નક્કી થનાર છે. જો મતદારોમાં ખરેખર જાગરૂકતા હશે તો અકાલીદળની સરકાર પુનઃ સત્તા પર આવે પણ ખરી! જ્યારે 'આપ' ના ઘણા ઉમેદવારો ઘર ભેગા થઈ જવાની સંભાવનાને નકારી શકાય તેમ નથી.

ક્યારેક પ્રાદેશિક પક્ષો જાતિ આધારિત વોટબેંકને લલચાવવામાં સફળ રહેતા હોય છે. એટલે કે રાષ્ટ્રિય પક્ષો છે તેમાંના કેટલાક નેતાઓ પ્રાદેશિક પક્ષો બાબત ક્યારેક ખોટી ટીકા- ટીપ્પણી કરતા હોય છે. આમ તો ભાજપની કોંગ્રેસ સહિત ઘણા પક્ષો ટીકા કરતા આવ્યા છે ને કર્યા કરે છે પરંતુ ભાજપ તેના સ્થાને બરાબર છે. વડાપ્રધાન મોદીના સિધ્ધાંતો અને પક્ષના નેતાઓની મહેનત કદાચ પંજાબમાં રંગ લાવશે તેવું માની શકાય. ગોવાની ૪૦ વિધાનસભાની ચૂંટણીમાં ભારે રસાકસી રહેવા પામી હતી. ત્યાં પણ 'આપ' ત્રીજા પરિબળ તરીકે મેદાનમાં છે. ગોવામાં ભાજપનો મુખ્ય આધાર અને હાલ કેન્દ્રિય સંરક્ષણ મંત્રી અને ગોવાના પૂર્વ મુખ્યમંત્રી મનોહર પારિકર છે. જોઈએ હવે કોની ક્યાં જીત થાય છે.

## સુરજ પંચોલીને પરિણિતી સાથે એક ફિલ્મ હાથ લાગી

સલમાનખાનના બેનર હેઠળ બનેલી ફિલ્મ હિરો મારફતે બોલિવુડમાં એન્ટ્રી કરી ચુકેલા સુરજ પંચોલીને હવે વધુ એક ફિલ્મ હાથ લાગી છે. તે હવે પરિણિતી ચોપડાની સાથે સર્કસ નામની ફિલ્મમાં કામ કરશે. ફિલ્મ સર્કસને કોરિયોગ્રાફર બોસ્કો માર્ટિન ડાયરેક્ટ કરી રહ્યા છે. આ તેમના નિર્દેશન હેઠળ બનનાર પ્રથમ ફિલ્મ છે. સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે આ ફિલ્મનુ શુટિંગ હવે ટુંક સમયમાં હાથ ધરવામાં આવનાર છે. મ્યુઝિકલ ડ્રામા ફિલ્મમાં સુનિલ શેટ્ટી પણ એક યાદગાર ભૂમિકા અદા કરી રહ્યો છે. તાજેતરમાં જ એવા અહેવાલ આવ્યા હતા કે સુરજ પંચોલી સુનિલ શેટ્ટીની જ ફિલ્મ ધડકનમા પણ નજરે પડનાર છે. સુરજ પંચોલી પોતાને સુનિલ શેટ્ટીની ખુબ નજીક ગણે છે. હકીકતમાં સુરજ પંચોલીએ પોતાની પ્રથમ ફિલ્મની શરૂઆત સુનિલ શેટ્ટીની પુત્રી આથિયાની સાથે કરી હતી. આવી સ્થિતીમાં તેમની વચ્ચે સારા અને મજબુત સંબંધ સામાન્ય અને સ્વાભાવિક છે. સુરજને બોલિવુડમાં ટકી રહેવા માટે એક હિટ ફિલ્મની જરૂર દેખાઇ રહી છે. કારણ કે સુરજની પ્રથમ ફિલ્મ બોક્સ ઓફિસ પર કોઇ ખાસ કમાલ કરી શકી ન હતી. સર્કસમાં પરિણિતી ચોપડા મુખ્ય સ્ટાર તરીકે છે. પરિણિતી ચોપડાને પણ બોલિવુડમાં ઘણો સમય થયો હોવા છતાં તેને કોઇ સારી અને મોટી હિટ ફિલ્મ મળી નથી. તે પણ સારી સફળ ફિલ્મનો ઇન્તજાર કરી રહી છે. પરિણિતી અને સુરજની જોડી લોકોને પસંદ પડશે કે કેમ તે તો સમય બતાવશે પરંતુ હાલમાં બોલિવુડમાં નવી નવી જોડીને ચમકાવવાને લઇને નિર્માતા નિર્દેશકો પ્રયાસ કરે છે. કારણ કે ફિલ્મ ચાહકો હવે નવા નવા કલાકારોને જ જોવા માટે ઇચ્છુક હોય છે. પરિણિતી ચોપડા તેની મેરી પ્યારી બિન્દુના શુટિંગને લઇને હાલમાં વ્યસ્ત બનેલી છે.પરિણિતી ચોપડાની ઇશ્કજાદે ફિલ્મમાં ભૂમિકાની ચારેબાજુ પ્રશંસા થઇ હતી. ત્યારબાદ તે કોઇ ખાસ કમાલ કરી શકી નથી.

### આત્મચિંતન

## આશા છે તો જીવન છે

આશા આપણા જીવનની પ્રેરણા હોય છે .જીવવાનો આધાર હોય છે. જો આ આશા મરી જાય તો જીવવાનો મકસદ પણ નજરે પડતો નથી. જો વ્યકિતના મનમાં જાતજાતની આશાઓ ઉઠે છે પણ માત્ર સકારાત્મક આશાઓ જ તેના જીવનને ખુબસુરત બનાવે છે. જીવનમાં આગળ વધવા માટે પ્રોત્સાહન આપે છે, મનને ઉત્સાહ છે, જો વ્યકિતનું મન નિરાશામાં ડુબેલું હોય, નકારાત્મક વિચારોથી ભરેલું હોય અને એવી વ્યકિત માટે સમય ગમે તેટલો અનુકુળ હોય તે જીવવાનો આનંદ લઈ શકતી નથી. પળે પળ ગુંગળામણ ભરેલી બેચેની અને ભય સાથે શ્વાસ લે છે. આવું જીવવાનું જીવન, જીવવાનું નથી હોતું જ પળે પળ મરવા જેવું હોય છે. ત્યાં સકારાત્મક આશાઓ સાથે જીવનાર વ્યકિત ભલે ગમે તેટલા કઠીન સમયમાંથી પસાર થઈ રહી હોય, પણ તેની આંખો સાથે હકારાત્મક અને સકારાત્મક આશાઓ તેના સોનેરી ભવિષ્યનું લક્ષ્ય રાખી શકે છે. જેને મેળવવા માટે તે નિરંતર આગળ વધતી જાય છે તથા કઠીનમાં કઠીન જીવનને પણ સહજતાથી પાર કરી લે છે.

**ગાયત્રી શક્તિપીઠ, ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## અગાઉ ક્યારેય જોયું ન હોય તેવું યુદ્ધ અફઘાનિસ્તાનમાં સરહદ પરના સૈનિકો દ્વારા લેવામાં આવેલા શોટ , ડિસ્કવરીની નવી સીરિઝ ટેકિંગ ફાયર આધુનિક યુધ્ધ-પરિસ્થિતિનો એક અસાધરણ પ્રથમ- આઈવ્યુ આપે છે.



સૈનિકોની જેમ યુદ્ધનો અનુભવ લીધો છે. પોતાની નવી સિરિઝ ટેકિંગ ફાયર-લાઈવ ફોમઅફઘાનિસ્તાન સાથે , ડિસ્કવરી દર્શકોને સૈનિકોના હૈયાં અને મગજની અંદર લઈ જાય છે, એકચિત્ત હરણ કરનાર અનુભવ જે ક્યારેય ફિલ્મ પર જોવા મળેલ નથી. પહેલ -વહેલી વખત, ટેકિંગફાયર-લાઈવ ફોર્મ અફઘાનિસ્તાન કોમ્બેટ આઉટપોસ્ટ મિશિગન માટે ઉતારવામાં આવેલ ૧૦૧મીએરબોર્નના ચાર સભ્યોના યથાર્થદર્શનમાંથી દર્શકોને અફઘાનિસ્તાન વોરનો આંતરિક દેખાવ પુરો પાડે છે.કેટિંગ ફાયર-લાઈવ ફોમ અફઘાનિસ્તાન યુનાઈટેડ સ્ટેટ્સની સૌથી દુરની આઉટપોસ્ટસમાંની એકએવી પુથ્વી પર સૌથી જીવલેણ કહેવાતી જગ્યાઓમાંની એક તાલીબાનમાં અફઘાનિસ્તાનના ઉત્તરપુર્વમાં આવેલ કોરેન્ગલ ખીણ પ્રદેશ તરફ જવાના ગેટવે પર પ્રતિકાર કરવા ઉતારવામાં આવેલાભાઈઓના બેન્ડની કહાણી છે. હેલમેટ કેમેરાઓ તથા હેન્ડી કેમ્સ પર વાસ્તવિક યુદ્ધના ફુટેજ સહિતસ્વયં સરહદ પર મોરચા પર લડનાર પુરુષો દ્વારા સચિત્ર વર્ણન કરવામાં આવેલ , આ સામગ્રી અગાઉક્યારેય ટેલિવિઝન પર જોવામાં આવેલ નથી. દર્શકોને યુદ્ધના સમાચાર અહેવાલમાં કે પરપરાંગતદસ્તાવેજી નિરૂપણો જેના સાક્ષી નથી બન્યા તેવા આંતરિક અનુભવ માટે પોતાની સાથે લઈ જાય છે. ડિસ્કવરીની પાંચ-ભાગીની સીરિઝ ટેકિંગ ફાયર -લાઈવ ફોમ અફઘાનિસ્તાન ગુરુવાર , ૨જી ફેબ્રુઆરીના રોજ રાત્રે ૧૦ કલાકે શરૂ થશે અને અઠવાડિયા દીઠ એક એપિસોડ દર્શાવવામાં આવશે.

## વી-માર્ટે રજૂ કર્યા વેલ્યુ ક્લબ – એક વિશેષ પુરસ્કાર પ્રોગ્રામ

**આજે જે સભ્ય બનો અને પ્રત્યેક ખરીદી પર લાભ મેળવો**

ઉત્તરભારતમાં ઝડપથી વિકસિત ફેશન ચેન વી-માર્ટ રિટેલ લિ.એ ૧ ફેબ્રુઆરીએ પોતાના રિવોર્ડપ્રોગ્રામને રજૂ કર્યો. પ્રતિદિન વી માર્ટ પર આવતા ૬૦,૦૦૦ ગ્રાહકોને ખરીદીનો શ્રેષ્ઠ અનુભવ આપવા માટે વી-માર્ટ નિરંતર પ્રયાસરત છે.વેલ્યુ ક્લબ એક અનોખો રિવોર્ડ પ્રોગ્રામ છે, જે પોતાના ગ્રાહકોની ખરીદીને વધુ ફાયદાકારક બનાવે છે તથા વી-માર્ટપ્રયત્ન કરે છે કે ઑફરને ગ્રાહકોની જરૂરિયાતો પ્રમાણે બનાવી શકાય. આ પ્રોગ્રામ ગ્રાહકોને તેમની ખરીદીના આધારપર પુરસ્કાર તથા પ્રોત્સાહન આપે છે. વેલ્યુક્લબ પોતાના ટેગલાઈન, એડ રિવોર્ડ્સ એડ હેપ્પીનેસને લઈને એક વગર કાર્ડનો લોયલ્ટી પ્રોગ્રામ છે જ્યાં પોતાના૧૦ આંકડાનો મોબાઈલ નંબર આપીને વેલ્યુય ક્લબના સભ્ય બની શકાય છે.વેલ્યુક્લબ એક બહુસ્તરીય પ્રોગ્રામ છે, જે ગ્રાહકોના વી-માર્ટથી હજી સુધીની ખરીદીના આધારે પુરસ્કૃત કરવાનું લક્ષ્ય રાખે છે. આ પ્રોગ્રામમાં અમને વી-માર્ટના નિયમિત ગ્રાહકોને ઓળખવામાં મદદ કરશે, જેથી અમે આના વિશેષસુવિધાઓ જેમ કે ફ્રી પાર્કિંગ, અમારા ઈઓએસએસનો આ વિશેષ પ્રિવ્યુ, નવા સંગ્રહના લોન્ચની સૂચના તથા ફ્રી બેગવગેરે આપી શકે. અમે વેલ્યુ ક્લબને રજૂ કરવા માટે ખૂબ જ ઉત્સાહિત છીએ, અને અમને આશા છે કે આ પ્રોગ્રામની મદદથી અમારા ગ્રાહકોથી અમે વધુ જોડાઇ શકીશું.

વેલ્યુ ક્લબમાં પોતાનું નામ નોંધાવવા માટે –. વી માર્ટના કોઈપણ સ્ટોરમાં જાઓ . અમારી વેબસાઈટ www.vmart.co.in થી પણ રજિસ્ટર કરી શકો છોલોયલ્ટી પ્રોગ્રામનો લાભ પ્રાપ્ત કરવા માટે વી-માર્ટમાં રજિસ્ટર થવાના ત્રણ માસની અંદર રૂ. ૧૯૯૯ની ખરીદી કરો.જ્યારે ગ્રાહક એક સ્તરથી બીજા સ્તર પર આવશે તો વધુ લાભ પ્રાપ્ત કરી શકશે. વેલ્યુ ક્લબનો ૪ સ્તરનો પ્રોગ્રામ છે, જેમાં આધાર, રજત, સ્વર્ણ તથા પ્લેટીનમ સ્તર છે.એફએમસીજી ઉત્પાદન મતલબ ઝડપથી ચાલતા ઉત્પાદન માટે પ્રત્યેક ૩૦૦ રૂ.ની ખરીદી પર એક પોઈન્ટ આપવામાં આવશે, ભલે ગ્રાહક કોઈપણ સ્તરે હોય.

## ઈનમેમોરિયા પ્રોડકક્ટસ એન્ડ સર્વિસીઝ એલએલપી દ્વારા અનોખા હેલ્થકેર એન્ડ વેલનેસ ડિસ્કાઉન્ટ કાર્ડની રજૂઆત

અમદાવાદ

હેલ્થકેરનો ખર્ચ પારિવારીક બજેટમાં ખૂબ મોટો ધક્કો પહોંચાડી શકે છે અને તેથી મેડિકલ ઈન્સ્યોરન્સહોય છે પરંતુ નાના ખર્ચ જેમકે પેથ લેબ્સ, ડેન્ટલ ક્લિનીક્સ અને વેલનેસ સેન્ટર્સ કે જે ઈન્સ્યોરન્સમાં સામેલ થતા નથી, તેની રકમ ઘણીમોટી થઈ જતી હોય છે.આવા ખર્ચને ઈનમેમોરિયા પ્રોડકટસ એન્ડ સર્વિસીઝ એલએલપી કે જે અમદાવાદ સ્થિત રજિસ્ટર્ડ કંપની છે તેણે અનોખું હેલ્થકેર એન્ડવેલનેસ ડિસ્કાઉન્ટ કાર્ડ બ્રાન્ડ નેઈમ ઈનમેમરીકેરથી રજુ કર્યું છે. આ કાર્ડ કાર્ડ હોલ્ડરને ડિસ્કાઉન્ટેડ કિંમતે વિવિધ પેથોલોજી લેબ્સ,ડાયોગ્નોસ્ટીક સેન્ટર્સ, હોસ્પિટલ્સ, નર્સિંગ હોમ્સ, ડેન્ટલ ક્લીનીક્સ, સ્પા અને વેલનેસ સેન્ટર્સ, ફાર્મસીઝ અને અન્ય હેલ્થકેર સેન્ટર્સમાંસેવાઓ મેળવવા તક આપે છે.'ઈનમેમરી કેરનો પ્રારંભ ભારતમાં હેલ્થકેરને કિફાયત અને એક્સેસીબલ બનાવવાનાહેતુથી થયો છે. અમારૂ સ્વપ્ન છે કે ઓછા લોકો બીમાર પડે, ઓછા લોકો હોસ્પિટલમાં જાય, ઓછા લોકો સહન કરે.'તેમણે કહ્યું હતું, 'અમે તમને કિફાયત કિંમતમાં સ્વસ્થ રહેવામાં મદદ કરીશું. તે પછી બ્લડ ટેસ્ટ હોય અને ડાયાબિટીક ચેકઅપ હોય કેતમામ મેડિકલ ચેક અપ બાળકો માટે કે પછી તમારી પત્ની કે તમારા માતાપિતા માટે હોય, આ એક્ટીવિટીઝ અને ખર્ચ વિશે આપણે વિચારતા હોતા નથી પણ બજેટને અસર કરતા હોય છે, તેમાં રાહત મળી શકે છે.' આ કાર્ડ ઓનલાઈન તથા લોકલ રિટેલર્સ પાસે ઉપલબ્ધ છે. રૂ. ૯૯૯ની રિઝનેબલ કિંમતમાં તે પ્રાપ્ય છે અને એક વર્ષ માટે માન્ય છે. જે તમે સમગ્ર પરિવાર માટે ડિસ્કાઉન્ટ મેળવવા માટે અનેકવાર ઉપયોગમાં લઈ શકો છો, જે પાર્ટનર એસ્ટાબ્લિશમેન્ટમાં પ્રાપ્ત થશે.

## આઈએમએ એ અમદાવાદના ડૉક્ટરોને વધતા હૃદય રોગો વિશે શિક્ષિત કર્યા



અમદાવાદ

ઈન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા અમદાવાદમાં મેડિકલ એજ્યુકેશન પ્રોગ્રામ આયોજિત કરવામાં આવ્યો જેમાં ભારતીય લોકોમાં ઝડપથી વધી રહેલા દિલના રોગો વિશે ચર્ચા કરવા સાથે જ કાર્ડિયોલૉજી પ્રેક્ટિસના લક્ષ્યોની પૂર્તિના મહત્વ પર પણ વિચાર કરવામાં આવ્યો. આ ગેટ ટૂ ગોલ નામક સીએમઈમાં શહેરના પ્રમુખ ડૉક્ટરોએ ભાગ લીધો. પશ્ચિમી અને એશિયાઈ "દેશોમાં ૨૦૨૦ સુધી દિલના રોગો મૃત્યુનું "મુખ કારણ બની જશે. ભારતમાં દિલના રોગ ચતુર્થાંશ મૃત્યુનું કારણ બનેલ છે અને આ બીમારીઓ નાની ઉંમરમાં મૃત્યુનું મુખ્ય કારણ બની રહ્યું છે. સૌથી મોટી સમસ્યા એ છે કે લોકોને આના કારણો અને લક્ષણો વિશે જાણકારી નથી હોતી.યૂએસવી પ્રાપ્ય અનકંડીશનલ ગ્રાન્ટ અંતર્ગત આઈએમએ સમગ્ર ભારતમાંથી કાર્યક્રમોની શ્રેણી આયોજીત કરશે. જેનો હેતુ ૩૦ પ્રદેશોમાં આઈએમએની ૧૭૦૦ શાખાઓના અઢી લાખ સભ્યોને છ મહિનાની અંદર હૃદય સંબંધિત રોગોના વધતા કેસ વિશે જાગૃત કરવાનો છે.આળસી જીવનશૈલી, જૈનેટિક કારણો અને પર્યાવરણના વધતા ખતરાને કારણે હૃદયના રોગોમાં ભારે વધારો થયો છે. અહીં સુધી કે યુવાનો અને મહિલાઓમાં પણ આ રોગ ઝડપથી ફેલાઈ રહે છે. આ સમસ્યાથી નિપટવા માટે દેશભરમાં એક જાગૃતતા અભિયાન ચલાવવો સમયની મુખ્ય માંગ છે. છાતીમાં અસહજતા, ભારેપણું, દર્દ, જલન, શ્વાસ ફૂલવી, ધકધક, અસામાન્ય ધડકન, બેચૈની, ચર આવવા અને અચાનક બેહોશ થઈ જવું જેવા સંકેતો નજરઅંદાજ ન કરવા જોઈએ. આ સંકેતો વિશે સતર્ક હોવું જરૂરી છે, કેમકે જો ઓન જલ્દી જાણી લેવામાં આવે તો આને સંભાળવાના પગલા તરત જ ઉઠાવી શકાય છે અને સ્વાસ્થ્યમાં શ્રે"ઠ સુધાર થઈ શકે છે. ડૉક્ટરોએ મોટા પાયે હૃદયના વિકારો અને હૃદય માટે સ્વાસ્થ્ય"દ જીવનશૈલી સ્વીકારવા માટે જાગૃતતા અભિયાન શરૂ કરવું જોઈએ.દિલના રોગોના કારણમાંથી એક છે હાઈપરટેન્શન કે હાઈ બ્લડ "શર. ૨૫ વર્ષથી વધુ ઉંમરના ત્રણ વયસ્કોમાંથી એક છે આ સમસ્યા અને સમગ્ર દુનિયામાં ૧ બિલીયન લોકો આનાથી પીડિત છે. હૃદયના રોગો અને સ્ટ્રોક માટે આ સૌથી મુખ્ય કારણ છે. હૃદયના રોગોને રોકવાની સૌથી યોગ્ય રીત છે હાઈ બ્લડપ્રેશર, કોલેસ્ટ્રૉલ, હાઈ બ્લડ ગ્લૂકોઝ અને મોટાપાને નિયંત્રિત કરવું. આપણી જીવનશૈલી આપણા સ્વાસ્થ્ય પર ઊંડી અસર કરે છે આ વાત હૃદય માટે પણ સાચી છે. જો તેની જીવનશૈલીમાં બદલાવ લાવવામાં આવે તો સ્વાસ્થ્યમાં સુધારો થઈ શકે છે. મૂલ્યવાન જીવન બચાવી શકાય.

## સુલા ફેસ્ટ ૨૦૧૭ સાથે રો પ્રેસરી જોડાયુ

ભારતનો સૌથી મોટા વિકેન્ડ ફેસ્ટીવલ સુલા ફેસ્ટ ૨૦૧૭ આ વખતે વધારે રોનક જોવા મળશે. તેનુકારણ છે કે ભારતની અગ્રણી કોલ્ડ પ્રોસેસ્ડ જ્યુસ કંપની રો-પ્રેસરી આ વર્ષે ટાઈટલ સ્પોનર્સ તરીકેસુલા ફેસ્ટ ૨૦૧૭ સાથે જોડાઈ છે. મુંબઈમાં ત્રણ વર્ષ પુર્વે શરૂ થયેલી સ્ટાર્ટઅપ કંપની રો પ્રેસરી સુલાફેસ્ટ ૨૦૧૭ ખાતે આવતા તમામ ગ્રાહકોને પોતાની તરફ આકર્ષવાનો છે.સુલા ફેસ્ટમાં લોકોને રો પ્રેસરીનો અદભુત સ્વાદ મળશે અનેશરીરમાં કઈ રીતે બેલેન્સ બનાવી રાખવુ તેના અંગે માહિતગાર કરશે. તે ઉપરાંત ગ્રાહકોને સુલાફેસ્ટમાં રો પ્રેસરી દ્વારા એક અનોખો અનુભવ મળી રહશે.સુલા ફેસ્ટની ૧૦મી વર્ષગાઠ નિમિત્તે સુલા ફેસ્ટમાં ઉપસ્થિત તમામ લોકો આ વખતે રો પ્રેસરીનોનવીનત્તમ રો-સાઈકલના લોંચ સાક્ષી બનશે. ત્યારે આ તહેવાર લોકો માટે યાદગાર બની રહશે.

## 'કાર્તિક અને નાઈરાનાં લગ્નની બારાત તમારા શહેરમાં આવી રહી છે'

**દુલ્હાની બહેન કીર્તિ અને દુલ્હનની મામી વર્ષા અમદાવાદમાં સૌથી જોશીલા બારાતીને શોધી રહ્યા છે**



સ્ટાર પ્લસનો સૌથી લોકપ્રિય શો યે રિશ્તા ક્યા કહેલાતા હૈ, કાર્તિક અને નાઈરાનાં એક પરિણીત યુગલ તરીકે એક થવા સાથે ૨૦૧૭નાં સૌથી મોટા લગ્ન માટે તૈયાર થઈ રહ્યો છે. દર્શકો છેલ્લા આઠ વર્ષથી શો પર પ્રેમ છલકાવી રહ્યા છે અને હવે તેમને તેમનાં પ્રિય પાત્રોની નજીક લાવવા માટે, નિર્માતાઓ પહેલી જ વખત આવી પહેલ કરી રહ્યા છે.

લોકપ્રિય પાત્ર કીર્તિ ગોએન્કા (મોહેના કુમારી સિંઘ દ્વારા અભિનીત) અને વર્ષા (પૂજા જોશી અભિનીત) નાઈરા અને કાર્તિકનાં લગ્ન માટે સૌથી જોશીલા બારાતીને શોધવા માટે ગુજરાતની ભૂમિની મુલાકાત લેશે. નાઈરા અને કાર્તિકની રમણીય બારાત બે દિવસ એટલે કે રવિવાર, ૫મી ફેબ્રુઆરી અને સોમવાર, ૬ઠ્ઠી ફેબ્રુઆરી એ અંકુર ચાર રસ્તા (નારણપૂરા), સહજાનંદ કોલેજ, ઈસ્કોન મેગા મોલ, અમદાવાદ યુનીવર્સીટી, પાલડી ભઠ્ઠા, સેન્ટ્રલ મોલ/લો ગાર્ડન અને એચ કે કોલેજ નજીક રીવરફ્રન્ટ જેવા મોટા સ્થળોએ

આયોજિત કરાશે. પસંદ કરવામાં આવેલ વ્યક્તિને બારાતનાં પ્રસારણમાં સામેલ થવાનો અને બિકાનેરમાં જેનું શૂટ શેડ્યુલ કરવામાં આવ્યું છે તે વેડિંગ શૂટનો એક ભાગ બનાવાનો મોકો મળશે. તો તમારા શહેરમાં કાસ્ટને મળવા માટે અને તેમની સાથે ઉજવણી કરવા માટે તૈયાર થઈ જાઓ.કાઈરાની બારાત તમારા શહેરમાં આવે છે ત્યારે, કેટલાક મનોરંજક ડાંસ સ્ટેપ્સ જેવા થોડાં સરળ ડાંસ સ્ટેપ્સ, શો વિશેની જાગરૂકતા અને આકર્ષક વાતચીત વડે બિકાનેરમાં વેડિંગ શૂટમાં હાજર રહેવાની તક મેળવો.

## ભાસ્કર એન્ટરટેઈનમેન્ટ એન્ડ આર ફિલ્મસ પ્રોડક્શનની 'તૃપ્તિ' ફિલ્મમાં પોલીસ ઓફિસરની ભૂમિકાને ઉજાગર કરતો સંજય મોર્ય



સંજય મોર્ય એક એવો અભિનેતા છે, જે દરેક રોલમાં ઉમદા અભિનય આપવામાં માહેર છે. તેણે એક્શનની સાથે રોમેન્ટિક રોલ પણ કર્યા છે, અભિનેત્રી કિરણ આચાર્યની સાથે તેણે છેલ્લે દે તાલી નામની ફિલ્મમાં એક સફળ જોડી તરીકે લોકોમાં ચર્ચાઓ ઉભી કરી હતી. હવે તે ભાસ્કર એન્ટરટેઈનમેન્ટ એન્ડ આર.ફિલ્મ્સ પ્રોડક્શન પ્રસ્તુત 'તૃપ્તિ' ફિલ્મમાં એક પોલીસ ઓફિસરનો રોલ કરી રહ્યો છે. તે આ ફિલ્મમાં કેવી રીતે આ મિસ્ટ્રીને શોધે છે એ તો ફિલ્મ જોયા પછી જ ખબર પડે પણ તેના અભિનયની નોંધ તો દર્શકોએ ચોક્કસ લીધી છે. 'તૃપ્તિ' ફિલ્મના નિર્માતા રાજુ ગડા અને ઈશ્વર જાતાવડીયા છે. દિગ્દર્શક શબ્બીર શેખ છે. સહનિર્માતા મણીલાલ ગામોટ, અજય ગોર, અલીભાઈ ખલીફા અને ગફુરભાઈ ખલીફા છે. સહદિગ્દર્શનમાં સાકેત ચૌધરી છે. કથા રાજુ ગડાએ પોતે જ લખી છે. જયારે પટકથા અને સંવાદો ઝાકીર અહેમદના છે.

## ડેરી ઉદ્યોગમાં ગતિશીલતા અને ગ્રાહક માંગ અંગે નેશનલ સેમિનાર

આણંદ

એસએમસી કોલેજ ઓફ ડેરી સાયન્સ, આણંદ એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી દ્વારા આયોજીત "ડેરી ઉદ્યોગમાં ગતિશીલતા અને ગ્રાહક માંગ ("Dynamism in Dairy Industry and Consumer Demands")" વિષયે તા.૪ ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ યોજાયેલા પરિસંવાદને સંબોધન કરતાં એનડીડીબીના ચેરમેન શ્રી દિલિપ રથે જણાવ્યું હતું કે "ભારતમાં ડેરી પ્રવૃત્તિ એ માત્ર બિઝનેસ નથી, પણ ખેતીની તુલનામાં સ્થિર રોકડ પ્રવાહને કારણે તેમજ દૂધાળા ઢોર રાખતા પરિવારોની પોષણ સલામતિને કારણે કરોડો નાના ખેડૂતોની આજીવિકા સાથે વધુ સંબંધ ધરાવે છે." વાઈસ ચાન્સેલર-ડો. એન.સી. પટેલ, જીસીએમએમએફના એમડી-ડો. આર. એસ સોઢી, અમૂલના એમડી-ડો. કે.રથનમ, રિસર્ચ એન્ડ ડીન પીજી સ્ટડીઝના ડાયરેક્ટર- ડો. કે બી કથીરિયા, ડેરી સાયન્સના ડીન ફેકલ્ટી- ડો. જે.બી. પ્રજાપતિ અને એલ્યુમનિ એસોસિએશનના પ્રેસિડેન્ટ-ડો. ભદાણિયા આ પ્રસંગે હાજર રહ્યા હતા. "મૂલ્યની દ્રષ્ટિએ દૂધ એ ભારતની સૌથી મોટી કૃષિ પેદાશ છે અને તેનું મૂલ્ય ડાંગર અને ઘઉંના સંયુક્ત મૂલ્ય કરતાં પણ વધુ થાય છે. દૂધ ઉત્પાદન કરતા પરિવારો મુખ્યત્વે નાના ખેડૂતો છે અને બે હેક્ટર કરતાં ઓછી જમીન અને ૧ થી ૨ પશુ ધરાવે છે. ભારતમાં દૂધાળા ઢોરની માલિકી જમીન ધારણની તુલનામાં ખૂબ જ સમાનપણે વહેંચાયેલી છે. દૂધ ઉત્પાદનનું ભારતનું મોડેલ પાકના અવશેષો તથા ખેતીની પેટા પેદાશોનો ખોરાક તરીકે ઉપયોગ કરવા પર આધારિત છે અને તેમાં પરિવારનો શ્રમ ઉમેરાતાં સાધનોના મૂલ્યમાં વધારો થાય છે. જો આવું ન બને તો આર્થિક મૂલ્યના મર્યાદિત વિકલ્પો રહે છે." દૂધ ઉત્પાદનની વિપુલ ક્ષમતા હોવા છતાં એવા ઘણાં વિસ્તારો કે જ્યાં દૂધ સહકારી મંડળીઓ મર્યાદિત છે અથવા તો હાજરી ધરાવતી નથી ત્યાં ખાનગી ડેરી ક્ષેત્રએ તેમના દૂધના બિઝનેસનો હિસ્સો વધાર્યો છે.

## જેની પડખે પ્રભુ છે તેનો વાળ વાંકો કોઈ ના કરી શકે...

પ્રભુને ભજનારને કદાચ આપત્તિ આવે તો પ્રભુ સદાય પડખે ઉભા રહેશે. મહાભારતની દ્રોપદીના ૯૯૯ ચિર પૂરી કેવા રક્ષણ કર્યા. નરસિંહ મહેતાને પોતાના સ્વજનોએ ત્યાગ્યા તો દ્વારકાધિશ પ્રભુએ કેટલા બધા કામ કર્યા. શબરીને કયા ધર્મશાસ્ત્રો આવડતા હતાં, તેમ છતાં રામે કેવા દર્શન આપ્યા.

સંસાર ખારો દરિયો છે. સંસારની સોગઠાબાજીમાં જીતવું મુશ્કેલ છે. સંસારના લોકો સ્વાર્થથી ભર્યા છે. જરૂર હોય તમારી પાસે સંપત્તિ ગાડી હોય ત્યાં સુધી મસ્કા મારશે. બાકી આર્થિક કે શારીરિક માંદગીમાં સપડાયા તો તેઓ વિમુખ થઈ જશે. ભાઈ ! અહીં કોઈ કોઈનું નથી. પ્રભુ સમયસર છે તેને કોઈ સ્વાર્થ નથી. પ્રભુને ભજનાર ને કદાચ આપત્તિ આવે તો પ્રભુ સદાય પડખે ઉભો રહેશે. મહાભારતની દ્રૌપદીનાં નવસો ને નવાણું ચીર પૂરી કેવાં રક્ષણ કર્યા. નરસિંહ મહેતાને પોતાના સ્વજનોએ ત્યાગ્યા તો દ્વારકાધિશ પ્રભુએ કેટલાં બધાં કામ કર્યા. શબરી ને કયાં ધર્મશાસ્ત્રો આવડતાં હતાં પ્રભુ રામે કેવા દર્શન આપ્યા.પ્રભુને ભજી લો તેનો આશ્રય સ્વીકારો ગમે તેવી આફતમાં તે તમારી પડખે ઉભો રહેશે જ.'તું મારું મારું ન કર અહીં તારું શું છે સ્વાર્થ ભર્યા સમાજમાં તારું અહીં શું છે.

પુત્રો-પુત્રવધુઓ સંસારનો ખારો દરિયો છે મિલકત હોય તો મસ્કા મારે બાકી કોણ કોનું છે. તું મારું મારું શું કરે ? અહીં સ્વાર્થના હેરાફેરી છે કફન તારું છે બાકી બધું પડતું મૂકવાનું છે. આંગળીની વીંટી કાઢી લેશે, રૂપિયાની સોદાબાજી છે. સ્મશાન યાત્રામાં પણ સ્વાર્થની સોદાબાજી છે. પુત્રો બેસણાનો ફોટો પસ્તીમાં વેચનારા છે તું મારું મારું ન કર અહીં સ્વાર્થની હેરાફેરી છે અહીં સબંધો ત્રાજવાના તોલે તોલાય છે ભક્ત તારી વાડીને સૌ ઉજાણી કરનારા છે જિંદગીનું પહેલું કપડું જેનું નામ ઝભલું તેમાં કયાં ખિસ્સુ હતુ જીવનના અંતે જે ઝભલુ જેને લોકો કફન કહે છે તેને કયાં ખિસ્સુ છે ? વચગાળાના નાનકડા જીવન માટે લોહીનું પાણી કરવાનો શો અર્થ ? ઈશ્વર વીના જીવનની હસ્તી નથી, દુ:ખમાં હરપળે તે આવીને ઊભો રહે છે. ઉંમર થાય એટલે માણસે ધીમે ધીમે આ સંસારમાંથી આસકિત ઓછામાં ઓછી કરતા જવું એ એના પોતાના માટે સારું છે.

એક ભજન છે :- જેના ઘરમાં ભકિત ગાન તે ઘેર આવે રે ભગવાન જયાં સંત તણાં સન્માન તે ઘેર આવે રે ભગવાન.'

પ્રભુને ઘેર બોલાવવા હૃદયને મંદિર બનાવાની જરૂર છે. આજે કળિયુગ છે વાતે વાતે કલહ કમાવો અને ભોગવો એ જ કલિયુગ જયાં ત્યાં વાતે વાતે અવિશ્વાસ આવી કળિકાળમાં પ્રભુને જ સાથે રાખવા.મહાભારતના યુદ્ધમાં ઈંડાનો પ્રસંગ છે. રસ્તામાં ઈંડાં પડયાં હતાં. ઘોડા હાથી દોડાદોડી કરતા હતા. ઈંડાંનો કચ્ચર ઘાણ નીકળી જાય તેવી પરિસ્થિતિ હતી પણ પ્રભુને આ ઈંડા બચાવવા હતાં. અચાનક એક હાથીના ગળા ઉપર લટકાવેલ ઘંટ પડે છે ઈંડા ઘંટ નીચે સુરક્ષિત બને છે. ત્યારે અર્જુનને પ્રભુ કહે છે કે હે પાર્થ ! મારી ઈચ્છા બચાવવાની હોય તો દુનિયાની કોઈ તાકાત નથી કે તેને મારી શકે. પ્રભુનું ભજન સત્સંગ ભવરોગની દવા છે.ઈશ્વર સાથે જે પ્રેમ કરે છે તેને વિશ્વની કોઈ તાકાત બગાડી શકતી નથી. સુડીનો ઘા સોયથી પતે છે. રોજ સવારે પ્રાર્થના કરો કે હે પ્રભુ ! હું તારો છું, તારા કારણે છું. તારા વિના આ જગમાં મારું કોઈ નથી. મૃત્યુ વખતે સમાજના માનપત્રો સાથે આવશે નહિ. ભગવાનના દરબારમાં કરેલાં સદકાર્યો દાન અને પુણ્ય સાથે આવશે. અંતમાં : પ્રભુ ! સમય મારો સાધજે વ્હાલા જીભલડી મારી પરવશ બનશે હારી બેઠો હું હામ હારી બેઠો હું તો હામ એ રે સમય મારા વ્હારે ચઢીને રાખજે મારું નામ લાવજે તારું નામ માણસે પ્રભુને આ પ્રાર્થના કરવાની છે.

## કથાસાગર-આઝાદીમાં આનંદ

ચીનના મહાન દાર્શનિક ચ્યુઆંગ જૂ એક દિવસે નદી કિનારે બેઠા હતા. ત્યારે ત્યાંથી રાજા દરબારીઓ સાથે પસાર થયા. તેમણે ચ્યુઆંગને જોયા અને તેમની સાથે વાતચીત કરી. રાજા તેમના જ્ઞાન અને વિદ્વતાથી બહુ પ્રભાવિત થયા. મહેલ પર પહોંચતાં જ રાજાએ દૂત સાથે તેમને તેડું મોકલ્યું. જ્યારે ચ્યુઆંગ જૂ રાજમહેલ પહોંચ્યા તો રાજાએ તેમનું સ્વાગત કરતાં કહ્યું, 'હું તમારા વ્યક્તિત્વથી બહુ પ્રભાવિત છું. મને વિશ્વાસ છે કે તમે આ રાજ્ય માટે બહુ મહત્ત્વપૂર્ણ સાબિત થઈ શકો છો. તેથી હું તમને આ રાજ્યના પ્રધાનનું પદ આપવા માંગું છું.' ચ્યુઆંગ જૂએ રાજાની વાત શાંતિથી સાંભળતા હતા, સાથે જ રાજાના કક્ષમાં આમ-તેમ જોઈ લેતા હતા. અચાનક તેમની નજર કક્ષમાં મરેલા કાચબાના ક્લેવર પર પડી. ચ્યુઆંગે વિનમ્રતાથી રાજાને કહ્યું, 'હું તમારા પ્રસ્તાવ સંબંધે હા કે ના કહેતાં પહેલાં તમને કશું પૂછવા માગું છું.'

રાજાએ પ્રસન્ન ચિત્તે કહ્યું, 'પૂછો.' દાર્શનિક બોલ્યા, 'તમારા કક્ષમાં આ જે કાચબાનાં ક્લેવર પડ્યાં છે, જો તેમાં ફરીથી પ્રાણનો સંચાર થઈ જાય તો શું આ કાચબો તમારા આ સુસજ્જિત મહેલમાં રહેવાનું પસંદ કરે?' રાજાએ કહ્યું, 'ના, એ તો પાણીનો જીવ છે, પાણીમાં જ રહેવા માગે.' હસીને ચ્યુઆંગ જૂએ કહ્યું, 'તો શું હું આ કાચબાથી પણ વધારે મૂર્ખ છું, જે પોતાનું આનંદપૂર્ણ, આઝાદ જીવન છોડીને અહીં તમારા મહેલમાં પરતંત્રતા અને જવાબદારીઓના કાંટાનો તાજ પહેરીને જીવવા તૈયાર થઈ જાય? બંધનમાં બાંધનારું આ પ્રધાનપદું મને નથી જોઇતું.' દાર્શનિકના વિચાર સાંભળીને રાજાએ દાર્શનિકનું અભિવાદન કરતાં કહ્યું, 'તમે વિચારોથી જ નહી, આચરણથી પણ પૂર્ણ દાર્શનિક છે.'

## અંતર્દષ્ટિ-નામ સ્મરણ

અસલમાં પરમાત્માને પ્રાપ્ત કરવા માટે પોતાના જીવનને સાંસારિક બંધનોથી અલગ કરવું પડે છે, જેથી આપણી આંખો અને કાનોમાં સંસાર પ્રવેશ ન કરી શકે. મંદિરોમાં જોર-જોરથી મંત્રપાઠ કરવામાં આવે છે. ઘંટ, ઝાલર, મૃદંગ, શંખ અને નગારું જોરથી વગાડવામાં આવે છે. તેનો ઊંડો અર્થ છે. તેનો અર્થ છે કે જ્યારે મંદિરમાં મંત્રપાઠ થતા હોય, તો મંદિરની બહાર જે શોરબકોર થતો હોય, તેનો અવાજ મંદિર સુધી ન પહોંચે, જો પહોંચે તો પણ નગારાના અવાજમાં દબાઈ જાય. મંત્રપાઠમાં કોઈ વિઘ્ન ન આવે એટલે શંખ, મૃદંગ વગેરે વગાડવામાં આવે છે. જ્યારે તમે મૌન પાઠ કરો છો, તો કોઈના પગનો અવાજ પણ તમારું ધ્યાન ભંગ કરી શકે છે, પરંતુ જ્યારે તમે ખુદ જોર-જોરથી મંત્રપાઠ કરો છો, તો કોઈના આવવા-જવાથી કોઈ ફરક નથી પડતો. જોરથી બોલીને પ્રભુનું નામ લો છો, જેનાથી તમારું ધ્યાન ફક્ત ઈશ્વર પર લાગી શકે. તમારા પર બહારનો કોઈ પ્રભાવ ન પડી શકે. સાચું પૂછીએ તો સ્મરણને મતલબ છે પ્રભુ સાથે એકાકાર થવું. પ્રભુના નામનું સ્મરણ કરતી વખતે આપણું મન વિચલિત ન થાય, ક્યાંય ભાગે નહીં, તેથી રામ-નામનો જાપ કરવામાં આવે છે, જેથી કામ, ક્રોધનો કોઈ પ્રભાવ આપણા પર ના પડે. જ્યારે બહારનો પ્રભાવ આપણા મન પર નથી પડતો, ત્યારે જ આપણું મન પરમાત્મા પર કેન્દ્રિત થઈ શકે છે. મૂળ પ્રશ્ન છે કે જો સાધકનું સંયમપૂર્વક પરમાત્મા પર ધ્યાન હોય તો કોઈના નામ સ્મરણનું બહુ મહત્ત્વ નથી. નામ સ્રમણ તો તમને પ્રભુ સાથે જોડે છે. પ્રભુ સુધી પહોંચાડીને તે પાછળ હટી જાય છે.

તમે મૂર્તિ પૂજા કરે છે. મૂર્તિ પથ્થરની બનેલી હોય છે. એ જે મૂર્તિ ઊભી છે, ત્યાં જતાં જ આપણે આપણા બહારના વિકારો છોડીને મૂર્તિ પર ધ્યાન લગાવીએ છીએ અને તે મૂર્તિ અમૂર્ત બનીને આપણને પરમાત્માની અનુભૂતિ કરાવી દે છે. મૂર્તિ પરમાત્માની અનુભૂતિ કરાવવાનું સાધન છે. એવું એટલા માટે, કારણ કે પરમાત્મા તો અમૂર્ત છે. આ અમૂર્ત પરમાત્મા સુધી જતાં પહેલાં આપણે ખુદ અમૂર્ત બની જવું પડે છે. અહી તમામ વિકારોને છોડી દેવા પડે છે. એવું એટલા માટે, કારણ કે તમે તો સ્થૂળ છો, પરમાત્મા સૂ-મ છે. સ્થૂળનું સૂ-મ સાથે મિલન કઈ રીતે થાય? એટલે તમારી તમામ સ્થૂળતા છોડવી પડશે. નામનું સ્મરણ પરમાત્મા સુધી પહોંચાડે છે. નામ આંગળી પકડીને પરમાત્માના દરવાજા સુધી પહોંચાડી દે છે. હવે તમે પરમાત્માની અનુભૂતિ કરો, પરંતુ તેના પહેલાં વ્રત, કીર્તન, ભજન, જે નામ-સ્મરણની પ્રક્રિયા છે, તે કરીને પહેલાં પોતાના વિકારોને નષ્ટ કરો. કારણ કે પરમાત્માને નિર્મળતા પસંદ છે.

# દિવ્યજ્યોત

અધ્યાત્મ, ધર્મ, ભકિતને લગતાં સાહિત્યનાં અજવાળાં...


## સુવાકયો

કોઈ મહાન વ્યક્તિ અવસરની કમીની ક્યારેય ફરિયાદ નથી કરતી.
અનશનથી વધીને કોઈ તપ નથી.
આપણે જે અન્યને સુખ કે દુ:ખ આપીએ છીએ તે આપણને પણ ભોગવવા પડે છે.
અસ્પૃશ્યતા આપણા સમાજ અને દેશના મસ્તક પર કલંક છે.
પ્રત્યેક સારા કાર્યો પહેલા તો અસંભવ જ લાગે છે.
આત્મગૌરવ ખોઈનાખનારનું જીવન મૃત્યુ સમાન છે.
આળસમાં દરિદ્રતાનો વાસ હોય છે.
હરિ વ્યાપક સર્વત્ર સમાના, પ્રેમ તે પ્રગટ હોહિ મૈ જાના.
જડતા નિર્દયતાની જનની છે.



**આરાધના** — નાથાલાલ બ્રહ્મક્ષત્રીય

## વિપ્ર, ધેનુ, શૂર, સંતહિત, લીન્હ મનુજ અવતાર

**આરાધના** — નાથાલાલ બ્રહ્મક્ષત્રીય

હતું અને

વેદપાઠી, બ્રહ્મજ્ઞાની બ્રાહ્મણો, ગૌમાતા, શુરવીરો તથા જતી, સતી અને સંતોની હીતની રક્ષા કરવા ભગવાન મનુષ્યનું રૂપ લઈને આ ધરતી ઉપર પ્રગટ થાય છે. ભાગવત કથા લોકપાવતી ગંગા છે.

ભાગવત કથા ગંગા પાર કરવાની નાવડી સમાન છે.જેના સહારે ભવસાગર પાર કરી શકાય છે.

ભાગવત કથા નારદજી અને ગોપ ગોપીઓ જેવા જીવો માટે અમૃત છે.

ભાગવત કથા સર્વ ભવરોગોની ઔષધિ છે.

જેના અસ્તિત્વનો કદી છેદ ઉડતો નથી, કદી બોધ થતો નથી તેવા ભગવાન સત્ સ્વરૂપ છે.

ભગવાન આખાય જગતનું બીજ છે. વૃક્ષ બને તે પહેલાં બીજ હતું પછી છોડથયો, વૃક્ષ થયું તેની શાખાઓ ઉપર ફળ આવ્યાં, તેમાંથી બીજ ઉત્પન્ન થાય છે. આમ બીજ, વૃક્ષની પહેલાં પણ બીજ હતું. વૃક્ષની ડાળી ઉપર પણ બીજ વૃક્ષના સુકાઈ ગયા પછી પણ તે બીજ જ રહે છે તેમ પરમાત્મા આદિ, મધ્ય અને અંત સમયે પણ બીજ સ્વરૂપે મોજુદ છે.

ગાય પોતાના વાછરડાને જેટલી ઉત્કષ્ટતાથી પ્રેમ કરેછે તેટલી ઉત્કટતાથી આપણે પરમાત્માને પ્રેમ કરવાનો છે.

પક્ષીનું નાનું બચ્ચું તેની માની આવવાની જે ઉત્કટતાથી રાહ જુએ છે તેટલી ઉત્કટતાથી આપણે ભગવાન માટે દર્શાવતાં શીખવું છે.

પાણીમાં કાંકરો નાખવાથી પાણીમાં તરંગો ઉઠે છે અને થોડીવાર પછી તે શાંત થઈ જાય છે. તેમ આ સંસારમાં સુખ દુ:ખ રૂપી તરંગો ઉઠે છે જે થોડીવારમાં શાંત થઈ જશે તેવો ખ્યાલ રાખીને સુખ દુ:ખમાં સમ રહેતાં શીખવું છે.

ભક્તિના બે પુત્રો જ્ઞાન અને વૈરાગ્ય, કળીયુગમાં જ્ઞાન અને વૈરાગ્ય ઘરડા થાય છે એટલે ઘટી જાય છે.

જ્ઞાન અને વૈરાગ્ય જીવનમાં


અનુસંધાન પાના નં.૬ ઉપર


## મન:પ્રસાદ:સૌમ્યત્વં મૌનમાત્મવિનિગ્રહ:। ભાવસંશુદ્ધિરિત્યેતત્તપો માનસમુચ્યતે ।।

**અધ્યાત્મ** — ૫૫૫ પ્રિ.ડૉ.હેમરાજભાઈ આર.પટેલ

માણસનું વ્યક્તિત્વ ત્રણ પડમાં વહેંચાયેલું છેઃ શરીર, વાણી અને મન. આને અનુસરીને સૌ પ્રથમ ગીતાકારે ત્રણ પ્રકારના 'તપ'ગણાવ્યા છે. માણસની ભાવનાનું પ્રતિબિંબ એની સઘળી પ્રવૃત્તિઓમાં પડતું હોય છે. આ સઘળી પ્રવૃત્તિઓ અને વ્યવહારો ગુણભેદથી ભિન્નતા ધારણ કરે છે. શારીરીક અને વાચિક તપનું વર્ણન કર્યા બાદ એ માનસિક-માનસ તપને સમજાવતાં ભગવાન કહે છે કે :

**મન:પ્રસાદ:સૌમ્યત્વં મૌનમાત્મવિનિગ્રહ:।**
**ભાવસંશુદ્ધિરિત્યેતત્તપો માનસમુચ્યતે ।। ૧૭-૧૬ ।।**

મનની પ્રસન્નતા કે સ્વસ્થતા (મન:પ્રસાદ:), સૌમ્યતા, શાંત સ્વભાવ, બીજાઓ પ્રતિ કપટરહીત હોવું, સરળતા (સૌમ્યત્વમ્) મૌન વિચાર ગાંભીર્ય પરમાત્માનું મનમાં ચિંતન (મૌનમ્)આત્મસંયમ-મનનો નિગ્રહ-મનનો નિરોધ (આત્મ વિનિગ્રહ:) ભાવની શુદ્ધિ અંત:કરણના ભાવોની પવિત્રતા (ભાવ સંશુધ્ધિ) આ પ્રમાણેનું (ઈતિ) આ એ (એતત્) મનનું-માનસિક (માનસમ્)તપ (તપ)કહેવાય છે. (ઉચ્યતે)

મનની પ્રસન્નતા, સૌમ્યભાવ મૌન, આત્મસંયમ, મનની વૃત્તિઓ ઉપર કાબુ અને ભાવનાની શુદ્ધિ એ મનનું માનસિક તપ કહેવાય છે. 'મન:પ્રસાદ' એટલે મનની પ્રસન્નતા. ઉદાસ મન એ સાંસારીક મનુષ્યનું લક્ષણ છે. જ્યારે મનની પ્રસન્નતા એ સાધુતાનું લક્ષણ છે. વસ્તુ, વ્યકિત, દેશ, કાળ, પરીસ્થિતિ,ઘટના વગેરેના સંયોગથી ઉત્પન્ન થનારી પ્રસન્નતા સ્થાયીરૂપે કાયમી નથી.કારણ કે જેની ઉત્પત્તિ થાય છેતે સ્થિર રહેતી નથી. મનની પ્રસન્નતા પ્રાપ્ત કરવાના ચાર ઉપાય છે.૧.સાંસારીક વસ્તુ, વ્યક્તિ, દેશ,કાળ, પરીસ્થિતિ, ઘટના વગેરેને લઈને મનમાં રાગ અને દ્વેષ પેદા ન થવા દેવા.૨. પોતાના સ્વાર્થ અને અભિમાનને લઈને કોઈ પ્રત્યે પક્ષપાત ન રાખવો. ૩. મનને હંમેશા દયા, ક્ષમા, ઉદારતા વગેરે ભાવોથી ભરેલું રાખવું અને ૪. મનમાં પ્રાણી માત્રનું હિત રાખવું.

'મનપ્રસાદ' નો અર્થ શ્રી શંકરાચાર્ય મનની પ્રસન્નતા, શ્રી રામાનુજાચાર્ય 'રાગદ્વેષ રહીતતા' અને શ્રી મધુસુદન વિષયની ચિંતાથી વ્યાકુળતાનો અભાવ, એવો કરે છે. સૌમ્યતત્વમ્ એટલે શાંત સ્વભાવ-ચિત્તની શાંતિ, નિરંતર બીજાઓનું ભલું કરવાનો જ વિચાર, મનને કપટભાવ વિનાનું અને ભુત માત્રના હિતમાં પરોવાયેલું રાખવાથી તે સૌમ્ય એટલે કે સરળ ભાવ વાળું થશે. 'મૌનમ્' એટલે અનુકુળ-પ્રતિકુળ, સંયોગ-વિયોગ, રાગ-દ્વેષ, સુખ-દુ:ખ વગેરે દ્વંદ્વોને લઈને મનમાં ચહલ પહલ ન થવી, અહીં મૌનપદ વાણીના મૌન (ચુપ રહેવું) નું વાચક નથી જો એ વાણીના મૌનનું વાચક હોત તો એનો સમાવેશ 'વાચિક તપ' માં કરત પરંતુ અહીં 'મૌન' શબ્દ મનના માનસિક તપ માટે પ્રયોજાયો છે.ગીતામાં મોટા ભાગે જોવા મળે છે કે જ્યાં અર્જુનનો ક્રિયાપરક પ્રશ્ન હોય છે. ત્યાં ભગવાન ભાવપરક ઉત્તર આપે છે.

'આત્મવિનીગ્રહ' એટલે આત્મ સંયમ, મનનો નિગ્રહ એટલે મન પ્રત્યે સતત જાગરૂકતા. મનનો સાચો નિગ્રહ એ છે કે મન સાધકના વશમાં રહેવું જોઈએ. એટલે કે મનને વશીભુત કરવું એ જવાસ્તવમાં 'આત્મ વિનિગ્રહ' છે. મનને ઈંદ્રીય સુખથી વછોડવું એ આત્મ સંયમ છે.'ભાવસંશુદ્ધિ' એટલે સ્વભાવ કે વિચારની પવિત્રતા. જે ભાવમાં પોતાનો સ્વાર્થ અને અભિમાનનો ત્યાગ હોય તેમજ બીજાઓની હિતકારકતા હોય એને ભાવની મહાન પવિત્રતા કહે છે. માણસે બીજાઓ સાથેના વ્યવહારમાં સરળ, પ્રામાણિક રહી જીવનને શુદ્ધ બનાવવું એ ભાવશુદ્ધિ છે.

મનની વિક્ષિપ્તતા, ચિત્તની ચંચળતાને લીધે ઈંદ્રીયોનું તેમના વિષયો પ્રત્યેનું મૌન તુટી જાય છે. મન પ્રત્યે સતત જાગૃત ન રહેવાથી અંત:કરણના ભાવો બદલાયા કરે છે. અંત:કરણના ભાવો શુદ્ધ અને સ્થિર રહે તો જ માનસિક તપ સાધી શકાય. આમ મનની પ્રસન્નતા રાગ-દ્વેષાદિ રહીત મનને પ્રસન્ન કરનારી અંતઃ કરણની શાંત વૃત્તિ, સર્વ પ્રાણીઓના હીતની ઈચ્છા, નિષિધ્ધ વસ્તુઓના ચિંતનનો અભાવ, ઉપકાર કરનાર પ્રત્યે તેમજ અપકાર કરનાર પ્રત્યે પક્ષાંતરરહીત મનની અવસ્થા, મનના નિગ્રહથી કરેલો વાણીનો સંચય, આત્મ ચિંતનમાં પોતાના મનને સ્થિર કરવું, દ્રઢ કરવું તેમજ બીજાઓ સાથેના વ્યવહારમાં નિષ્કપટપણું આ બધા માનસ તપ કહેવાય છે. આ પ્રકારે જે તપમાં'મન' ની મુખ્યતા હોય છે તે માનસ મન સંબંધી તપ કહેવાય છે.

**જીવન દર્શન** — ભગવાનદાસ બંધુ

## હસવું, હસાવવું, અને હસી કાઢવુંના વિશિષ્ટ જીવનમંત્રથી અલગારી શિક્ષણમય જીંદગી જીવતા ડીસા કે.બી.અગ્રવાલ હાઈસ્કૂલના નિયામક નટુભાઈ વ્યાસ



જો થોડીક સમજણ કેળવવામાં આવે તો જીંદગી અતિશય સરળ છે નહીંતર જીંદગી ભાર રૂપ બની જાય છે. સમજણ માટે સતકાર્ય, સતસંગ, સદ્ગુરૂ અને સદ્મિત્રની જરૂર પડે છે. પિતા મણીલાલ મગનલાલ વ્યાસ અને માતા શ્રીમતી તુલસીબેનના પરિવારમાં તા. ૨૮-૧૦-૧૯૫૧ ના રોજ વડાવલી ખાતે જન્મેલા અને હાલે ડીસા ખાતે રહેતા નટવરલાલ મણીલાલ વ્યાસ (નટુભાઈ) મુળ પાટણ જીલ્લાના ચાણસ્મા તાલુકાના વડાવલીના વતની છે. એમ.એ.એમ.એડ.સુધીનો અભ્યાસ ધરાવતા નટુભાઈએ શિક્ષણ ક્ષેત્રે ઉચ્ચ સેવા આપી છે. શરૂઆતમાં પાંચ વર્ષ નીલપુર (કચ્છ) માં વિનયમંદિર ખાતે, પાંચ વર્ષ લોકનિકેતન રતનપુર ખાતે અને બાકીના ૨૪ વર્ષ સરદાર પટેલ હાઈસ્કૂલ ડીસા ખાતે મા સરસ્વતીના શિસ્તબદ્ધ સૈનિક તરીકે સેવા આપી તેઓ તા.૩૧-૧૦-૨૦૧૨ ના રોજ નિવૃત્ત થયા અને તા.૧-૧૧-૨૦૧૨ થી હરિ ૐ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કે.બી.અગ્રવાલ હાઈસ્કૂલના નિયામક તરીકે ઉમદા સેવા આપી રહેલ છે. હરિ ૐ એજ્યુકેશન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ સર્વ રમેશભાઈ અગ્રવાલ, દિલિપભાઈ ઠરીયાણી, હાપુજી ગેલોત, ઈશ્વરભાઈ આલમચંદજી ઠક્કર, ડૉ.કિશોરભાઈ આસનાની અને જશવંતભાઈ એન.ઠક્કર સહિત તમામ ટ્રસ્ટીઓ પણ તેમના કામથી અતિ સંતુષ્ઠ છે.

સંગીતના શોખીન નટુભાઈ લોકનિકેતનમાં સંગીત શિક્ષક તરીકે વ્યાયામ શિક્ષક તરીકે વધારાની કામગીરી કરતા હતા. મહાત્મા ગાંધી તેમના પ્રિય મહાનુભાવ છે અને સ્કૂલ દ્વારા ગાંધી ૧૫૦ ની ઉજવણી, ગાંધીકથા, ૨ ઓકટોબરની ભવ્ય ઉજવણી અને સંસ્કાર પ્રેરીત કાર્યક્રમો તેઓ કરાવે છે. ૩૦ લઘુકથા, ૫૦ કાવ્યો અને ૫૦ હાઈકુ તેમજ અન્ય લેખોના વાંચન સાથે તેમણે 'ઔદિચ્ય બ્રાહ્મણોનો ઈતિહાસ' એ નામનું એક પુસ્તક પણ લખ્યું છે. તેમનાં ધર્મપત્ની શ્રીમતી ભાનુબેન તા. ૨૫-૨-૨૦૧૩ ના રોજ અકસ્માતમાં મૃત્યુ પામ્યા હતા. તેમનો એક દિકરો યજુવેન્દ્ર ગવર્નમેન્ટ કોન્ટ્રાકટર છે. જેને ત્રણ બાળકો છે અને બીજો દિકરો રૂગવેન્દ્ર ડીસા કોર્ટમાં વકીલ છે જેને પણ બે બાળકો છે. ખુબ જ સૌમ્ય, સરળ, શાંત, સક્રીય અને નિરાળુ વ્યક્તિત્વ ધરાવતા નટુભાઈ વ્યાસ એક મળવા જેવા અને માણવા જેવા માણસ છે. ગાંધીજી, વિનોબા ભાવે, બબલભાઈ મહેતા, રવિશંકર મહારાજ, નરેન્દ્ર મોદીજી જેવાં વ્યક્તિત્વોનો તેમના જીવન ઉપર પ્રભાવ છે. મણીભાઈ સંઘવી, રમેશભાઈ સંઘવી, હરિસિંહજી ચાવડા, ડૉ. નવીનકાકા, ડૉ.એસ.ટી.કોટક, નકુલ ભાવસાર (આચાર્ય નીલપુર) જેવાં વ્યક્તિત્વો સાથે અંગત નાતો ધરાવતા નટુભાઈએ તેમની સૌની સાથે અવારનવાર બેસીને પોતાના જીવનને એક નવી દીશા આપી છે. તેમને અભિનંદન આપવા માટે તેમનો મો.નં. ૯૯૭૮૭૧૬૨૮૮ છે. ૬૩ વર્ષની ઉંમરે નિર્વ્યસની, નિરોગી કાયા ધરાવતા નટુભાઈ આજે પણ રોજ સવારે ૪ વાગે જાગી ઠંડા પાણીથી સ્નાન કરે છે. એક કલાક યોગ કરે છે, સાત્વિક ખોરાક લે છે અને દુરદર્શનના અતિ પ્રભાવ વચ્ચે પણ રોજ રાત્રે ૯ વાગે સુઈ જાય છે.

પ્રિ.છગનભાઈ, વિનુભાઈ જોષી, અનિલભાઈ જોષી, ખુશાલભાઈ પરમાર, જશુભાઈ ચૌહાણ, કનુભાઈ આચાર્ય, ડૉ. કલ્પેશભાઈ તલાટી, મહેશભાઈ જોષી (ગાયત્રી લેબોરેટરી), કિરણભાઈ ચાવડા (રતનપુર), નાથાભાઈ ખત્રી, નાનુભાઈ પટેલ, ભગવાનભાઈ બંધુ, ડૉ.અજયભાઈ જોષી, ડૉ. મનોજભાઈ અમીન, કનુભાઈ ચૌધરી, ડૉ.ડીકેશભાઈ ગોહિલ, નાનકભાઈ ઠક્કર, રમેશભાઈ અગ્રવાલ, ડૉ. કિશોરભાઈ આસનાની જેવા સન્માનીય વડીલો, મિત્રોને વારંવાર મળવાનું તેમને ગમે છે. ઢોંગી સાધુઓ, ધાર્મિક ફિરકાઓ, દંભી રાજકારણીઓ, વહેમી માણસો, ધાર્મિક ક્રિયાકાંડોનો અતિરેક એ બધી બાબતો પ્રત્યે તેમને ભારોભાર સુગ છે. આજે પણ રોજ સવારે હરિ ૐ એજ્યુકેશન ટ્રસ્ટના પ્રાંગણમાં સવારે ૭ વાગે પ્રવેશ કરી સાંજના ૬ વાગ્યા સુધી કેમ્પસમાં પૂર્ણ હાજરી આપી સંસ્થાના નિરંતર હિતમાં નિ:સ્વાર્થપણે તેઓ પોઝીટીવ કામગીરી કરે છે. વર્ક ઈઝ વર્શીપ (કામ એ જ પુજા) ને માનનારા નટુભાઈ વ્યાસ સદાય હસમુખા અને નિજાનંદી માણસ છે.તેમણે સેવાદળમાં પણ સર્વોત્તમ સેવા આપી છે.

મરવું ત્યાં સુધી સ્વસ્થ રહેવું, કાર્ય કરતા રહેવું, કેળવણીના જ કાર્યકર બની રહેવું અને મા સરસ્વતીના સદંતર ઉપાસક રહી ડીસા નગરના બાળકોનું ભલું થાય તેવી તેમની ઉચ્ચત્તમ સદ્ભાવના છે. પર્યાવરણ જાળવણી, કન્યા કેળવણી, અસ્પૃશ્યતા નિવારણ, વ્યસન મુક્તિ, વૃક્ષારોપણ, અંધશ્રદ્ધા નિવારણ જેવી બાબતોને તેઓ વધારે મહત્વ આપે છે. કે.બી. અગ્રવાલ હાઈસ્કૂલનું સમગ્ર પ્રાંગણ અને સંપૂર્ણ બીલ્ડીંગ પુર્ણ સ્વચ્છ રહે તે માટે પણ તેઓ જબરજસ્ત કાળજી રાખે છે. સંસ્થાના સમગ્ર સ્ટાફને સાથે રાખી પ્રોત્સાહીત કરી સંસ્થા તેમજ ડીસા નગરના હિતમાં તેઓ કામગીરી કરે છે. મારે અવારનવાર તેમને મળવાનું થાય છે ત્યારે તેમની પાસેથી કેટલાક સારા વિચારો મળે છે અને ડીસા નગર માટે કામ કરવા ઈચ્છતા સજજનો, સન્નારીઓ માટે પણ નટુભાઈનું કાર્ય દીવાદાંડીરૂપ છે. તેઓ બાળકોને HEAD, HEART અને HAND આ ત્રણેય H ની જાળવણી થાય તે માટેની કેળવણી ઉપર ભાર મુકી સતત માર્ગદર્શન આપે છે. સેવાના ભેખધારી નટુભાઈ વ્યાસના સર્વોત્તમ કાર્ય અને વિચારોને અઢળક અભિનંદન અને નિરામય દીર્ઘાયુ માટે પણ ખુબ ખુબ શુભકામનાઓ..નટુભાઈ વ્યાસની ામગીરીને સાચા અર્થમાં નિહાળવી હોય તો હરિ ૐ એજ્યુકેશન ટ્રસ્ટના પ્રાંગણમાં રૂબરૂ જઈ સમગ્ર પ્રાંગણનું નિરીક્ષણ કરવા જેવું છે અને ત્યાંના સ્ટાફને પણ રૂબરૂ મળી નટુભાઈ વિશે અભિપ્રાય મેળવવાની જરૂર છે.

**ભગવાનદાસ બંધુ મો. ૯૮૨૫૬ ૩૮૬૪૩**

## ચક્ષુષા મનસા વાચા કર્મણા ચ ચતુર્વિધમ્ ! પ્રસાદયતિ યો લોકં તં લોકોડનુપ્રસીદતિ !!

**ચિંતન** — યશપાલસીહ ટી.વાઘેલા

સંત ન હોત સંસારમાં તો જલી જાત બ્રહ્માંડ.. પૃથ્વીલોક પર આવો કોઈ અદ્વિતીય આત્મા સતત વિહરતો રહી જીવનું રક્ષણ કરી સાચા માર્ગે દોરે છે. સ્વર્ગ, નરકની ખાઈ કે વમળમાં ફસાતા અટકાવે છે, માનવીનો સાચો ધર્મ માનવતાએ મુખ્ય વાત માનવમાં સ્થાપિત કરી અન્ય જીવોને પર્યાવરણનું કવચ માનવી બને તે જ તેની મુખ્ય ભકિત હોય છે. ધર્મ ધર્મગ્રંથો, ધર્મ સ્થાનો પણ આ કડીને મજબુત બનાવવાના માધ્યમો જ છે. આપણી આજની ચિંતન રત્નકણીકામાં શરૂઆત કંઈક મેળવવા કે કંઈકથી છુટકારો પ્રાપ્ત કરવા મથામણ કરતો માનવ દેહ બીજા માનવદેહની હરકતથી જ્યારે દુ:ખી થાય છે ત્યારે તેની અસરબહુ ખરાબ સમગ્ર સમાજ એટલે 'માનવ' પર ચોક્કસ થાય છે. કેશવાનંદ, રાધેમા, આશારામને આજકાલ પ્રીન્ટ ઈલેકટ્રોનિક મીડીયા, સોશીયલ ગૃપ માધ્યમોમાં ચકચારી બનેલ 'સાધ્વી જયશ્રીગીરી' ના સાચા કરતૂતો બહાર આવયા ત્યારે સૌ કોઈ ચોંકી ઉઠયા. બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના મુકતેશ્વર મઠમાં જયશ્રીગીરી ઘણા સમયથી વિવાદના વંટોળમાં હતા પણ રાજકીય અધિકારી ને લુખ્ખાઓનું પ્રોત્સાહન મળે ત્યારે આવા લોકોને ખુલ્લા પાડવા બહુ અઘરી બાબત છે પરંતુ પાપ છાપરે ચડીને ચોક્કસ પોકારે છે. કુદરતી નિયમને આપણે સ્વીકારવો જ રહ્યો. પૃથ્વીલોક પરની જીવસૃષ્ટીમાં માનવી બુદ્ધિશાળી વર્ચસ્વશાળી જીવ હોવાથી તે પોતાની કલા શક્તિના કામણથી ઉભરી આવે છે. તેમાં નીખાલસતા નિર્દોષતા હોય તે બરોબર છે. કપટને બીજા દુષણો ઘુસીને તેને મહાન બનાવે છે ત્યારે તેના પાપનો ઘડો વહેલો મોડોચોક્કસ ફુટે છે ને એ સમયે લોકોમાંથી પણ બુમાબુમ થાય છે. આવા તત્વોને પ્રોત્સાહન આપવામાં એક 'ટોળી' ભાગ ભજવતી હોય છે ને તેમાંજે તે ગ્રામ્ય વિસ્તારમાં સજાગ બની જાય તો તેને મોકળું મેદાન મળતું હોતું નથી. સંસારના સુખ સાહ્નબી છોડીને જ્યારે એક આત્મા ધર્મ સમાજને સુધારવા નિકળ્યો હોય ત્યારે તેને જલસા જાહોજલાલી કરવાની કયાં જરૂર છે ? આજે મંદીરોને જલસાના આશ્રય સ્થાનો બનાવી દીધા છે. જ્યાં સારી પ્રવૃત્તિને માનવ જીવ માત્રમાં ઉદાર રક્ષણનું કાર્ય ચાલે છે તેની ચોક્કસ પ્રશંસા થવી જોઈએ. બાકી પ્રતિષ્ઠા, જીર્ણોદ્ધારને બીજું કંઈક તરકટ ઉભું કરીને 'ભંડારો' ભરીને ઔડી ડોડી લઈને ફરવું, સંસારીને ન શોભે તેવું વિહરવું ચરવું એ શું સુચવે છે. માનવીમાં રહેણી કરણી ખોરાકની અસર ચોક્કસ થાયછેને જેના પ્રત્યાઘાતો પણ જોવા મળે. સંત સાધુ મહાત્માના સ્વરૂપમાં જે આત્મા ઉભરી આવે છે તેની કંઈક વિશેષતા હોય છે. તે કોઈની આપેલી પદવી નથી પણ તેના કર્મ વ્યવહાર આચાર વિચારની આંધીમાંથી પ્રગટેલ એક દિવ્યજયોતિ જે માનવ જ નહીં અન્ય જીવો માટે પણ આકર્ષણનું કેન્દ્ર બને છે. તેના માટે કોઈ સીમા બંધનો હોતા નથી. એ અલગારી જીવ ગમે ત્યાં ગમે તે સ્વરૂપમાં જોવા મળે છે. કોઈ ચોક્કસ સ્થાન પહેરવેશથી આકર્ષાઈને જ્યારે માનવ માનવથી છેતરાય છે ત્યારે બુમાબુમ કરે છે તેના માટે જવાબદાર કોણ ? માનવી માનવ થાય તોય ઘણું આ પંક્તી પાછળ કંઈક આ સત્ય હકીકત છુપાયેલી હોઈ શકે છે.દિવ્યજ્ઞાન કે દિવ્ય શક્તિ પ્રાપ્ત થાય ત્યારે તેના મન મગજમાંથી રાગ, દ્વેષ, મદ, મોહ, લોભ જેવી તમામ ગ્રંથીઓ નાશ પામે છે તેને માટે તો બધું જ શકય હોય છે. પોતાની મસ્તીમાં જ સેવાને સમર્પણની આગળ વધે છે મારૂં નહી તારૂં ને તે રીતે તરે છે. આજે ભગવા, લીલા, લાલ, સફેદ, કાળા, બ્લ્યુ વસ્ત્રો,માળા, રૂદ્રાક્ષ પારાની કે અન્યની પહેલી વિવિધ પ્રકારના તિલકોને સ્થળોનો પ્રભાવ ઉભો કરીને લોકોને પોતાની તરફ આકર્ષવામાં જે સફળ થાય તે આજે પૂજાય છે. હમણાં સબ ટીવીની ચીડીયાઘર સીરીયલમાં રેલ્વેના ટીટીને કોઈ છુક છુક બાબા તરીકે સ્થાપીત કરે છે ને એવો માહોલ ઉભો કરે છે કે તેનામાં કોઈ વિશેષ શક્તિ આવી છે ને તેના થકી માનવીની તકલીફો દુર કરી શકે છે. બહેરા મુંગાને બોલતા કરે, દુખી લોકોના દુ:ખ દુર કરે ને આવા લોકો જાહેરમાં પોતાના પ્રતિભાવો વ્યકત કરે કે છુક છુક બાબાની કૃપાથી ત્રીસ ચાલીસ વર્ષથી બોલી ચાલી શકતો નહોતો તે હવે બોલી ચાલી શકે છે. અમારા ઘરમાં કકળાટ દુર થયો.. ધન સંપત્તિમાં વૃધ્ધિ થઈ. વર્ષોથી ઘર નહોતું બનતું ઘર બન્યું. છુક છુક બાબાની કૃપાથી પુત્ર પ્રાપ્તિ થઈ. આ રીતે એક રેલ્વેનો સામાન્ય માણસ છુક છુક બાબા તરીકે પુજાવા લાગ્યો ને લોકો પણ વા વાયો ને નળીયું ખસ્યું જેમ ટોળે ટોળા આવવા લાગ્યા. એ રેલ્વે ટીટી પણ મનોમન માનવા લાગ્યા કે પોતાનામાં કોઈ દિવ્ય શક્તિ આવી છે પરંતુ તેના પુત્રનો મિત્ર જ્યારે સાચી રીતે કોઈ કારણોસર કોમામાં જતો રહે છે ત્યારે તેને ભાનમાં લાવવા છુક છુક બાબા પ્રયત્ન કરે છે ને તેમાં નિષ્ફળ થાય છે.હકીકતમાં આવી કોઈ શક્તી તેની પાસે હોતી જ નથી. અમુક તત્વો એ ખોટા આધારો ઉભા કરીને છુક છુક બાબા બનાવી દીધો ને પછી તો આ સીરીયલનો રેલ્વે ટીટી પોતે ખોટો છે તે વાત જાણી, દુ:ખી થાય છે પરંતુ આજકાલ આવા ઠગો મોટી સંખ્યામાં બાબા દેવીના નામે ઉભર્યા છે. પ્રતિષ્ઠાઓને બીજા નામે કરોડોની સંપત્તિ એકઠી કરીને જલસા કરે કોણ રોકે ? ધાર્મિક સ્થાનોને ધર્મની વાત આવે ત્યાં કોણ બોલે ? ભુલેચુકે કોઈ બોલી જાય તો તેનું જ આવી બને.. મુકતેશ્વર મઠ ની જયશ્રીગીરીના કરતુતો લોકો જાણતા નહોતા ? કે પછી જે જાણતા હતા તેમની ચુપકીદી પાછળનું રહસ્ય ? ? આપણી આજુબાજુ પણ આવી જયશ્રીગીરી કે કેશવાનંદ પોતાના મઠ મંદિરો ધમધોકાર ચલાવી જલસા કરાવી રહ્યા છે. જેના રાજકીય ને સ્થાનિક અધિકારીઓ આગળ પડતા લોકોની મીલી ભગત હોય છે એટલે બિચારી આમ પ્રજા ન છુટકે આવા ધૃત ઠગોની હરકતો મુંગા મોંઢે સહન કરે છે.

વાચક મિત્રો જયશ્રીગીરીએ માનવજાતને જાગૃત રહેવાની ચિનગારી આપી છે


અનુસંધાન પાના નં.૬ ઉપર


## સાહસના શિખરેથી

**શ્રદ્ધા અને સંસ્કાર**

જગતમાં ત્રણ પ્રકારના જીવો હોય છે. ઉત્તમ, મધ્યમ, અધર્મ. બીજાને દુ:ખરૂપી દાવાનળને જોઈને તેમાં પાણીનાં સીંચન દ્વારા તે દાવાનળને શાંત કરવા પ્રયત્ન કરે તે ઉત્તમજીવ.

બીજાના દુ:ખરૂપી દાવાનળને જોઈને તે દાવાનળને વધારવા પણ પ્રયત્ન ન કરે અને શાંત કરવા પણ પ્રયત્ન ન કરે તે મધ્યમ જીવ.

બીજાના દુ:ખરૂપી દાવાનળને જોઈને તેમાં ઘીનાં સિંચન દ્વારા તે દાવાનળ વધારેને વધારે પ્રદિપ્ત કરવા પ્રયત્ન કરે તે અધમ જીવ.

આ ત્રણ પ્રકારના જીવોમાંથી ઉત્તમ જીવો નદીની જેમ સર્વને સુખી કરતા કરતા આગળ વધીને ગુણોના સાગરને મેળવી શકે છે અને આવી ઉત્તમતા આગળ તો ખુદ દેવો પણ ઝુકી જાય, પ્રસન્ન થઈ જાય તો બીજાની શું વાત કરવી ?

ધર્મનિષ્ઠ મહારાજા ધર્મધ્વજ માત્ર બીજાના દુ:ખના દવને શાંત કરવાની ભાવનાથી ભયંકર જંગલમાં પણ દેવની પરીક્ષામાં ઉત્તિર્ણ થઈ ગયા અને આ ગુણના સાક્ષાત ફળ સ્વરૂપ તેઓ દિવ્ય મણીના પણ સ્વામી બન્યા. સંપત્તિથી સમૃદ્ધ અંગ નામનો દેશ હતો.

સદા માટે માત્ર ધર્મની જ ધ્વજાને ઉંચી રાખનારા મહારાજા ધર્મધ્વજ અચલપુરી નગરીના સ્વામી હતા.

સમ્રાટ ધર્મધ્વજ ખુબ શોખીન હતા. ઘોડા ઉપર સવારી કરવાનું તેઓ સહુથી વધારે પસંદ કરતા. સાંજના સમયે અશ્વ ઉપર બેસીને નગરીમાં ફરવું અને અચલપુરી નગરીની બહાર પણ થોડાં ચક્કર લગાવવાં તે તો મહારાજાનો નિત્ય કાર્યક્રમ હતો.

એક વખત એવું થયું કે ભોજનાદિ ક્રિયા પતાવીને મહારાજા ધર્મધ્વજ નિત્યક્રમ પ્રમાણે ઘોડા ઉપર બેસીને ફરવા માટે નીકળ્યા. પૂર્વ દિશામાં ફરીને તેઓ તે જ દિશામાં નગરીની બહાર આગળ વધ્યા. શરૂઆતમાં તો ઘોડાએ મહારાજાને દગો ન આપ્યો પણ નગરીની બહાર નીકળીને કંઈક આગળ વધ્યા તેટલામાં તો દુર્વિનીત ઘોડો અતિ તીવ્ર વેગથી દોડવા લાગ્યો. તેને ધીમે પાડવા મહારાજાએ ઘણો પ્રયત્ન કર્યો પણ વિશેષ કંઈ ફરક ન પડયો. છેવટે અત્યંત વેગના કારણે ઘોડાને કંઈ સ્પષ્ટ ન દેખાતા એક શિલા સાથે ટકરાયો અને મહારાજા ધર્મધ્વજ જોરથી ઉછળીને નીચે પડયા અને શીલાની ઠોકરથી ઘોડો ત્યાં જ મૃત્યુ પામ્યો.

તે સમયે પોષ મહીનાનો શિયાળો ચાલતો હતો. ઠંડી પણ ઓછી ન હતી. ભયંકર જંગલ અને ઠંડી પણ ભયંકર. મહારાજા માટે બંને ભયંકર ભેગા થઈ ગયા. ભયંકર વનની ભીતીનો પ્રતિકાર કરવા માટે મહારાજા ધર્મધ્વજ પાસે સત્વ હતું પણ ઠંડીનો પ્રતિકાર કરવા માટે મહારાજા પાસે માત્ર નાની ચાદર જ હતી. છતાં પુણ્યશાળી અને સત્વશાળી વ્યક્તિ ગમે તેવી આપત્તિ આવી પડે તો પણ ડરતા નથી હોતા. હવે તો સુરજદાદા પણ ત્યાંથી દુર થવા લાગ્યા. રાત્રીની શરૂઆત પણ થઈ ગઈ. મહારાજાએ વિચાર્યું કે હમણાં અંધારામાં નગરમાં જઈ શકાય નહીં. માટે જંગલમાં જ આજની રાત પસાર કરી લઉં એમ વિચારીને પર્ણની શય્યા બનાવી અને શ્રમ ઉતારવા શરીર લંબાવ્યું.

હજી તો કંઈક સમય પસાર થયો ને એક ગાય ત્યાં આવી. તે ગાય સાવ નાની જ હતી. તેના શરીરમાં ભયંકર રોગ થયો હતો. રોગના કારણે તેનું શરીર પણ એકદમ સુકાઈ ગયું હતું અને ઠંડી તો જોરદાર હતી. તેથી તે ગાય ઠંડીના કારણે થરથરતી હતી. આખું શરીર તેનું કંપતું હતું


અનુસંધાન પાના નં.૬ ઉપર


## કરેલા નાના નાના સત્કર્મો એ જ જીવનનું સાચું ભાથું છે

**સૌરભ** — બી.કે.નીતાબેન

શિક્ષક દિન પર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની સ્કૂલના વિધાર્થીઓ સાથે ટી. વી. પર સીધો વાર્તાલાપ કર્યા ત્યારે તેમને પૂછેલા એક પ્રશ્નના જવાબ દરમ્યાન તેમણે જણાવ્યું હતું કે જીવનમાં કાંઈક કરવાનું લક્ષ વધૂ મહત્વનું છે. તેમને જ્યારે પૂછવામાં આવ્યું કે શું તમે વડાપ્રધાન બનવાનું સ્વપ્ન તો નહોતું સેવ્યુ પરંતુ જીવનમાં કાંઈક નવિન કરવું તેવું સ્વપ્ન જરૂર રાખ્યુ હતું અને તેના પરિણામ સ્વરૂપે જ આજે આ સ્થાન પર પહોચ્યો છું.

જીવનમાં સદ્ વિચાર તેમજ શુભભાવનાઓનું જરૂર મહત્વ છે. પરંતુ તેથી પણ વધૂ મહત્વનું છે વ્યકિતના સત્કર્મો કોઈપણ વ્યકિત જ્યારે કોઈ કર્મ કરે છે તે પહેલા તે કર્મ કરવાનો વિચાર મનમાં આવે છે. ત્યારબાદ તે કર્મ કરવાની ભાવના પેદા થાય છે. ત્યારબાદ તે કર્મ કરવાનો નિર્ણય કરે છે અને અંતે તે કર્મ કરે છે. પરંતુ વિચારો ,ભાવનાઓ કે નિર્ણયો જો કર્મમાં ન પરિણામે તો તે વિચારો કે ભાવનાઓનું વિશેષ કોઈ મહત્વ રહેતું નથી એટલે જ આપણે ત્યાં કહેવાયું છે કે કર્મ જ બળવાન છે. વિશ્વ નાટકનો જો કોઈ મહત્વપૂર્ણ શાશ્વત સિદ્ધાંત હોય તો તે કર્મનો સિદ્ધાંત છે.તેમાં પણ તેજ કહેવાયું છે કે જેવું કરશો તેવું પામશો, જેવું વાવશો તેવું લણશો. વ્યકિતના વ્યકિતત્વનો આધાર તેના અર્ધજાગૃત મન પર પડેલી છાપો છે. આ પડેલી છાપોમાં કર્મોથી પડેલી છાપો ખુબ જ ઉંડી તેમજ ગહન હોય છે. એટલે વ્યકિતના સકારાત્મક કે નકારાત્મક વ્યકિતત્વના ઘડતરમાં પણ તેના દ્વારા થતાં કર્મો જ મહદ અંશે જવાબદાર છે.

ગાંધીજીને પુછવામાં આવ્યું કે તમારો વિશ્વને શું સંદેશ છે ? ત્યારે તેમણે ઉત્તર આપેલો કે મારૂં જીવન જ મારો સંદેશ છે. અર્થાત ગાંધીજીએ પોતાના જીવનમાં પ્રેકટીકલ જે કાંઈ કરીને બતાવ્યું


અનુસંધાન પાના નં.૬ ઉપર

# સેનાને તૈયાર રાખવા માટે ૨૦ હજાર કરોડના કરારો

નવી દિલ્હી

યુદ્ધ જેવી કોઇ પણ આકસ્મિક સ્થિતીમાં પણ પહોંચી વળવા માટે હવે સેનાને સંપૂર્ણ પણે સજ્જ કરી દેવામાં આવી રહી છે. સેનાને તૈયાર રાખવા માટે ૨૦ હજાર કરોડના ઈમરજન્સી સંરક્ષણ સોદા કરવામાં આવી ચુક્યા છે. ભારતે આખરે મોટા પગલા લેવાની શરૂઆત કરી દીધી છે. છેલ્લા બે ત્રણ મહિનાના ગાળામાં જ સરકારે દારૂગોળા, વિસ્ફોટક અને અન્ય જરૂરી સામગ્રી સાથે સંબંધિત ૨૦ હજાર કરોડ રૂપિયાની ઈમરજન્સી સમજુતી કરી છે. સરકાર કેટલીક બાબત ખાતરી કરવા સાથે આગળ વધવા માંગે છે. ટુંકા ગાળાની અંદર જ કોઇ આકસ્મિક સ્થિતીમાં ફોર્સના ફાઇટર વિમાન, ટેન્ક અને અન્ય હથિયારો સજ્જ થઇ જાય તેવી ખાતરી કરવામાં આવી રહી છે. સંરક્ષણ મંત્રાલયના સુત્રોએ કહ્યુ છે કે આની પાછળ કેટલાક હેતુ રહેલા છે. ભારતીય સેના દારૂગોળાની કમી વગર ઓછામાં એછા ૧૦ દિવસ સુધી લડાઇ લડી શકે તેની ખાતરી કરવામાં આવી રહી છે. સરકારે ગયા વર્ષે ઉરીમાં ભીષણ ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યા બાદ રશિયા, ઇઝરાયેલ અને ફ્રાન્સની સાથે નવી કેટલીક સમજુતી કરવામાં આવી છે. ભારતે હાલમાં ત્રાસવાદીઓને જોરદાર જવાબ આપવા માટે કમર કસી લીધી છે. આના પુરવા પણ મળી રહ્યા છે. ઉરીમાં ત્રાસવાદી હુમલા બાદ ભારતીય સેનાએ પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં ઘુસીને સર્જિકલ હુમલા કર્યા હતા. ત્રાસવાદીઓ અને તેમના લોન્ચિંગ પેડ ફુંકી મારવામાં આવ્યા હતા. ઈમરજન્સીની સ્થિતીમાં ત્રણેય સેનાને ખાસ અધિકારો પણ આપવામાં આવ્યા છે. સેનાના ભંડારમાં કોઇ પણ કમીને વહેલી તકે પુર્ણ કરવા માટેના તમામ પ્રયાસ હાલમાં ચાલી રહ્યા છે. પડોશી દેશ પાકિસ્તાન અને ચીનની તૈયારી પર પણ હવે નજર છે. સંરક્ષણ બજેટ ૨૦૧૭-૧૮માં ૨.૭૪ લાખ કરોડ રૂપિયા રાખવામાં આવ્યું છે. જ્યારે આધુનિકીકરણ માટેની મૂડી ૮૬૪૮૮ કરોડ રૂપિયા રાખવામાં આવી છે. સંરક્ષણ પેન્શનનો આંકડો ૮૫૭૪૦ કરોડ રૂપિયાનો છે. જ્યારે ડે ટુ ડે ઓપરેશન ખર્ચ અને પગાર સાથે સંબંધિત આંકડો ૧૭૨૭૪૪ કરોડની આસપાસનો રહ્યો છે. મેન પાવરની વાત કરવામાં આવે તો ભારતીય સેનામાં જવાનોની સંખ્યા ૧૧.૩૨ લાખની છે. જ્યારે હવાઈ દળમાં ૧.૩૯ લાખની આસપાસની છે. જ્યારે નૌકાસેનામાં સંખ્યા ૫.૨ લાખની આસપાસની રહી છે. ભારતીય વાયુસેનાએ હજુ સુધી ૯૨૦૦ કરોડ રૂપિયાના ૪૩ કોન્ટ્રાક્ટ પર હસ્તાક્ષર કર્યા છે. ભૂમિ સેના દ્વારા રશિયન કંપની સાથે ૧૦ કરાર કરવામાં આવ્યા છે. ઓપરેશન ગેપની વાત કરવામાં આવે તો પણ સંખ્યા ખુબ મોટી રહેલી છે. જેથી ઝડપથી આગળ વધવાની જરૂર છે. ૧૩ લાખનું સંખ્યાબળ ધરાવનાર ભારતીય સેનાને રોકેટ, મિસાઈલ, ટેન્ક માટે હથિયારો મળશે.

# મુલાયમનું હળવું વલણ : આજથી સપા અને કોંગ્રેસ માટે પ્રચાર કરશે

લખનૌ

ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીની શરૂઆત થઇ રહી છે ત્યારે સમાજવાદી પાર્ટીના સ્થાપક મુલાયમ સિંહ યાદવે ફરી એકવાર મુલાયમ વલણ અપનાવ્યુ છે. મુલાયમસિંહે કહ્યુ છે કે તેઓ રાજ્ય વિધાનસભાની ચૂંટણી માટે પ્રચાર કરવા તૈયાર થઇ ગયા છે. આવતીકાલથી પ્રચારમાં જોડાશે. મુલાયમસિંહ યાદવ ચૂંટણી પ્રચાર કરવા માટે તૈયાર થતા પાર્ટીને મોટો ફાયદો થઈ શકે છે. મુલાયમે આજે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે અખિલેશ યાદવની કામ કરવા માટે સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવી છે. કોઈ દરમિયાનગીરી કરવામાં આવી રહી નથી. મુલાયમસિંહે તમામ પ્રકારની અટકળો પર પૂર્ણ વિરામ મુકતા કહ્યુ છે કે ઉત્તરપ્રદેશમાં અખિલેશ યાદવ જ ફરી મુખ્યપ્રધાન બનશે. તેમણે કહ્યુ હતુ કે સમાજવાદી પાર્ટી ખુબ મજબુત સ્થિતીમાં છે. મુલાયમે એમ પણ કહ્યુ હતુ કે અમારા પરિવારમાં કોઇ પણ પ્રકારની લડાઇ નથી. અખિલેશ જ આગામી મુખ્યપ્રધાન બનશે. મુલાયમ સિંહે શિવપાલ યાદવ અને અમરસિંહ નારાજ હોવાના હેવાલને રદિયો આપ્યો હતો. આ અગાઉ મુલાયમ સિંહ યાદવે કહ્યુ હતુ કે પાર્ટીના ધારાસભ્યો દ્વારા ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૈટણી માટે નેતાની પસંદગી કરશે. મુલાયમે અખિલેશને મુખ્ય પ્રધાન તરીકે સ્વીકાર કરવાનો ઈન્કાર કર્યા બાદ સમાજવાદી પાર્ટીમાં લડાઇ ચરમસીમા પર પહોંચી ગઇ હતી. હવે મુલાયમ સિંહ ફરી હળવુ વલણ અપનાવી રહ્યા છે. અખિલેશની તરફેણમાં પ્રચાર કરવા માટે તેઓ તૈયાર થઇ ગયા છે. ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે ગઠબંધનની સ્થિતી છે. પ્રથમ તબક્કામાં ઉત્તરપ્રદેશમાં ૭૩ સીટ માટે ૧૧મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે. જ્યારે બીજા તબક્કામાં ૬૭ સીટ માટે ૧૫મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે. ત્રીજા તબક્કામાં ૬૯ સીટ માટે ૧૯મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે. ચોથા તબક્કામાં ૧૨ જિલ્લામાં ૨૩મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે. પાંચમાં તબક્કામાં બાવન સીટ માટે ૨૭મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે. છઠ્ઠા તબક્કા માટે સાત જિલ્લામાં ૪૯ સીટ માટે ચોથી માર્ચના દિવસે મતદાન થશે. જ્યારે સાતમાં,અંતિમ તબક્કામાં આઠમી માર્ચના દિવસે ૪૦ સીટમાં મતદાન થશે. અગાઉ મુલાયમસિંહે મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું હતું કે તેઓ પહેલા તેમના નાના ભાઈ શિવપાલ યાદવ માટે પ્રચાર કરશે. ત્યારબાદ તેઓ તેમના પુત્ર અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવ દ્વારા જાહેર કરવામાં આવેલા ઉમેદવારો માટે ચૂંટણી પ્રચાર કરશે. અખિલેશ દ્વારા શિવપાલની અવગણના કરવામાં આવી ચુકી છે. મુલાયમસિંહે કહ્યું હતું કે શિવપાલ યાદવ બિલકુલ નારાજ નથી. તેમને પૂછ્યા વગર શિવપાલ યાદવ નવી પાર્ટીની રચના કઈ રીતે કરી શકે છે. ગયા સપ્તાહમાં જ જશવંતનગરમાં ઉમેદવારીપત્ર દાખલ કર્યા બાદ તેમણે કહ્યું હતું કે ૧૧મી માર્ચ બાદ તેઓ નવી પાર્ટીની રચના કરશે. અખિલેશ દ્વારા પડકાર ફેંકવામાં આવ્યા બાદથી મુલાયમસિંહ વિરોધાભાસી નિવેદનો કરી રહ્યા હતા. સૌથી પહેલા તેઓએ કહ્યું હતું કે તેમના સમર્થકો ૧૦૫ બેઠકો પર કોંગ્રેસના ઉમેદવાર સામે ચૂંટણી લડશે. ત્યારબાદ તેઓએ સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ માટે ચૂંટણી પ્રચાર નહીં કરવાની ધમકી પણ આપી હતી. જોકે હવે તેઓ મુલાયમ વલણ અપનાવી રહ્યા છે. એક વખતે તો દિલ્હીમાં અહીં સુધી કહી દીધું હતું કે અખિલેશ તેમના પુત્ર નથી. હવે ફરીવાર ગુલાંટ મારીને મુલાયમસિંહે અખિલેશ યાદવ અને સમાજવાદી પાર્ટી માટે પ્રચાર કરવાની તૈયારી બતાવી છે.

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર** (કીલોના)
**ચાંદી ચોરસા ૪૦૫૦૦-૪૧૫૦૦**
રૂપુ કાચું ૪૧૦૦૦-૪૧૫૦૦
સોનુ તોલો ૨૯૦૦૦-૨૯૫૦૦
**તેલ બજાર**
રાધે પામોલીન ૧૦૫૦
પામોલીન ૧૦૪૦
સોયા રીફાઈન ૧૩૪૦
રાયડાતેલ ૧૫કી૧૩૧૦
સીંગતેલ૧૫ લી. ૧૬૮૦
સીંગતેલ ૧૫ કી.૧૭૧૦
સીગતેલ ૫ લી. ૫૩૦
તિરૂપતી કપા. ૧૨૮૦
૫ લીટર ૪૦૭
વનસ્પતિ ઘી ૧૦૪૦-૧૧૦૦
રા.રીફાઈન્ડ ૧૯૫૦
કોપરેલ ૧૫ કિલો ૨૧૫૦
૫ કે. કોપરેલ ૮૫૦
૫લી. અંકુર સીંગતેલ ૫૩૦
**૧૫ લીટર સનફલાય ૧૨૮૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૩૦૦
૫ લી. ૪૧૦
૨ લી. ૧૭૦
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
ગેટવે પ્રીમીયમ ૮૫૦૦
ગેટ વ. રોયલ ૬૦૦૦
ગેટવે રેગ્યુલર ૫૨૦૦
ગેટવે રીઝાના ૪૪૦૦
ગેટવે એવરેડી ૩૯૦૦
ગેટવે ડેઈલી ૩૪૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૯૬૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૯૫૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૯૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૫૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૬૫૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૬૬૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૬૮૫૦
ઈ.ગેટતીબાર ૧ કી.૬૯૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૬૯૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૬૨૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૬૪૫૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૬૫૦૦
દુન પ્રીમીયમ ૭૨૦૦

દુન તીબાર ૨૫ કી.૬૬૦૦
દુન તીબાર ૧૦ કી.૭૦૦૦
દુન તીબાર ૫ કી. ૭૩૫૦
દુન તીબાર ૧ કી. ૭૪૦૦
હાથી ૧૧૨૧ ૬૮૦૦
બેસ્ટ પ્રીમીયમ ૭૫૦૦
નર્મદા મગ પોલીસ ૬૧૦૦
મગદાળ નર્મદા સુપર ૫૮૦૦
નર્મદા મગ મોગર ૬૫૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૫૦૦
નર્મદા અડદદાળ ૯૦૦૦
અડદદાળ નર્મદા પ્રી. ૮૬૦૦
દુન દેહરાદુન દુબાર જુના ૬૫૦૦
દુન દહેરાદૂન મીની દુબારજુના ૪૫૦૦
દુન દહેરાદૂન સુ.મો.જુના ૪૫૦૦
દુન દહેરાદૂન મી.મો.જુના ૩૮૦૦
દુન કણકી જુની ૩૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૩૦૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૦૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૫૮૦૦
હાથી ૮૧૭ આખા નવા ૬૫૦૦
હાથી૮૧૭ નવા દુબાર પાંણાં ૫૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૮૫૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૧૦૫૦૦
તુવરદાળ ખીડીયાર ૭૨૦૦
દાવત સીલેકટનવા ૮૮૦૦
દાવત સુપર જુના ૯૮૦૦
દાવત દીલખુશ નવા ૭૫૦૦
દાવત દીલખુશ જુના ૬૫૦૦
દાવત દુબાર જુના ૬૦૦૦
દાવત રોઝાના જુના ૫૫૦૦
દાવત ૭૦ જુના ૪૧૦૦
દાવત ૬૦ મીની જુના ૩૨૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૭૦૦૦
હેરીટેજ તીબાર ૬૦૦૦
હેરીટેજ દુબાર ૫૦૦૦
હેરીટેજ મીની દુબા ૪૦૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૫૬૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૨૮૦૦
ચણાદાળ ૪૪૪ ૮૮૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦

મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૮૦૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૮૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૮૫૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૯૦૦-૪૦૦૦**
**ખાંડ એમ. ૪૧૫૦**
ખાંડએલ. ૪૧૫૦-૪૧૫૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦

વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર**
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૫૦
જીરાળુ ૧૯૦૦-૨૦૦૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૫૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૬૦૦
**પરચુરણ**
સોજી ૮૬૦
મેંદો ૮૬૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૫૦-૨૪૦
સાકરીયા ૪૫૦૦
ખાંડ બુરૂ ૪૨૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૧૦૦-૧૨૦
સુકી ડુંગળી ૧૪૦-૧૬૦
લસણ ૮૦૦-૧૩૦૦
ધાણા ૩૦૦-૪૦૦
સફરજન ૮૦૦- ૧૪૦૦
મરચાં ૨૦૦-૨૪૦
લીંબુ ૩૦૦-૫૦૦
અડવી પત્તા ૨૦૦-૪૦૦
આદુ ૫૮૦-૫૬૦
રીંગણ ૨૦૦-૩૦૦
ટામેટા ૧૦૦-૧૪૦
ભીંડા ૭૦૦-૮૦૦
કોબી ૧૦૦-૧૨૦
વટાણા ૨૪૦-૨૮૦
ટીંડસા ૨૦૦-૪૦૦
ગવાર ૮૦૦-૧૧૦૦
બાદશાહ બટાકા ૭૦-૧૩૦
સાંગા બટાકા ૭૦-૧૦૦
ફુલાવર ૧૬૦-૨૦૦
ચોળી ૪૫૦-૮૦૦

### શંખેશ્વર - પ્રવચન ...

પાના નં.૩ ચાલુ

ત્રણેક રાસમંડળી, શરણાઈની અનેક મંડળી હતી. આજના દિવસે ૩૫૦૦ ઉપરાંત ભાવિકોની આધર્મિક ભક્તિ થઈ. રાતે તપસ્વી તથા આયોજક પરિવારોનું સન્માન થયું.

પોષ વદ-૬ ના પ્રાતઃ કાળે મુનિશ્રીને ભગવતી સૂત્રની અનુજ્ઞાવિધિ થતાં ૯-૦૦ કલાકે સ્ટેજ પર પૂજ્યોનું પદાર્પણ થયું. ચતુર્મુખ પ્રભુ સન્મુખ વિધાન સંપન્ન થતાં અક્ષતના થાળ ભરીભરીને ભાવિકોએ વધાવ્યા. વર્ધમાન વિદ્યા પટ- નવકારવાળી- જાપ આશન- નામ ઉદ્ઘોષણા- ગુરૂપૂજન- કામળીના ચડાવામાં ઉલ્લાસથી ગુરુભક્તો જોડાયા. તપસ્વીઓ માટે વિશિષ્ટ બેઠક વ્યવસ્થા ગોઠવાઈ. વિજય મુહુર્તે માળારોપણ શરૂ થતાં બરોબર ૩-૦૦ કલાકે સમાપન થયું. ઉપધાન તપમાં મુખ્ય આયોજક કેતનભાઈ કપાસી, આયોજક રેખાબેન રાજુભાઈ લલિતભાઈ પટવા, અશોકભાઈ ભંશાલી, મુક્તિભાઈ મોરખીયાએ લાભ લીધો. નૂતન ગણિવર્યએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યા બાદ હૃદયસ્પર્શી પ્રવચનકારએ સુંદર હિતશિક્ષા ફરમાવી. આજના દિવસે ૪૫૦૦ ઉપરાંત ભાવિકોની ઉપસ્થિતિ રહી. આ પ્રસંગે ગણિવરની પાંચેક રંગોળી આબેહૂબ જોઈ દર્શકો અહોભાવિત બન્યા. પાંચ છોડનું પણ ઉદ્યાપન ગોઠવાયું. સંપૂર્ણ ઉત્સવને દીપાવવા માટે રમેશભાઈ સંઘવી, લલિતભાઈ પટવા, પૂર્ણ પરિવારના તરવરીયા યુવાનો, જયેશવસા રાજકોટ, રસિકભાઈ સંઘવી, જૈતિક શાહ વિદ્યાનગર વગેરે અથાક પ્રયત્ન કર્યો. ત્રણે દિવસ પ્રભુજીની ભવ્ય અંગરચના- દીપક રોશની અને અત્યંત વૈવિધ્યસભર પુષ્પોની સંરચના કરાઈ હતી.

### અંતે બીસીસીઆઇ ...

પાના નં.૩ ચાલુ

અનુરાગ ઠાકુર સુધી પહોંચાડી રહ્યા હતા. નિશાંત ખેલાડીઓની વચ્ચે ટેન્શન ઉભી કરવાના પ્રયાસ કરી રહ્યા હતા. આ રિપોર્ટમાં એક વરિષ્ઠ ખેલાડીના અહેવાલને ટાંકીને જણાવવામાં આવ્યું હતું કે મીડિયા મેનેજર અમારા માટે તમામ બાબતોને સરળ બનાવવા માટે છે કે પછી પરેશાની ઉભી કરવા માટે છે. ખેલાડીઓમાં આ બાબતને લઈને અવિશ્વાસની સ્થિતિ સર્જાઈ રહી હતી. ડ્રેસીંગ રૂમના અહેવાલ બહાર કેમ જઈ રહ્યા છે તેને લઈને ખેલાડીઓ ચિંતિત હતા. રિપોર્ટમાં દાવો કરાયો છે કે છેલ્લા વર્ષ જ્યારે ભારતીય ટીમ અમેરિકામાં વેસ્ટ ઈન્ડિઝની સામે બે વન ડે મેચો રમી રહી હતી ત્યારે એક વરિષ્ઠ ખેલાડીઓ અને કોચની વચ્ચે વિવાદ ઉભા કરવાના આરોપમાં અરોડાનો જોરદાર વિરોધ પણ કર્યો હતો. ત્યારબાદથી જ અરોડાને લઈને પ્રશ્નો ઉભા થઈ રહ્યા હતા. તેમની ગતિવિધિ પર નજર રાખવામાં આવી રહી હતી. આખરે સુપ્રિમ કોર્ટ દ્વારા નિમાયેલી પેનલે મીડિયા મેનેજરની હકાલપટ્ટી કરી દીધી છે.

### યુપીમાં પ્રિયંકા...

પાના નં.૩ ચાલુ

લીધો હતો. યુપી ચૂંટણીને લઈને કોંગ્રેસ સાથે સત્તાવારરીતે તેમની આ પ્રથમ બેઠક હતી. એમ માનવામાં આવી રહ્યું હતું કે, પ્રિયંકા ગાંધી પરિવારના ગઢ રાયબરેલી અને અમેઠીમાંથી બહાર નિકળીને સમગ્ર પ્રદેશમાં ચૂંટણી પ્રચાર કરશે પરંતુ કોંગ્રેસ હવે ઈચ્છતી નથી કે, પ્રિયંકા કોંગ્રેસના ચહેરા તરીકે નજરે પડે. ચૂંટણીમાં પાર્ટીના ખરાબ પ્રદર્શનની અટકળો વચ્ચે કોંગ્રેસ પ્રિયંકાને આગળ કરવા ઈચ્છુક નથી. આવી સ્થિતિમાં રાહુલ ગાંધીને જ આગળ કરીને ચૂંટણી લડવાની યોજના કોંગ્રેસે તૈયાર કરી છે. કોંગ્રેસના અન્ય વરિષ્ઠ નેતા રાજ બબ્બર, ગુલામ નબી આઝાદ અને શિલા દિક્ષિત પ્રચારને લઈને સંપૂર્ણ પ્રયાસ કરી રહ્યા છે. જો કે તેમની તરફેણમાં વધારે મતદારો દેખાઈ રહ્યા હતા. યુપીમાં ભાજપ કોંગ્રેસ-સમા ગઠબંધન અને બહુજન સમાજ પાર્ટી વચ્ચે સીધી સ્પર્ધા દેખાઈ રહી છે.

*રોહિત શેટ્ટીની ફિલ્મનુ શુટિંગ ટુંકમાં શરૂ કરાશે*

# અજયની ગોલમાલ- ૪માં નીલ નિતિન મુકેશ દેખાશે

સુરજ બડજાતિયાની રોય ફેમિલી ડ્રામા ફિલ્મ પ્રેમ રતન ધન પાયોમાં કામ કર્યા બાદ અને બિજોય નામ્બિયારની ફિલ્મ વજીરમાં શાનદાર ભૂમિકા અદા કર્યા બાદ હવે નિલ નિતિન મુકેશ પાસે વધારે એક સારી ફિલ્મ આવી ગઇ છે. પ્રાપ્ત માહિતી મુજબ રોહિત શેટ્ટીની ગોલ સિરિઝની નવી ફિલ્મ હવે બનાવવામાં આવનાર છે. ગોલમાલ-૪ ફિલ્મ બનાવવા માટેની તમામ તૈયારી કરી લેવામાં આવી છે. આ ફિલ્મનુ શુટિગ હવે નિલના લગ્ન બાદ હાથ ધરવામાં આવનાર છે. ૩૫ વર્ષીય નિલ ઉદયપુરમાં શાહી રીતે રૂકમણી સહાય સાથે લગ્ન કરનાર છે. ત્યારબાદ ૧૭મી ફેબ્રુઆરીના દિવસે શાનદાર રિસિપ્શનનુ આયોજન પણ મુંબઈમાં બોલિવુડના કલાકારો અને નજીકના મિત્રો માટે કરવામાં આવી રહ્યુ છે. મધુર ભંડારકરની ફિલ્મ ઈન્દુ સરકારમાં નીલે હાલમાં પોતાના હિસ્સાનુ શુટિંગ કરી લીધુ હતુ. નિલે કહ્યુ હતુ કે રોહિત શેટ્ટી સાથે તેને કામ કરવાની તક મળી રહી છે તે તેના માટે સારા સમાચાર છે.

લોકપ્રિય રોહિત શેટ્ટી કોમેડી બ્રાન્ડ તરીકે ગણવામાં આવે છે. નિલ નિતિન મુકેશે બોલિવુડમાં ૧૦ વર્ષ સફળતા સાથે પૂર્ણ કરી લીધા છે. તેનુ કહેવુ છે કે ગોલમાલ-૪ ફિલ્મ તેને નવી ઉંચાઇ પર લઇ જશે. નિલે પોતાની કેરિયરની શરૂઆત જહોની ગદ્દાર સાથે કરી હતી. ગોલમાલ-૪ ફિલ્મમાં અનેક કલાકારોની પસંદગી કરી લેવામાં આવી છે. જેમાં પરિણિતી ચોપડા, અર્શદ વારસી, તુષાર કપુરનો સમાવેશ થાય છે. ગોલમાલ સિરિઝનની તમામ ફિલ્મો હિટ રહ્યા બાદ નિલ આ સિરિઝમાં સામેલ થઈને ભારે ખુશ છે. જો કે હાલમાં તે પોતાના લગ્નની તૈયારીમાં લાગેલો છે.


રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**‘જન્મદિન મુબારક’ માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★‘રખેવાળ’ માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :...................... પતિ/પિતા :......................
માતા : ......................જ.તા. ................ઉ.વ.
પરિચય: ......................................................
સરનામુ : ......................................................
મોકલનારની સહી : ..........................................


### શ્રધા અને સંસ્કાર...

અનુસંધાન ૫ નું ચાલુ

મહારાજા ધર્મધ્વજ કયારેય બીજાનું દુઃખ જોઈ ન શકતા. પોતાને ગમે તેટલું દુઃખ આવે તેની તેઓ પરવા ન કરતા પરંતુ સામેની વ્યક્તિનું કેવી રીતે દુઃખ દુર કરૂં તે જ તેઓ વિચારતા. આવી ભયંકર ઠંડીમાં ગાયને ધ્રુજતી જોઈને તેમણે વિચાર કર્યો, મારૂં તો શરીર એકદમ હૃષ્ટપુષ્ટ છે અને થોડી પણ પીડા નથી છતાં મનેઆટલી બધી ઠંડી લાગે છે તો આ સાવ નાનકડી ગાય જેનું શરીર પણ રોગગ્રસ્ત છે તો તેની શી દશા થતી હશે ? તેઓ તરત જ ઉભા થયા. પેલી ગાયને વૃક્ષની નીચે લાવીને બેસાડી દીધી અને તેને ઠંડી ન લાગે તેટલા માટે પોતાની ચાદર તેનાં ઉપર ઢાંકી દીધી અને ફરીને પોતાની પર્ણશય્યામાં આવીને બેઠા. મહારાજા અત્યંત શ્રમીત છે છતાં ઉંઘ આવતી નથી. વિચારોમાં ને વિચારોમાં જ સમય પસાર થાય છે.

અને.. હજી તો એકાદ ઘટીકા પસાર થઈ ન થઈ તેટલામાં જ એક ભયંકર, વિકરાળ, મોટી કેસરાવાળો સિંહ ત્યાં આવ્યો. કાચોપોચો તો આ સિંહને જોઈને ડરી જાય પણ મહારાજા ધર્મધ્વજને થોડો પણ ભય ન થયો.

સિંહસમ્રાટ ધર્મધ્વજની સમીપમાં આવ્યો અને મનુષ્યોની ભાષામાં બોલ્યો, રાજન્ ! આ તારી બાજુમાં જે ગાય છે ને તે મારો શિકાર છે.. અને એ જ મારૂં ભોજન છે.. માટે આ ગાયને મારા હવાલે કરી દે..

ધર્મિષ્ઠ મહારાજા ધર્મધ્વજે કહ્યું, હું આ ગરીબડી ગાયનો રક્ષક છું માટે રક્ષક બેઠો હોય ત્યાં સુધી તેનો ભક્ષક કોણ બની શકે ?

સિંહે કહ્યું મહારાજા ! હું કેટલાય દિવસનો ભુખ્યો છું એમ જ સમજી લેને કે મારે કેટલા બધા ઉપવાસ થઈ ગયા. હજી સુધી મને કંઈ પણ ભક્ષણ મળ્યું નથી. વનમાં ઘણાં પશુ પંખીઓ જોયાં પણ તેમને પકડવા જાઉં તે પહેલાં તો તેઓ દોડીને જતાં રહે છે. કેટલાય દિવસ પછી આજે માંડ માંડ કંઈક ભક્ષણ મળ્યું છે માટે આ ગાય મને આપી દે.

નૃપતિ ધર્મધ્વજ બોલ્યા, હું કોઈને પણ દુઃખી જોઈ શકતો નથી. કોઈ દુઃખી હોય તો મને જરા પણ પસંદ નથી અને આ બિચારીગાય કેટલી બિમાર છે. કેટલી બધી પીડીત છે ? અને તને આ ગાય સોપું તો તું તેને મારી જ નાખે. માટે ઘા ઉપર મીઠું ભભરાવવા જેવું થાય એક તો દુઃખી જ છે ને પાછું તેને હું મૃત્યુનું જ દુઃખ આપું ? અને આ ગાય તને આપી દઉં તો મને હીંસાનું પાપ ન લાગે.. જગતમાં તો કેવું પ્રસિદ્ધ છે કે ગાયમાં તેત્રીસ કરોડ દેવોનો વાસ છે માટે ગૌહત્યા તો કયારેય ન કરવી જોઈએ..

**મુનિ રાજસુંદર વિજય**

### સૌરભ...

અનુસંધાન ૫ નું ચાલું

તે જ તેમનો સંદેશ છે. ગીતામાં પણ કર્મયોગનું જ મહત્વ બતાવવામાં આવ્યું છે, તું જે સત્કર્મો કરે છે તે જ યોગ છે.

આ સત્કર્મોમાં પણ નિયમિત રૂપે દિવસ દરમ્યાન કરેલા નાના નાના સત્કર્મોનું ખુબ જ મહત્વ છે.એકાદ મોટું સત્કર્મ કરી જીવનમાં કોઈ સિદ્ધિને પ્રાપ્ત કરી દુનિયામાં પ્રત્યક્ષ થવા કરતાં કોઈના ખાસ ધ્યાન પર ન આવે એવા નાના નાના સત્કર્મો કરી અનેકોને મદદરૂપ થવું અને અનેકોની દુઆઓ મેળવવી તેજ જીવનનું સાચું ભાથું છે. પછી તે કર્મો સાવ સામાન્ય કેમ ન હોય.

કોઈ ગંદા સ્થાનની સફાઈ કરી દેવી ,કોઈ અપંગ કે અંધને રસ્તામાં મદદ કરી દેવી, રસ્તામાં ફસાયેલી પોતાની લારીને બહાર કાઢવા મથતા વ્યકિતને ટેકો આપી લારી કાઢવા મદદરૂપ થવું અકસ્માતમાં ઘવાયેલા વ્યકિતને તુરંત હોસ્પિલમાં લઈ જવો,ઘવાયેલા પશુ કે પક્ષીની પ્રેમથી માવજત કરવી ,ફી નહી ભરી શકવાના કારણે સ્કૂલ છોડવાની પરિસ્થિતિમાં મુકાયેલા વિધાર્થીની ફી ભરી ચાલ્યા જવું, વૃક્ષોની માવજત કરવી તેમજ નવા વૃક્ષોનું રોપણ કરવું ખાસ કરીને બાળકો, મહિલાઓ પ્રતિ સ્નેહ અને સન્માનપૂર્વક વ્યવહાર કરવો, પાણી તેમજ વિજળીની બચત કરવી,કોઈને આધ્યાત્મિક જ્ઞાનની સાચી સમજ આપી જીવનની સાચી દિશા તરફ વાળવો, નિરાશ કે હતાશા થયેલા વ્યકિતમાં ઉમંગ ઉત્સાહ ભરી દેવા વગેરે.

આ પ્રકારના સત્કર્મો આપણાં કોઈના ખાસ ધ્યાન પર આવતા નથી તેમજ આપણે કોઈ પ્રત્યક્ષ ફળ પણ મેળવતા નથી. એટલે આવા કર્મો મહદ અંશે સંચિત થઈ જાય છે અને આપણા અનેક જન્મો સુધરી જાય છે. આ ઉપરાંત આવા પ્રકારના સત્કર્મોથી જીવનમાં જે ખુશી અને સંતોષનો અનુભવ થાય છે તે અન્ય કશામાંથી પ્રાપ્ત ન થઈ શકે. વિશ્વની દરેક વ્યકિત જો દિવસમાં આવા ત્રણથી પાંચ સત્કર્મો કરે તો આપણા કલ્પનાના રામરાજ્યની સ્થાપના સરળ બની જાય.

આ દિશામાં લોકોને જાગૃત કરવા તેમજ આવા અથવા સત્કર્મો કરવા પોત્સાહિત કરવા પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા સાત સત્કર્મો મહાયોજનાનુ વૈશ્વિક સ્તર પર આયોજન કરવામાં આવ્યું છે. જે ખૂબ પ્રશંસનીય છે. આ યોજના અંતર્ગત સંસ્થાના અનેક સેવાધારી ભાઈ - બહેનો વિશ્વના લોકોના સંપર્ક કરી રહ્યાં છે.અને તેઓને દિવસ દરમ્યાન આવા નાના-નાના સત્કર્મો કરવા પ્રેરણા આપી રહ્યાં છે. લોકો પાસેથી સત્કર્મો કરવા માટે સંકલ્પ પત્રો પણ લઈ રહ્યાં છે. આ વર્ષ દરમ્યાન સાત અબજ જેટલા સત્કર્મો એકત્રીત કરવાનું સંસ્થાએ લક્ષ રાખ્યું છે.આપનો પણ સંસ્થાના સેવાધારી ભાઈ બહેનો સંપર્ક કરે તો આપ પણ જો સત્કમોનો સહયોગ આપશો તો આપણે વિશ્વમાં કાંઈક બદલાવ લાવી એક શ્રેષ્ઠ સમાજની સ્થાપના કરી શકીશું

**બી.કે.નીતાબેન**

### આરાધના

અનુસંધાન ૫ નું ચાલુ

પ્રગટીજાય તો જ ભક્તિ ખીલે છે.

વૈરાગ્ય એટલે સાંસારીક જવાબદારીઓમાંથી છુટવાની પ્રક્રિયા.

આ શરીર, આ જોબન, આ બુધ્ધિ, આ વૈભવ કશું જ શાશ્વત નથી. જે અનિત્ય છે તેમાં નિત્ય બુધ્ધિ થાય છે તે જ સંસાર છે.

સતત સરકે છે તે શરીર છે જે પ્રતિક્ષણ મરી રહ્યું છે અને નવો જન્મ ધારણ કરી રહ્યું છે તેવા શરીરને શાશ્વત સમજવું એ જ અજ્ઞાન છે.

પ્રાતઃ સ્મરણીય સંત શ્રી આનંદમૂર્તિજી મહારાજના દિવ્ય સત્સંગમાં આવાં તો અનેક અવતરણો સાંભળવા મળે છે. જેમાંથી એકાદ ચિંતનકણીકા પણ આત્મસાત થઈ જાય તો જીવન ધન્ય બની જાય,ચાલો પ્રયત્ન કરીએ.

**નાથાલાલ બ્રહ્મક્ષત્રિય**
**ડીસા.**

### ચિંતન...

અનુસંધાન ૫ નું ચાલું

છતાં માનવી સતત છેતરાતો જ રહે છે. સાધુ સાધ્વી પત્રકારો, પોલીસના સ્વરૂપમાં ચોતરફ આવા ઠગ લોકો ફરી રહ્યા છે. આવા લોકોને ઉગતા જ ડામવામાં આવે તો વ્યાપક થતી અસર અટકે પણ આવું થતું નથી. જ્યારે આવા લોકો બેફામ થાય ને પાપ છાપરે ચડીને પોકારે કે પાપનો ઘડો ફુટે તે સ્થિતિમાં ઉહાપોહ પ્રગટે.. આપણે આવા પ્રકરણો પરથી બોધપાઠ લઈએ કે સાધુ સાધ્વી સંસારના સુખ સાહ્યબી છોડીને ધર્મના પ્રચાર પ્રસારાર્થે બન્યા છે.. તેમને અતીશય ધનાઢ્ય ન બનાવો તેઓ તો વિહાર કરતાં જ ધર્મની રક્ષા કરે છે. બાકી તો જયશ્રીગીરી કે કેશવાનંદ જ મળવાના આશ્ચર્ય ચકીત થવાની જરૂર નથી. રેલ્વે ટીટીને છુકછુક બાબા બનાવનાર આપણે જ છીએ તે ભુલવું ન જોઈએ.. ધર્મ ધર્મ સ્થાનો, ધર્મગુરૂઓ પુજનીય ને પૃથ્વીલોકના રક્ષક છે. તે પણ ભુલવું ન જોઈએ. તેમની ગરીમા જળવાય ને ઠગલને બોધપાઠ તો જ ??

**યશપાલસીંહ ટી.વાઘેલા**

# આંદોલનોનો જડબાતોડ જવાબ આપી ફરીથી ભાજપ સરકાર લાવીએ

## રાધનપુર સાંતલપુરમાં કારોબારી બેઠકમાં મંત્રી દિલીપજી ઠાકોરનો રણટંકાર



કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર અને સાંતલપુર તાલુકા ભાજપની કારોબારી બેઠકો સોમવારે યોજાઈ હતી જેમાં શ્રમ અને રોજગાર વિભાગના કેબિનેટ મંત્રી દિલીપજી ઠાકોરે જણાવ્યું હતું કે વિધાનસભાની ચુંટણીઓ આવી રહી છે. જેને ધ્યાનમાં રાખી અનામત આંદોલનો વ્યસનમુક્તિ આંદોલન અને સમાજવાદનાં આંદોલનો જોર પકડશે પરંતુ આપણે સંગઠીત બનીને આ તમામ આંદોલનોને નેસ્તનાબુદ કરીને ભાજપ સરકારના વિકાસ લક્ષી કાર્યોની માહિતી લોકો સુધી પહોંચાડીને ફરી એકવાર ભાજપની બહુમતી સરકાર લાવવા રણટંકાર કર્યો હતો. દિલીપજી ઠાકોરે વધુમાં જણાવ્યું હતું કે નોટબંધીના કારણે આત-કવાદીઓ, નકસલવાદીઓ અને પાકિસ્તાનના નાણા સળગાવી દેવાનો વારો આવ્યો હતો. એકના વહીવટથી જરૂરી લાભો સાચા ગરીબ સુધી પહોચતા થશે આ પ્રસંગે જિલ્લા ભાજપ મહામંત્રી પ્રવિણભાઈ મહાલક્ષ્મી, ભોજાભાઈ આહિર રામભાઈ આહિર, બાબુભાઈ ચૌધરી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પાટણ જિલ્લાના ૧૦ શિક્ષકો વર્ગ- ૨ માં પસંદગી પામતા સન્માન કરાયું

પાટણ

પાટણ જિલ્લાના ૮ પ્રાથમિક શિક્ષકો અને બે બીટ કેળવણી નિરીક્ષકો ગુજરાત ગૌણ સેવા પસંદગી સમિતિ શિક્ષણ સેવા વર્ગ-૨ માં પસંદગી પામતા પાટણ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. પાટણ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ હંમેશા રચનાત્મક કાર્યો દ્વારા આગવી ઓળખ ઉભી કરતો રહ્યો છે, જિલ્લા શિક્ષક સંઘ દ્વારા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી જે.જી.પંડ્યાની અધ્યક્ષતામાં શિક્ષણ ભવન પાટણ ખાતે સન્માન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી સમિતિ દ્વારા શિક્ષણ સેવા વર્ગ- ૨ માં પોસ્ટીંગ મેળવનાર બે બીટકેળવણી નિરીક્ષક અને ૮ પ્રાથમિક શિક્ષકો શાલ ઓઢાડીને સન્માન કરાયું હતું. આ કાર્યક્રમમાં ડીપીઈઓ પંડ્યા, રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના કાર્યધ્યક્ષ જગદીશભાઈ પટેલ, જિલ્લા સંઘના પ્રમુખ જીતેન્દ્ર પટેલ, મહામંત્રી માનાભાઈ રબારી તથા તાલુકા સંઘના પ્રમુખ- મંત્રી, જિલ્લા પ્રતિનિધિઓ અને શિક્ષકો હાજર રહ્યા હતા.

# સેવાલીયા નજીક સામાન્ય બાબતે મહિલા પર તલવારથી હુમલો

મહેસાણા

વિસનગર તાલુકાના સેવાલીયા ગામની સીમમાં મહિલા ઉપર ઉશ્કેરાઈ ગયેલ ત્રણ શખ્સોએ તલવાર વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી. જયારે મહિલાના પતિને ગડદા પાટુનો માર મારીને જાનથી મારી નાંખવાની ધમકી આપતાં પોલીસમાં ફરિયાદ નોંધાવામાં આવી હતી. જાણવા મુજબ વડનગર ખાતે રહેતા ઠાકોર રાજુજી હેમરાજજીના નાના ભાઈ દેવચંદભાઈની પત્નિ ધુળીબેન તેના પિતાને ત્યાં સેવાલીયા આવ્યા હતા. જ્યાં તેમની નાની દિકરીને દૂધ પીવા માટે ન મળતાં ધુળીબેને રાજુજીને તેડવા માટે બોલાવ્યા હતા. જેના પગલે રાજુજી, તેમના પત્નિ ઈજીબેન તથા માતા કેશીબેન સેવાલીયા તેડવા ગયા હતા. જ્યાં ઉશ્કેરાઈ ગયેલ ઠાકોર પારખાનજી સોવનજી, ઠાકોર અનિલ પારખાનજી અને ઠાકોર જશીબેન પારખાનજી ગાળો બોલવા લાગ્યા હતા. અને પારખાનજીએ તલવાર વડે ઈજીબેનને સામાન્ય ઈજાઓ પહોંચાડી હતી.

# વિવિધ બજાર ભાવ

| | |
|---|---|
| **ડીસા** | |
| એરંડા | ૭૩૧-૭૫૧ |
| રાયડો | ૬૫૧-૬૯૪ |
| મગફળી | ૮૦૦-૯૩૧ |
| બાજરી | ૨૮૦-૨૯૨ |
| ઘઉં | ૩૪૫-૩૮૨ |
| અડદ | ૯૫૧-૧૦૫૧ |
| ગવાર | ૫૯૨-૬૧૦ |
| **વડગામ** | |
| એરંડા | ૭૩૯-૭૪૨ |
| રાયડો | ૫૮૯-૬૩૨૨ |
| બાજરી | ૩૧૫-૩૫૪ |
| ઘઉં | ૩૭૭ |
| અડદ | ૯૨૫ |
| ગવાર | ૫૯૬-૬૦૫ |
| રાજગરો | ૬૬૭-૬૮૧ |
| **ભીલડી** | |
| એરંડા | ૭૪૮-૭૫૫ |
| રાયડો | ૬૫૨ |
| મગફળી | ૭૫૦-૯૦૦ |
| ઘઉં | ૪૯૯ |
| બાજરી | ૨૯૦-૩૦૦ |
| અડદ | ૯૦૦-૯૮૧ |
| ગવાર | ૫૮૫-૬૦૩ |
| કપાસ | ૧૦૭૦-૧૧૧૧ |
| તલ | ૧૧૮૦-૧૨૧૧ |
| રાજગરો | ૭૯૧-૮૨૬ |
| ૨.બાજરી | ૩૦૨-૩૦૯ |
| **લાખણી** | |
| એરંડા | ૭૨૧-૭૪૯ |
| રાયડો | ૬૫૦-૬૫૧ |
| બાજરી | ૩૧૨-૩૧૭ |
| ગવાર | ૫૮૫-૫૯૩ |
| તલ | ૧૦૮૦-૧૨૦૦ |
| રાજગરો | ૭૭૬ |
| કપાસ | ૧૦૭૩ |
| **પાલનપુર** | |
| ઘઉં | ૩૪૫-૪૧૦ |
| બાજરી | ૨૮૫-૩૨૩ |
| એરંડા | ૭૪૦-૭૫૧ |
| જુવાર | ૪૦૦-૫૫૧ |
| મગફળી | ૭૫૧-૮૨૫ |
| રાજગરો | ૭૯૫-૮૨૫ |
| ગવાર | ૫૭૦-૫૯૮ |
| **થરાદ** | |
| એરંડા | ૭૪૦-૭૫૩ |
| રાયડો | ૬૬૦-૬૯૦ |
| જીરૂ | ૩૦૦૦-૩૬૦૦ |
| ઈસ. | ૨૩૩૦-૨૪૦૦ |
| બાજરી | ૨૯૮-૩૪૧ |
| ગવાર | ૫૯૦-૬૦૬ |
| મગફળી | ૭૮૦-૮૧૧ |
| તલ | ૧૧૦૧-૧૧૯૨ |
| મેથી | ૬૦૦-૬૨૫ |
| મગ | ૭૫૦-૮૧૧ |
| બીજડા | ૯૩૧-૯૩૫ |
| **રાહ** | |
| એરંડા | ૭૪૦-૭૪૫ |
| રાયડો | ૬૬૫-૬૭૫ |
| બાજરી | ૩૧૦-૩૨૫ |
| **થરા** | |
| જીરૂ | ૩૦૦૦-૩૩૯૦ |
| એરંડા | ૭૪૨-૭૫૦ |
| તલ | ૧૧૯૬-૧૨૨૦ |
| ઘઉં | ૩૫૦-૩૬૩ |
| અડદ | ૯૧૧-૯૯૨ |
| ગવાર | ૫૭૨-૫૯૧ |
| જુવાર | ૪૮૦-૪૯૨ |
| **ધાનેરા** | |
| બાજરી | ૨૯૬-૩૧૮ |
| મગ | ૯૫૧ |
| એરંડા | ૭૦૦-૭૪૯ |
| રાયડો | ૬૪૧-૬૮૯ |
| મગફળી | ૬૧૧-૮૬૫ |
| બીજડા | ૧૨૫૦ |
| તલ | ૧૦૫૨-૧૨૭૦ |
| જીરૂ | ૩૩૧૧ |
| ગવાર | ૫૭૦-૬૧૭ |
| મેથી | ૫૮૧-૬૧૫ |
| સુવા | ૨૦૪૦ |
| રાજગરો | ૮૦૮ |
| **સિદ્ધપુર** | |
| એરંડા | ૭૩૫-૭૫૬ |
| રાયડો | ૫૮૫-૬૮૭ |
| મગ | ૫૧૦ |
| અડદ | ૯૦૦-૧૦૩૭ |
| ગવાર | ૫૯૦-૬૦૬ |
| ઘઉં | ૩૬૧-૪૭૫ |
| ચોળા | ૮૦૧ |
| બાજરી | ૨૨૨-૩૧૨ |
| જુવાર | ૩૭૦-૪૭૫ |
| કપાસ | ૧૦૩૦-૧૧૭૨ |
| **પાટણ** | |
| જીરૂ | ૨૮૪૦-૩૩૯૧ |
| વરી. | ૯૫૦-૧૨૪૧ |
| મેથી | ૫૪૦-૬૧૫ |
| રાયડો | ૬૧૧-૭૦૧ |
| એરંડા | ૭૨૨-૭૬૦ |
| ગવાર | ૫૪૦-૬૦૨ |
| ઘઉં | ૩૪૦-૪૪૦ |
| મગ | ૫૦૦-૭૭૩ |
| મગફળી | ૭૭૬-૭૮૦ |
| બાજરી | ૨૬૮-૩૧૬ |
| બંટી | ૪૦૦-૪૧૯ |
| જવ | ૩૯૧ |
| મગ | ૩૦૦-૬૦૦ |
| રજકા બા. | ૩૦૦-૩૩૧ |
| અડદ | ૯૧૧-૧૦૫૨ |
| તલ | ૧૧૫૦-૧૨૮૦ |
| કપાસ | ૧૦૨૧-૧૧૭૧ |
| જુવાર | ૪૦૦-૪૬૦ |

# બહુચરાજી સોની બજારમાંથી બે ગઠિયા ૩ લાખનું સોનું લઈ ફરાર

બહુચરાજી

બહુચરાજી બસ સ્ટેન્ડ નજીક આવેલા સોની બજારમાં ગત રોજ બપોરે ૧૧.૩૦ થી ૧૨ વાગ્યાના સુમારે એક વેપારીના ત્યાંથી બે ગઠિયાઓ નજર ચૂકવી ૩ લાખની કિંમતના સોનાના દાગીના લઈ ફરાર થઈ ગયા હતા.

વર્ષોથી બહુચરાજી ખાતે રહેતા અને છેલ્લા ૨ વર્ષથી સોના ચાંદીના વેપાર સાથે સંકળાયેલા ૫૫ વર્ષિય રમેશભાઈ પાંડુરંગ પાટીલ શુક્રવારે બપોરે ૧૨ વાગ્યાના સુમારે પોતાની દુકાને બેઠા હતા ત્યારે બે ૪૦ વર્ષિય યુવાનો બુટ્ટી લેવાના બહાને દુકાને ચઢી આવ્યા હતા. ત્યારબાદ બુટ્ટીનો ભાવ કરાવી ૩૪૫૦ રૂપિયા ચૂકવી ઝાંઝર જોવાનું કહેતા દુકાનદાર ઝાંઝરનો ડબ્બો લેવા દુકાનની બીજી બાજુ જતા કાઉન્ટર પર સોનાના ૧૦૦ ગ્રામ જેટલા દાગીનાથી ભરેલો ડબ્બો લઈને ફરાર થઈ ગયા હતા. અચાનક દુકાનદારે બુમાબુમ કરી મૂકતા લોકોનું ટોળું એકઠું થઈ ગયુ હતું. ત્યારે પોલીસને જાણ કરાતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પીએસઆઈ એમ.જે. બારોટના જણાવ્યા પ્રમાણે બે પોલીસની ટીમ બનાવી તપાસ હાથ ધરાઈ હતી. તથા નજીકના સીસીટીવી ફૂટેજના આધારે તપાસ કરી ફરિયાદની કાર્યવાહી હાથ ધરી હતી.

# રાધનપુરના જિલ્લા પંચાયતના સદસ્યની પત્નીના દોરાની તફડંચી

## વરાણા ખોડીયાર માતાના મેળામાં રવિવારે ચોરીની વધુ ઘટનાઓ

પ્રતિનિધિ રાધનપુર

સમી તાલુકાના વરાણા ગામે મહાસુદ એકમથી પુનમ સુધી વર્ષોથી ઐતિહાસિક લોકમેળો યોજાય છે. જયાં દૂર- દૂરથી શ્રદ્ધાળુઓ ઘાણી કરવા આવતા હોય છે. પરંતુ છેલ્લા બે ત્રણ વર્ષથી લોકમેળાની ગીર્દીનો લાભ લઈને ગળામાંથી સોનાના દોરા, પર્સ સહિતની તફડંચીના બનાવો વધી જવા પામ્યા છે. રવિવારે રાધનપુરના જિલ્લા પંચાયતના સદસ્ય જગદીશભાઈ મફાભાઈ રાઠોડ તેમના ધર્મપત્નિ અંજુબેન અને બાળકો સાથે વરાણા ખોડીયાર માતાજીના દર્શને ગયા હતાં. જ્યાં માતાજીના મંદિરના ગર્ભગૃહમાં ધક્કા મુકી દરમ્યાન કોઈ મહિલાઓ દ્વારા અંજુબેનના ગળામાંથી પચાસ હજારની કિંમતનો સોનાનો દોરો તફડાવી ગયા હતાં. આ ઉપરાંત અન્ય મહિલાઓના પાકિટ- પર્સ તફડંચીની પણ ઘટનાઓ બનવા પામી હતી. જગદીશભાઈ રાઠોડના જણાવ્યા મુજબ પોલીસનો બંદોબસ્ત છે.

પરંતુ યોગ્ય રીતે ગોઠવણના અભાવે આવા કિસ્સા બને છે, સમી તાલુકાના બે ગામોના ચોક્કસ કોમના લોકો દ્વારા આવી તફડંચી થાય છે. આ અંગે સમી પોલીસને લેખિત જાણ કરાઈ છે.

# સિધાડાના યુવાનના ત્રણ મહિના પૂર્વે થયેલા અપહરણના બનાવની આખરે ફરિયાદ નોંધાવી

પાટણ

સાંતલપુર તાલુકાના સિધાડા ગામે રહેતા અને આરટીઆઈ એક્ટીવીસ્ટ અસરફઅલી રસુલખાન થેબા (ઉ.વ.૨૭ ) નું ત્રણ માસ અગાઉ અપહરણ કરીને ક્યાંક લઈ જવાતા તે ગુમ હતો, બાદમાં તાજેતરમાં તે રાજસ્થાનના સાંચોરથી અત્યંત ઘાયલ હાલતમાં મળી આવેલ. તે અત્યારે પાટણની ધારપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. તેની સાથે થયેલા કથિત અત્યાચાર અને અપહરણના બનાવ અંગે પોલીસને વારંવાર રજુઆત કરી ફરિયાદ નોંધાવા જણાવાયું છતાં ફરિયાદ નોંધવામાં આવતી ન હોતી.

આખરે બનાવના સાડા ત્રણ મહિને પોલીસે ઈજાગ્રસ્ત અસરફનું નિવેદન લીધું હતું. અને શુક્રવારની મોડી રાત્રે તેની હાલત કથળ્યા બાદ ગામના પાંચ સહિત ૧૫ થી ૨૦ માણસો સામે ગુન્હો નોંધ્યો હતો. આ ફરિયાદમાં અશરફઅલીએ ગામના શાહરૂખખાન ઈકબાલખાન થેબા, સોરાબખાન રહેમાનખાન થેબા, રસુલખાન અબ્બાસખાન થેબા, રમઝાન અસરફખાન થેબા, ઈકબાલ ગુમાલ થેબા અને બીજા ૧૫ જણા સામે એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો. જેમાં તા. ૯/૧૦/૧૬ ના રોજ ઉપરોક્ત ઈસમોએ અશરફઅલીના ઘરે જઈ ગાળો બોલી બંદૂક બતાવી ગાડીમાં અપહરણ કરી ગયા હતાં અને કથિત રીતે માર મારી બેભાન અવસ્થામાં સાંચોર તરફ લઈ જઈ અજાણ્યા વિસ્તારમાં લઈ જઈને છોડી દેવામાં આવેલ.

# શ્રી મોટા બાવન કડવા પાટીદાર સમાજ પ્રગતિ મંડળ, ઉંઝાનો પંચામૃત કાર્યક્રમ યોજાયો



ઉંઝા

શ્રી મોટા બાવન કડવા પાટીદાર સમાજના આશરે ૨૬૪ પરિવારો ઉંઝા ખાતે વસવાટ કરે છે. શ્રી મોટા બાવન કડવા પાટીદાર સમાજ પ્રગતિ મંડળ, ઉંઝા સામાજીક, આર્થિક અને શિક્ષણ ક્ષેત્રે કામગીરી બજાવે છે. પ્રગતિ મંડળની ૨૫ વર્ષની રજત જયંતિ ઉજવણી તા. ૦૫/૦૨/૨૦૧૭ના રોજ વૈજનાથ મહાદેવ, ઉંઝા ખાતે કરવામાં આવી હતી. આ પ્રસંગે બાળકો, યુવાનો, બહેનો અને વડીલોની રમત-ગમત સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા. પ્રગતિ મંડળના પૂર્વ પ્રમુખોની મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. અભ્યાસમાં પ્રથમ ત્રણ ક્રમે આવનાર બાળકોને મહાનુભાવોના હસ્તે ઈનામ આપવામાં આવ્યા હતા. ઉંઝામાં રહેતા પરિવારોની ડીરેકટરીનું મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. સાથે સાથે ઉમા એકેડમી, વિસનગર દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટેના ત્રીજા પુસ્તકનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી મોટા બાવન કડવા પાટીદાર સમાજ પરિવાર ટ્રસ્ટના પ્રમુખશ્રી કેશુભાઈ પટેલ(ગણેશપુરા-પુદગામ)એ જણાવ્યું હતું કે, આપણા સમાજના ૧૮ શહેરોમાં પ્રગતિ મંડળો કાર્યરત છે. અત્યારના યુગમાં સરકારી નોકરી મેળવવા માટે સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરવી જરૂરી છે. સ્પર્ધાત્મક પરીક્ષા માટેની તાલીમ અને માર્ગદર્શન માટે શિબિરો યોજવા આહવાન કર્યું હતું. બાળકોના અભ્યાસ માટે માતા-પિતાએ જાગૃત બનવું પડશે. બાળકો સમાજની સાચી મૂડી છે. સંસ્કારો અને જ્ઞાન હશે એની પાછળ દુનિયા દોડશે.

આ પ્રસંગે પરિવાર ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી મનુભાઈ પટેલ(જાસ્કા)એ જણાવ્યું હતું કે, સમાજની દિકરીઓને ભણાવવામાં આપણે ધ્યાન આપ્યું છે પરંતુ દિકરાઓને ભણાવવામાં આપણે પાછા પડયા છીએ. દિકરીઓનો જન્મદર ઘટી રહયો છે તે માટે ચિંતન કરવું પડશે. તંદુરસ્ત સમાજ માટે આપણે સૌ સાથે મળી બેટી બચાવો ઝુંબેશ ઉપાડવી પડશે. પરિવાર ટ્રસ્ટના સહયોગથી પ્રગતિ મંડળ, વિસનગર દ્વારા સમાજનું સમુહ લગ્ન તા. ૨૮/૧૦/૨૦૧૭ના રોજ વિસનગર મુકામે યોજવામાં આવશે. આ સમુહ લગ્નમાં જોડાવવા શ્રી પટેલે અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે પરિવાર ટ્રસ્ટના ઉપપ્રમુખ એ.કે.પટેલે (કંસારાકુઈ) અનામતમાં પાટીદારોને થયેલ અન્યાય અંગે વિગતવાર માહિતી આપી હતી. પાટીદારોની એકતા મજબુત બને તેવા પ્રયાસો કરવા અનુરોધ કર્યો હતો. ઉમા એકેડમીના વિષ્ણુભાઈ પટેલે(રણછોડપુરા) સરકારી નોકરી માટે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી અંગે માર્ગદર્શન આપ્યું હતું.

સમાજના શ્રી જયંતિભાઈ પટેલ(ગાંધી) મલેકપુર દ્વારા શ્રી મોટા બાવન કડવા પાટીદાર સમાજની ૮૦૦ જેટલી વિધવા બહેનો અને માતાઓને હરદ્વાર ખાતે યોજાનાર કથામાં ભાગ લેવા અને ધાર્મિક પ્રવાસનું આયોજન કરવામાં આવેલ છે. તમામ ખર્ચ શ્રી જયંતિભાઈ પટેલ (ગાંધી) મલેકપુર દ્વારા કરવામાં આવશે. આ પ્રવાસ ઉંઝા રેલ્વે સ્ટેશનથી તા. ૩૦ અને ૩૧ માર્ચ-૨૦૧૭ થી શરૂ થશે. તા. ૯ અને ૧૦ એપ્રિલ-૨૦૧૭ ઉંઝા પરત આવશે.

આ પ્રસંગે સમાજની વિધવા બહેનોને વિનામુલ્યે હરદ્વાર લઈ જનાર દાતાશ્રી જયંતિભાઈ ગાંધીનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમની ભાવનાની કદર કરવામાં આવી હતી. આ પ્રસંગે સમારંભના પ્રમુખપદે શ્રી પ્રહલાદભાઈ પટેલ (રણછોડપુરા), ઉદઘાટક શૈલેષભાઈ પટેલ (ઉનાવા), ઈનામ દાતા ભોળાભાઈ ચોકસી (રણછોડપુરા), મુખ્ય મહેમાનપદે સંજયભાઈ પટેલ (ટુંડાવ), મુકેશભાઈ પટેલ(જાસ્કા), નરેન્દ્રભાઈ પટેલ(ટુંડાવ), અતિથિ વિશેષપદે કનુભાઈ પટેલ(શીહી), વિષ્ણુભાઈ પટેલ(આં-કવી), અશોકભાઈ પટેલ (ઉનાવા)ઉપસ્થિત રહયા હતા. સમાજના જનરલ પ્રગતિ મંડળના પ્રમુખ કાન્તીલાલ પટેલ (રણછોડપુરા), મંત્રી ભીખાભાઈ પટેલ (ઉનાવા), વિવિધ શહેરોના પ્રગતિ મંડળના પ્રમુખ-મંત્રીશ્રીઓ, સમાજના અગ્રણીઓ અને ઉંઝામાં રહેતા તમામ પરિવારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.કાર્યક્રમની શરૂઆતમાં સમાજની બાળાઓએ પ્રાર્થના અને સ્વાગત ગીત રજુ કર્યું હતું. આ પ્રસંગે પરિવાર ટ્રસ્ટના મહામંત્રીશ્રી સોમાભાઈ પટેલ-કાંસા (રાજકમલ બેટરી)એ શાબ્દીક સ્વાગત કર્યું હતું. આભારવિધિશ્રી જયેશભાઈ પટેલે (ઉનાવા) કરી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રગતિ મંડળના પ્રમુખશ્રી દશરથભાઈ પટેલ(ટુંડાવ), મંત્રીશ્રી કનુભાઈ પટેલ(શીહી), ઉપપ્રમુખશ્રી ચેલાભાઈ પટેલ(બોકરવાડા), સહમંત્રી પ્રફુલભાઈ પટેલ (શીહી), ખજાનચી રોહિતભાઈ પટેલ(સુરપુરા) અને કારોબારી સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# હિંમતનગરના ટ્રાવેલ્સ એજન્ટ સાથે રૂા.૪૦ લાખની છેતરપિંડી

હિંમતનગર

હિંમતનગરમાં ટ્રાવેલ એજન્ટનો વ્યવસાય કરતા અને ફોરેન ટીકીટનું બુકીંગ કરાવવા રૂા.૪૦ લાખથી વધુની રકમ આપનાર ટ્રાવેલ્સ એજન્ટ સાથે છેતરપિંડી આચરવામાં આવતા બી-ડીવીઝન પોલીસે મુંબઈ પહોંચી આ ઈસમને ઝડપી પાડી હિંમતનગર લાવી ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

હિંમતનગર ખાતે બ્રોડ વે ટ્રાવેલ્સ એન્ડ કન્સલ્ટન્સીના નામે એર ટીકીટ બુકીંગનો વ્યવસાય કરતા ઈનાયતહુસેન બલોચને ગાંધીનગરના કોબા-કુડાસણ સ્વાગત એપાર્ટમેન્ટમાં રહેતા રાકેશ પુંડરીક શીવપ્રસાદ હાથી પરિચય થયો હતો અને સાઉદી અરેબીયા ઉમરા માટે યાત્રીઓને મક્કા જવાનું હોવાથી ૧૨૮ એર ટીકીટ મેળવવા વાતચીત થઈ હતી.સાઉદીઅરેબીયા ઉમરાની ગૃપ ટીકીટ મેળવવા તા.૨૭ ડીસે.થી તા.૯જાન્યુ. સુધીમાં રૂા.૨૦ લાખ આર.ટી.જી.એસ. તથા ચેક દ્વારા જમા કરાવ્યા હતા. જે પૈકી ૪૦ ટીકીટો તા.૨૦ જાન્યુ. ના રોજ આપી હતી. આ ટીકીટો આપ્યા બાદ તા.૨૫જાન્યુ.ના રોજ તેણે કેન્સલ કરાવી દીધી હતી.

અગાઉ તા.૯ જાન્યુ. તથા તા.૧૦જાન્યુ.ના રોજ રાકેશ પુંડરીક શીવપ્રસાદ હાથીએ ઈનાયતભાઈને ફોન કરીને તેમની પાસે સગવડ ન હોવાનું જણાવી સાઉદીયાની ૪૭ ટીકીટો કઢાવવા રૂા.૨૦ લાખ ૩૭ હજાર ૧૦ દિવસના વાયદા ઉપર હાથ ઉછીના લીધા હતા.

રાકેશ હાથીએ જે ટીકીટો રદ કરાવી હતી તે ટીકીટો લઈ યાત્રીઓને આપવામાં વધારાનો રૂા.૬.૫૦ લાખનો ખર્ચ થયો હતો. ઈનાયતભાઈએ બી-ડીવીઝન પોલીસને ચારેક દિવસ અગાઉ જાણ કરતા લોકેશન શોધી મુંબઈ પહોંચી ઝડપી પાડી બી-ડીવીઝન પોલીસ મથકે રૂા.૪૦ લાખની છેતરપિંડી કરવા અંતર્ગત રાકેશપુંડરીક શીવપ્રસાદ હાથી, શ્રધ્ધાબેન રાકેશપુંડરીક હાથી (બંને ગાંધીનગર) અને મોહમદયુસુફ આખૂનજી (હિંમતનગર) વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# શંખેશ્વર- પ્રવચન શ્રુતતીર્થમાં ગણિપદ પ્રદાન- મોક્ષ માળારોપણ

ડીસા

દિન- પ્રતિદિન જયાંનો મહિમા દેશ- વિદેશમાં ગાજી રહ્યો છે. તેવા શંખેશ્વરના પ્રવેશદ્વાર સમા પ્રવચન શ્રુતતીર્થના આંગણે આયોજિત ૪૭ દિવસીય ઉપધાન તપ માગસર સુદ-૨ તા. ૧ લી ડિસે.થી પ્રારંભાતા ૧૭૫ આસપાસ ભાવિકો જોડાયા હતા. ખૂબ જ ઉલ્લાસ અને અપમૃતપણે સર્વે આરાધકો સાધનામાં લયલીન બન્યા હતા. આયોજક પરિવારોએ ઉદારતાભેર તપસ્વીની ભક્તિ કરી હતી. કેટલાક પુણ્યાત્માઓએ મૂળવિધિએ ઉપધાન સંપન્ન કર્યું હતું. ગતવર્ષે ૪૫ ઉપવાસ સાથે માળ પરિધાન કરનાર કેવલે પાંત્રીશું ૩૫ ઉપવાસથી આરાધ્યું હતું. પંદર જેટલા લોચ કરાવનારા હતા. આમ સુંદરતમ આરાધના પૂર્ણતાના આરે પહોંચતા સમાપન સમારોહનું આયોજન ગોઠવાયું હતું.

સિદ્ધહસ્ત લેખક પૂ.આચાર્ય દેવ શ્રીમદ વિજય પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા તથા પ્રવચનકાર પૂ.આચાર્ય શ્રી યુગચન્દ્રસૂરિજી મહારાજના કૃપાપાત્ર શિષ્ય રત્ન ગુર્વાજ્ઞા પાલન તત્પર પૂ.મુનિ પ્રવર શ્રી મુક્તિશ્રમણ વિજયજી મહારાજના ચાલી રહેલા ભગવતી સૂત્રના યોગોદ્રહનની અનુજ્ઞા સ્વરૂપે ગણિપદ પ્રદાનનો અવસર પણ માળારોપણની સંગાથે ગોઠવાતા આયોજકો- ગુરુભક્તો ઉમંગમાં આવી ગયા. આ ઉભય ઉત્સવને અનુલક્ષીને પોષ વદ-૪- ૫- ૬ તા. ૧૬-૧૭-૧૮ જાન્યુઆરીનો પ્રસંગ નિશ્ચિત થયો. પ્રથમ દિને શ્રી ભગવતી સૂત્ર વંદનાના કાર્યક્રમમાં ભરચક પુષ્પ શણગાર સાથે વિશિષ્ટ અષ્ટ મંગલ, હસ્તિરત્નની રચના ૩૬ દીપક ફળ નૈવેદના માંડલાપૂર્વક સુવર્ણાક્ષરી ભગવતી સૂત્ર આગમની સોનાની- ચાંદીની ૩૬/૩૬ ગીનીથી પૂજા ૩૬૦૦ પુષ્પોથી અર્ચના કરાઈ. દ્વિતીય દીને ઉપધાન તપના સાધકોનું પૌષધવ્રત પૂર્ણ થતા અંતિમ હિતશિક્ષા અપાઈ. ૯-૩૦ કલાકે માળા પરિધાનની ઉછામણી ઉછળતા ઉલ્લાસે શરૂ થતા પ્રથમ માળ મુનિ ગુણના આંકને ઓળંગી ગઈ. ૮૨ માળાના ચડાવા ચડાવા બાદ બપોરે ૨-૩૦ કલાકે નવકાર ધર્મશાળાથી તપસ્વી અને ભગવતી સૂત્રની શોભાયાત્રા શરૂ થઈને દાદાના દરબારે પ્રદક્ષિણા આપી પ્રવચન શ્રુતતીર્થમાં પરત આવી. જેમાં રહાથી, ઈન્દ્ર ધ્વજા, ૧૧ બગી, ૧૫ પ્લોટ, વૈવિધ્ય સભર ત્રણેક રાસમંડળી, શરણાઈની અનેક મંડળી હતી. આજના દિવસે ૩૫૦૦ ઉપરાંત ભાવિકોની આધર્મિક ભક્તિ થઈ. રાતે તપસ્વી તથા આયોજક પરિવારોનું સન્માન થયું.

પોષ વદ-૬ ના પ્રાતઃ કાળે મુનિશ્રીને ભગવતી સૂત્રની અનુજ્ઞાવિધિ થતાં ૯-૦૦ કલાકે સ્ટેજ પર પૂજયોનું પદાર્પણ થયું. ચતુર્મુખ પ્રભુ સન્મુખ વિધાન સંપન્ન થતાં અક્ષતના થાળ ભરીભરીને ભાવિકોએ વધાવ્યા. વર્ધમાન વિદ્યા પટ- નવકારવાળી- જાપ આશન- નામ ઉદ્ઘોષણા- ગુરૂપૂજન- કામળીના ચડાવામાં ઉલ્લાસથી ગુરુભક્તો જોડાયા. તપસ્વીઓ માટે વિશિષ્ટ બેઠક વ્યવસ્થા ગોઠવાઈ. વિજય મુહુર્તે માળારોપણ શરૂ થતાં બરોબર ૩-૦૦ કલાકે સમાપન થયું. ઉપધાન તપમાં મુખ્ય આયોજક કેતનભાઈ કપાસી, આયોજક રેખાબેન રાજુભાઈ લલિતભાઈ પટવા, અશોકભાઈ ભંશાલી, મુક્તિભાઈ મોરખીયાએ લાભ લીધો. નૂતન ગણિવર્યએ પ્રાસંગિક ઉદબોધન કર્યા બાદ હૃદયસ્પર્શી પ્રવચનકારએ સુંદર હિતશિક્ષા ફરમાવી. આજના દિવસે ૪૫૦૦ ઉપરાંત ભાવિકોની ઉપસ્થિતિ રહી. આ પ્રસંગે ગણિવરની પાંચેક રંગોળી આબેહૂબ જોઈ દર્શકો અહોભાવિત બન્યા. પાંચ છોડનું પણ ઉદ્યાપન ગોઠવાયું. સંપૂર્ણ ઉત્સવને દીપાવવા માટે રમેશભાઈ સંઘવી, લલિતભાઈ પટવા, પૂર્ણ પરિવારના તરવરીયા યુવાનો, જયેશવસા રાજ-કોટ, રસિકભાઈ સંઘવી, જૈતિક શાહ વિદ્યાનગર વગેરે અથાક પ્રયત્ન કર્યો. ત્રણે દિવસ પ્રભુજીની ભવ્ય અંગરચના- દીપક રોશની અને અત્યંત વૈવિધ્યસભર પુષ્પોની સંરચના કરાઈ હતી.

# વિજયનગરના કોડીયાવાડામાં ૭ લાખની મત્તાની ઘરફોડ ચોરી

હિંમતનગર

વિજયનગરના કોડીયાવાડામાં ગત સપ્તાહ દરમિયાન એક બંધ મકાનમાં નિશાચરોએ હાથફેરો કરી રૂા.૭ લાખની મત્તાની ચોરી કરી હોવા અંગે ચિઠોડા પોલીસ સ્ટેશનમાં શનિવારે ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વિજયનગરના કોડીયાવાડાના શાંતિલાલ પટેલનું કોડીયાવાડા ખાતેનું મકાન ગત તા.૨૮ જાન્યુ. ૨૦૧૭ થી ૩ ફેબ્રુ.૧૭ સુધી બંધ હતું. આ સમયગાળામાં કોઈપણ સમયે તેમના બંધ મકાનનું તાળુ તોડી તિજોરીમાં મૂકેલ સોનાની ચેઈન ૧૬ ગ્રામની, નેકલેસ (હાર) ૫૦ ગ્રામનો, સોનાની ચેઈન ૭ ગ્રામ, સોનાની ચેઈન ૧૨ ગ્રામ, સોનાનું ડોકીયુ ૧૩ ગ્રામ, સોનાનું મંગળસૂત્ર ૩૦ ગ્રામ, સોનાનું કડુ ૧૦ ગ્રામ, સોનાની બુટ્ટી નવ જોડી આશરે ૭૫ ગ્રામ, સોનાની બંગડી ૫૦ ગ્રામ, સોનાના હાથમાં પહેરવાના પાટલા નંગ-૨ ૪૦ગ્રામ, કાનની બુટ્ટી સાથે પહેરવાની ચેઈન નંગ-૪ ૨૨ગ્રામ, સોનાની ચેઈન ૭ ગ્રામ, સોનાની વીટી ૭ ગ્રામ તથા ચૂનીઓ નંગ-૫ મળી કુલ કિંમત રૂા.૬ લાખ અને ચાંદીના બે જોડ કડા તથા બીજા બે કિલો ચાંદીના દાગીના કિંમત રૂા. ૫૦ હજાર અને રૂા.૪૮ હજાર રોકડા મળી કુલ રૂા.૬૯૮૦૦૦ નીસોના-ચાંદીના દાગીના અને રોકડ રકમની ચોરી થવા અંગે ફરિયાદ નોંધાઈ હતી.

કાંકણોલમાં મકાનમાં જ દુકાન ધરાવતા મનીષભાઈ સોનીને ત્યાં જુબ્બો ઉર્ફે તાલીભ એજાજઅલી સૈયદ ગ્રાહક બનીને આવ્યો હતો

અને સોના-ચાંદીના માદળીયાની ખરીદી કરી સોનાની ચુનીઓ અને સોનાનું પેન્ડન્ટ ખરીદવુ હોવાનું જણાવી બતાવવાનું કહી વેપારીનું ધ્યાન ભટકાવ્યુ હતું અને નજર ચૂકવીને ડ્રોઅરમાંથી સોનાની એક અને ચાંદીની એક એમ બે વીંટી તથા સોનાની ચુની, બુટ્ટીવાળી મળી કુલ કિંમત રૂા.૬૦,૦૦૦ ના સોના-ચાંદીના દાગીના સેરવી લીધા હતા. પરંતુ વેપારીને તરત જ ગંધ આવી જતા પરપ્રાંતીને ઝડપી પાડયો હતો.

# ઊંઝામાં નાના મોટા વેપારીઓ દસ રૂપિયાના ચલણી સિક્કા ન લેતાં શહેરીજનોમાં રોષ

ઊંઝા

વેપારી મથક ઊંઝા શહેરમાં દશ રૂપિયાના ચલણી સિક્કા ચલણમાં માન્ય હોવા છતાં કેટલીક બેંકો સહિત કેટલાક નાના ધંધાર્થીઓ, વેપારીઓ સ્વીકારવાનો ઈન્કાર કરતા હોઈ લોકો મુશ્કેલીમાં મુકાયા છે.

ઊંઝા શહેરમાં છેલ્લા કેટલાક વખતથી દશ રૂપિયાના ચલણી સિક્કા ચલણમાં માન્ય હોવા છતાં બેંકો તેમજ નાના મોટા કેટલાક દુકાનદારો સિક્કા લેવા માટે ઈન્કાર કરી રહ્યા છે. શહેરમાં રાષ્ટ્રિયકૃત તેમજ ખાનગી બેંકોની શાખાઓ આવેલ છે. જે પૈકી મોટાભાગની બેંકો દશના સિક્કા સ્વીકારતી નથી. શહેરમાં એક્સીસ બેંક દ્વારા પણ દશના સિક્કા લેવા માટે ઈન્કાર કરાય છે. શહેરના એક નાગરિકે એક્સીસ બેંકમાં દશના ચલણી સિક્કા જમા કરાવવા માટે જતાં બેંક તરફથી ધરાર ઈન્કાર કરવામાં આવ્યો હોવાનો અહેવાલ મળ્યા છે.

આમ દસ રૂપિયાના ચલણી સિક્કા ચલણમાં માન્ય હોવા છતાં ઈન્કાર કરાતાં લોકો ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે.ખાસ કરીને નાના ધંધાર્થીઓ, દુકાનદારો, દૂધનું વેચાણ કરનારાઓ પાસે આવા સિક્કાનો ભરાવો થઈ ગયો છે. જેથી તેઓ મુંઝવણમાં મુકાયા છે.


Tasty Bhi, Healthy Bhi™
AN ISO 22000:2005 Certified Company | HACCP Certified Company
હાર્દિક શુભેચ્છા
ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક
રખેવાળ
લોકહૈયાનો ધબકાર...
૩૩ માં વર્ષમાં મંગળ પ્રવેશ પ્રસંગે
મેક્સી તરફથી હાર્દિક શુભેચ્છા
મેક્સી™
વેફર્સ | ફ્રાયમ્સ | નમકીન
ખાયા કયા ?
45 થી પણ વધારે પ્રોડક્ટ્સ
૪૫ થી પણ વધુ ઉત્પાદનની વૈવિધ્યપૂર્ણ વિશાળ શ્રેણી તથા સરળ અને વિશ્વસનીય લોજીસ્ટીક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે મેક્સી ફુડ્સ એક મજબૂત સાહસની પ્રતિભા ધરાવે છે. અઢળક માત્રામાં વધતી જતી માંગ અને પરિમાણ દ્વારા મેક્સી આજે એક પ્રખ્યાત ઉત્પાદન કંપની બની રહી છે. મેક્સીના આ આદર્શ ડીલરશીપ નેટવર્કમાં જોડાવા અમે આપને આવકારીએ છીએ. અમે એક મજબૂત વ્યાપારિક સંબંધમાં માનીએ છીએ કે, જેમાં છેવટે અમારા ગ્રાહકોનો લાભ સમાયેલો હોય. અમારા આવા ઉચ્ચ ધ્યેયને કારણે તમે એક વ્યાપારિક ભાગીદાર તરીકે અમારા પર સંપૂર્ણ ભરોસો મૂકી શકશો, તેની અમને ખાતરી છે.
NEW
MACSY
Penny Pasta Manchurian
WAFERS Pani Puri
Mix Kathol
લેસ ઓઈલ, જ્યાદા હેલ્ધી
શુધ્ધ મસાલોડા નેચરલ ટેસ્ટ
નાઈટ્રોજન ટેક્નોલોજીસે પેક્ડ, જો રહે હંમેશા ફ્રેશ
NEW PRODUCT
Bhakharwadi Crispy & Tasty
Sakkarpara Crispy & Sweet
Aloo Sev
Farali Special
Mix Kathol
Family Pack
Upcoming Product
Soya Stick • Chatpuri • Chatpata Moong Jor Papad
ડીલરશીપ પૂછ-પરછ આવકાર્ય : + 91 7575006717
TORNETO FOODS INTERNATIONAL PVT. LTD.
www.macsyfoods.com
sales.macsyfoods@gmail.com
/macsyfoods | macsy_foods
Manufactured & Marketed By : Torneto Foods International Pvt. Ltd.
Block No: 506, At. & Post: Virpur, Himatnagar Idar Highway Road, Ta.: Himatnagar, Dist.: Sabarkantha - 383 001. Gujarat (India)